કુમાર

ચૈત્ર ઓગણીસ સો છ્યાશી

૭૬મો અંક



તરુણોને ટેકે

સંગ્રામકૂચમાં શ્રમિત ગાંધીજી બે કુમાર-સૈનિકોને ટેકે આગળ ધપે છે.
(અને સ્વાતંત્ર્યયુદ્ધમાં પણ એમને દેશના તરુણોનો જ ટેકો છે ને ?)



તંત્રી રવિશંકર રાવળ: **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

ચેતવણી

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨

લેખકો: જેઓને ઉગતી પ્રજા માટે કંઈક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



અમ્મા

[ચિત્રકાર : કનુ દેસાઈ]

'કુમાર' ચૈત્ર ૧૯૮૬ના અંકનું મુખચિત્ર

નવ કહેજો

[દિવ્ય છંદ]

રણવગડા જેણે વીંધ્યા,
વહાલી જેને વનવાટ;
જે મરતાં લગ ઝંખેલો
ઘનઘોર વિજન રઝળાટ;
જે ગગન ચુંબતા ગિરિશૃંગે સુણતો હાકલ અવિરામ,
એ મરદ કાજ કો' નવ કહેજો 'પ્રભુ દે એને વિશ્રામ!'

દમ દમ કર્મે મચી રહેતાં
ઊછળે ઉરમાં ધબકાર,
ભલી એ એની વિશ્રાંતિ,
એ સુખ, જીવન-આધાર.
એ પડે, લડથડે, છતાં ઊઠી ફરી ચડે યુદ્ધ અવિરામ,
એ મરદ કાજ કો' નવ કહેજો 'પ્રભુ દે એને વિશ્રામ!'


જ્યમ શતશત પહાડ-શિખરથી
જળધોધ ઘૂઘવતો જાય,
જ્યમ ખુશખુશાલ કો જોદ્ધો
નિજ અશ્વ નચવતો જાય;
ત્યમ સત્ય તણો શોધક નિજ પંથે ધસે સદા અવિરામ,
એ મરદ કાજ કો' નવ કહેજો 'પ્રભુ દે એને વિશ્રામ!'

ધગધગ ધખતી સહરામાં
એ મહાલે શીતળ સેજ,
ઘન ઘન અંધાર-નિશામાં
ભાળે ભાસ્કરનાં તેજ;
વંટોળ વિષે પણ પામંતો ફૂલદોલ તણા આરામ,
એ મરદ કાજ કો' નવ કહેજો 'પ્રભુ દે એને વિશ્રામ!'

વનવનનાં વદન હસવતી
કો સરિતા ચાલી જાય,
દુર્ગંધ જગતની વહતી
સાગરમાં શાંત સમાય;
સાચા જગસેવકનું જીવન ત્યમ પામે મૌન વિરામ:
એ મરદ કાજ કો' નવ કહેજો 'પ્રભુ દે એને વિશ્રામ!'

ઝવેરચંદ મેઘાણી

[૧૯૨૫માં શ્રી જગદીશચંદ્ર બોઝે આપેલા ભાષણને છેડે એમણે ટાંકેલી અંગ્રેજી પંક્તિઓ પરથી સૂચિત]





નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,
ખબર છે આટલી કે માતની હાકલ પડી છે,
જીવે મા માવડી એ કાજ મરવાની ઘડી છે.

આજ યુદ્ધસંગ્રામનો ઉત્સાહ યુવાનગાત્રમાં છવાઇ રહેલો દેખાય છે. યુવાનો ને વિદ્યાર્થીઓ આજસુધી ઇતિહાસ, નવલકથા, કે વાર્તાઓમાંથી જે વીરોનાં પરાક્રમ સાહસ ને શૌર્યના પ્રસંગો કલ્પી લેતા હતા તેનો સાક્ષાત્કાર આજે પોતાના જીવનમાં કરી લેવાની તક સહેજે સામે આવી ખડી છે. મહાન ત્યાગ અને આત્મભોગની વાતમાં જ કદરદાની કરનારને આજે પોતાનો પૂરો ફાળો આપ્યે જ છૂટકો છે. કઇ પળે અને કયારે એ કરવું પડે તે તો પ્રસંગ નક્કી કરશે, પણ દરેક જણમાં તેને વધાવી લેવાની તનમનાટી અને તૈયારી હશે તો આગળ વધી રહેલા રાષ્ટ્રદળના ભોગ, નિષ્ફળતા કે સફળતાની તુલા વિના પણ ઇતિહાસમાં અમર પંક્તિ પામશે જ. જગતમાં પ્રાપ્તિના ફળ કરતાં યે ઉપાસનાના બળની અસર વધુ ચિરંજીવ નીવડી છે.

દેશના ડાહ્યામાં ડાહ્યા પુરુષોને પણ આજની પરિસ્થિતિમાં સરકારની નીતિથી સંતોષ લેવાનું અશક્ય જણાયું છે, અને થોડા વખત પછી એ નીતિથી જ દેશ ફના થવાનો એમ સ્પષ્ટ જણાવી ચૂકયા છે. એ રીતે કાળના ક્રમે રોગીની જેમ પરવશ પડી મરવા કરતાં વીરની જેમ ધર્મયુદ્ધના રણમેદાનમાં આફત અને મૃત્યુનો સામનો કરનાર ખરો હિસાબ કરે છે એમ કોણ નહિ કબૂલે?

રાષ્ટ્ર પોતાનો પ્રાણ ઝળકાવી શકે છે એ વખતે જ જગતના મહાન નિયમો પ્રગટ થાય છે; ત્યારે જ તેનાં સર્વ દુઃખો અને બંધનો નિવારવાના માર્ગો ઊઘડે છે આટઆટલાં વર્ષોથી દેશને જેની કલ્પના સુદ્ધાં આવવી મુશ્કેલ લાગતી હતી તેવા રાજકીય અને માનસિક પરિવર્તનોનો અજબ પલટો કોઇ અકલ્પ્ય વેગથી આજ દરેક ઝીણી બાબત પરથી આવી ગએલો એકેએક માણસને જણાશે. થોડું ભણેલાં વધુ વાંચવા લાગ્યા છે; નહિ ભણેલા વાંચવાની શક્તિની કદર કરી રહ્યા છે. દેશની ભૂગોળ અને ઇતિહાસ આજ વિદ્યાર્થીના અને લોકોના અભ્યાસમાં નવું ને સાચું સ્થાન તથા કદર પામ્યાં છે

આજની લડત એ ખાલી તમાશો નથી, આજનું વાંચવાનું એ સામાન્ય પ્રકરણ નથી; પણ હવે પછી પ્રજા શી શરતોએ જીવવા તૈયાર છે તેની સક્રિય કહ્યોપણા છે. જેઓ આગળ આવ્યા છે તેમણે તો જીંદગીનો ખરો સરવાળો બાંધી લીધો છે અને પોતાનાં જ્ઞાન અભ્યાસ અને પુરુષાર્થને સાર્થક બનાવ્યાં છે. જેઓ કંઇકે પાછળ છે તેઓ પોતાની નાનીનાની મમતાઓ ને ડરનો ત્યાગ કરી ઉપર આવવા મથી રહ્યા છે.

યુરોપના સ્વતંત્ર મુલકો ખાલી આર્થિક લોભે પરસ્પર બાખડ્યા તેમાં, કાચા કુમળા સત્તરથી પચીસ વર્ષના કઇક જુવાનો અને કુમારોનાં નિર્દોષ લોહીનાં ખાતર થયાં, અને હજુ પણ તે યુદ્ધની ભીષણતા વર્ષો સુધી ભૂલાશે નહિ. છતાં યુરોપના રાજદ્વારીઓ તે યુદ્ધને સ્વતંત્રતા ને સત્યના યુદ્ધના દંભી નામ નીચે ઢાંકી રહ્યા છે. એ યુદ્ધથી ગરીબોનાં દુઃખ ગયાં નથી, એ યુદ્ધથી વિલાસિતા ને દ્રવ્યની સ્પર્ધા ગયાં નથી કે નથી મળી મજૂર ને ખેડુને રાહત.

યુરોપના એ યુદ્ધના મુકાબલે આજે ભારતે જે સાત્વિક સંગ્રામ આદર્યો છે, તેની કિંમત ઇતિહાસવેત્તાઓ ખરેખરી વિચારી શકશે. દરેક યુદ્ધ પછી એકેએક પ્રજા જમીનદોસ્ત બની અનંત પામરતામાં રોળાતી આવી છે. તે બધીના શાપ આજ જગતના વૈભવીઓ ને ઐશ્વર્યમદાંધો ઉપર ઝૂમી રહ્યા છે. ભલે તેમના પક્ષમાં લશ્કરો ને ઝાલિમ શાસકો હોય પણ જગતનો અંતર્નાદ આજે તેમની સામે ઘોર પડકાર કરી રહ્યો છે.

સત્યાગ્રહનો અગ્ર સૈન્યાસી માત્ર ભારત માટે જ નહિ પણ જગત સમસ્ત માટે જે યાતના ઊઠાવી રહ્યો છે એ ઝાલિમોને મન ભલે એક તમાશો હોય, પણ ઇશ્વરી સંકેતમાં તેમની જડ ઉખેડનારો એક મહા પ્રયોગ છે, અને તેની સાધનામાં માનવીમાત્રનાં ચારિત્ર્ય, શક્તિ ને પ્રાણ ઉન્નત થવાનાં એ નક્કી છે. એમાં જ સ્વસ્વાતંત્ર્ય ને સ્વાધીનતાનો સાચો માર્ગ ઊઘડતો દેખાય છે.

વિદ્યાર્થી જગતનો કિરીટ
રોહિત મહેતા

થોડાં વર્ષો પહેલાં શાંત અને ગભરૂ ચહેરાના સુંદર વિદ્યાર્થીને જોઇને કોઇ ન કહી શકે કે તેનામાં હુંમેશ ચલાવનાર એક બહાદુર સરદારનું જિગર છે, થીઓસૉફીના યુવક સંઘના મંત્રી તરીકે ભાઇ રોહિતે સભા ચાલાવવાની કેટલીક તાલીમ મેળવેલી. પણ જાહેરમાં કોઇને તેની ખરી પિછાન થઇ નહોતી. ગુજરાત કૉલેજના પ્રિન્સિપાલની અન્યાયી વર્તણૂક સામે વિદ્યાર્થીઓએ પડકાર કર્યો ત્યારે પોતાની ઉમરથી મોટા અને વિદ્યામાં પણ આગળ વિદ્યાર્થીઓના સમુદાયમાંથી, પોતાના શાણપણ, સ્થિર વિચારો અને સચોટ વકતૃત્વશક્તિ તથા નિયમિત કાર્યપદ્ધતિથી એ રત્ન ઝળકી ઊઠયું અને સૌનું ધ્યાન



ખેંચ્યું. તે દિવસથી વિદ્યાર્થીઆલમનો એ માનીતો નેતા બન્યો. એ આખીયે હિલચાલ દરમ્યાન તેણે મંત્રી તરીકે અવિશ્રાન્તપણે તથા સ્થિર બુદ્ધિથી જહેમત ખેડીને મદદનીશ સલાહમંડળીને એક પ્રૌઢ રૂપને વિચારશીલ આત્માનો ખ્યાલ આપ્યો હતો. તે સમય પછી દરેક પ્રસંગે તેણે પોતાથી બનતી સેવા વિદ્યાર્થીજગતને આપવામાં પાછી પાની કરી નથી. વિદ્યાર્થીઓએ તેને છેલ્લા છાત્ર સંમેલનના પ્રમુખ તરીકે નીમી તેની સેવાની યોગ્ય કદરશનાસી કરી હતી.

યુવક સંઘ તરફથી રાષ્ટ્રીય ચળવળમાં તેણે હમેશાં નીડરપણે ભાગ લીધા કર્યો છે. રાષ્ટ્રયુદ્ધના મંડાણ સાથે તેણે યુવક સંઘ તરફથી ભરતીનું કામ આરંભ્યું અને પહેલા જ મોરચામાં મોખરે રહીને હિંમત, ઉત્સાહ તથા વીરતાથી તેનું પરિણામ સ્વીકારી લીધું છે. ગાંધીજીની યોજના મુજબ બિનજકાતી મીઠું વેચવા તે પોતાની ટુકડી સાથે નીકળતાં સરકારે તેને પાંચ માસની કેદની નવાજેશ કરી છે. તેણે પરીક્ષા, કૉલેજ અને ‘કરીઅર’ની આશાઓને આજે તો લાત મારી દીધી છે અને કુટુંબ તથા ઘરના લ્હાવા પર ઍપરવા બની દેશના પ્રૌઢ અને અનુભવી નેતાઓને માર્ગે પ્રયાણ કર્યું છે. જીવનની આવી ઉજ્જ્વળ શરૂઆત માટે ગુજરાત તેને અભિનંદન આપે એટલાં ઓછાં છે.

‘કુમાર’ના લેખક ડૉ. હરિપ્રસાદને પણ સરકારની જેલનું માન મળી ગયું છે.

ઇન્કિલાબ ઝિન્દાબાદ!

ઇન્કિલાબ ઝિન્દાબાદ! ઇન્કિલાબ ઝિન્દાબાદ! (અમર રહો ક્રાન્તિ!) એ પ્રચંડ ઘોષણાથી પરિષદો, સભાસ્થાનો ને સરઘસો ગાજી ઊઠતાં હતાં. જુવાન ભારત જાગૃત થયું હતું અને યુવક-યુવતીઓનાં અંતર ઊછળીઊછળીને એ ક્રાન્તિનું સ્વાગત કરતાં ઘોર નિનાદ ગજવતાં હતાં. ક્રાન્તિને કાજે મરીમટવાની તમન્નાથી એમનાં દિલ તર હતાં. કોણ એવો અભાગી હતો જે એ ઘોષણાઓમાં શંકા લાવે? કોની મગદૂર હતી કે યુગની એ પ્રચંડ જાગૃતિ અને નિરધારની ઉત્સાહ–છોળોથી અસ્પૃશ્ય રહી શકે? ભારત સ્વતંત્ર બનવાનો જ; કેમકે એ નિરધાર તો જુવાનોનો.

. . .   .

ક્યાં છો આજે, એ ‘ઇન્કિલાબ ઝિન્દાબાદ’ અને ‘આઝાદી’ની રણઘોષણા કરનારાં જુવાન નરનારીઓ? ક્યાં છો તમે? એ દિલેર ગર્જનાઓ તમારી શું પોકળ હતી? તમારી નામર્દાઇ છુપાવવાનો એ દંભી સાયો હતો શું? રણજંગ આજ તમારી સામે ખડો થયો છે; દેશનો ઝંડો તમને સાદ કરી રહ્યો છે; આઝાદી ખુદ તમારી રાહ જોતી ખડી છે. હજી ગઇ કાલે જ એને પડખે રહી ઘોષણા ગજવનારા ઓ જુવાનો, આજ આવે વખતે શું તમારા પગ ખચકે છે? માની મુક્તિ કરતાં પરીક્ષાના ઓરડા ને ઘરના છાંયા તમને શું વધુ પ્યારા છે?

તમારા દેશ અને દેશબાંધવોને છૂંદી નાખનાર એ વિશાળ સામ્રાજ્યની સામે જે ઘડીએ તમારા ચુનંદા ને દિલેર બિરાદરો આવો કીર્તિવંતો જંગ માંડી રહ્યા છે તે ટાણે તમે શું દૂર રહી ટગરટગર તમાશો જોયા કરવાના છો? માતૃભૂમિ જ્યારે ગુલામીની જંજીરોમાં પીડાય છે અને કરોડો દેશબાંધવોને ખાવાના વાખા છે એ વખતે તમારી એ પોકળ ડિગ્રીઓ અને તુચ્છ ટુકડાબુકડા તમને જીવાડી દેવાના છે? હિંદુસ્તાન મુઆ પછી જીવીને શું કરવું છે? અને હિંદુસ્તાન જીવશે તો પછી મરવાનું કોણ છે?—**જવાહરલાલ નેહરૂ**

શહીદોનો ઉરસ

શહાદત અજબ કીમિયો છે. એના સ્પર્શે નમાલા નરપુંગવ ગણાયા છે, નરપુંગવો દેવપદ પામી પૂજાયા છે. જે ધરતી પર શહીદોનાં ખૂન રેડાય છે તે ધરતીમાં ડગ ભરતાં ગમે તેવા સંગદિલ ઝાલિમનાં ગાત્ર પણ કંપવા લાગે છે. પરાધીન પ્રજા એવા શહીદોની યાદ તાજી રાખવા વરસોવરસ ઉરસ ઊજવે છે, અને આજ નહિ તો એક કાળે, અમે નહિ તો અમારી ઓલાદ પણ, ઝાલિમો સાથે હિસાબની ચોખવટ કરશે એવી આશા અખંડ જાળવે છે. છઠ્ઠી એપ્રિલે હિંદનો પ્રાંતેપ્રાંત શહીદોનો આવો ઉરસ ઊજવે છે. પણ આ સાલનો ઉરસ તો અજબ રીતે ઊજવાયો. છઠ્ઠી એપ્રિલે હિંદના સ્વાતંત્ર્યવિગ્રહનો આરંભ થયો ને હિંદભરમાં સબરસ સંગ્રામ શરૂ થયો. પંડિત મદનમોહન માલવીય સમા ધીર રાજધુરંધરે પણ હિંદમાં રાજ્યપલટાની અગત્ય સ્વીકારી અને તેણે તથા એના તેજસ્વી ભેરૂઓએ બ્રિટિશ સરકારની સાથે અસહકાર કર્યો. પંડિત મોતીલાલ નેહરૂએ આર્યોને પ્રિય એવું અનિકેતન વ્રત સ્વીકાર્યું અને પોતાના આલીશાં મહેલ ‘આનંદભુવન’ની આઝાદ હિંદને ભેટ કરી. આ પ્રમાણે મવાલો જહાલ બને આજન્મ વિલાસી ફકીરી લે અને આબાલવૃદ્ધ નરનારમાં સરફરોશીની તમન્ના જાગે, એ શહીદોએ રચેલા વાતાવરણનો પરચો છે એમ સૌકોઈ સ્વીકારશે. માનવસ્વભાવનાં સનાતન તત્ત્વોને ય અજબ પલટો આપી શકે એવી શહાદતની મગદૂર છે, તો પછી આવા અસંખ્ય શહીદોની કુરબાનીથી વિશ્વસત્તા આગળ પરપોટા સમી બ્રિટિશ સલ્તનતનું શું ગજું? (સૌ. મિ.)



આપણે ગયા અંકમાં જોયું તે પ્રમાણે નરસિંહભાઈએ કમાવાની શરૂઆત શિક્ષકના ધંધાથી કરેલી. સને ૧૮૯૬માં દ્વારકામાં, '૯૭માં મહેસાણામાં અને આખરે '૯૮માં પાદરામાં શિક્ષક તરીકે સ્થાયી થયા. આટલી ઉમરે અને આવા ધંધામાં સતત રહેવા છતાં તેમના સહજ તોફાની સ્વભાવમાં બીલકુલ ફેર પડેલો નહિ. હવેનાં તોફાનમાં બુદ્ધિ અને અનુભવનો ઠીકઠીક પ્રમાણમાં વધારો થયો હતો.

પાદરાની નિશાળમાં હતા. શિયાળાની કડકડતી ઠંડીમાં પણ નિશાળનું વખતપત્રક ઉનાળા પ્રમાણે જ હતું. દિવસ મોડો ઊગે તોપણ શનિવારે સવારે ચાલુ વખતપત્રક પ્રમાણે જ સહુએ આવવું પડતું. એક શનિવારે સવારે વખતસર ચાર જ વિદ્યાર્થીઓ અને નરસિંહભાઇ નિશાળે આવેલા. સહેજ અજવાળું થતાં તેમણે વર્ગ લેવો શરૂ કર્યો. મુખ્ય શિક્ષક ઠંડીને લીધે વખતસર ન આવતાં મોડા આવેલા. તેમણે ઘડિયાળ અરધો કલાક પાછું ફેરવી નાખ્યું અને શાળાનો ટાઇમ અરધો કલાક મોડો કર્યાની તે જ દિવસે નોટિસ ફેરવી. આમ એક કલાકનો ફેર ભાંગ્યો. નરસિંહભાઇએ તો એક કલાક મુખ્ય શિક્ષકના કરતાં વહેલો વર્ગ શરૂ કરેલો, તેથી નિયત કરેલા કલાક કામ લઇને વર્ગને છોડી મૂક્યો. મુખ્ય શિક્ષક ગુસ્સે થયા. એણે શિસ્તના ભંગ બદલ તેમને બોલાવીને ઠપકો આપવા સિપાઇને પાછળ દોડાવ્યો. તેને માર્ગમાં જ સીધો ને સ્પષ્ટ જવાબ આપ્યો: 'કહેજે એમને કે આજની

ચોકડી ખોદી રહ્યા. હવે એ અમારા હેડ માસ્તર નહિ.'

વર્ગના વિદ્યાર્થીઓને પણ ભણાવી મૂકેલા એટલે બધા ક્યારના ચે ઘર તરફ ચાલી નીકળેલા. સોમવારે મુખ્ય શિક્ષકે ડિરેક્ટરને લખવાની ધમકી આપી ત્યારે પણ જવાબ વાળ્યો કે 'સારા માણસ હશે તો પૂછ્યા સિવાય કંઇ નહિ કરે.' વાત ત્યાંથી જ પતી ગઇ!

૧૮૯૯માં વડોદરામાં બદલી થએલી. ત્યાં પણ મુખ્ય શિક્ષક કડક મિજાજના હતા. લડાઇનો પ્રસંગ તો ઉત્પન્ન થએલો, પણ નરસિંહભાઈ જાણીબૂજીને તેમ કરવા પ્રેરાએલા નહિ. તેઓ ત્યાંના 'મિત્રમંડળ'માં મંત્રી હતા. મંડળની પરિષદને પ્રસંગે એક શનિવારે તેમને રજા પર જવું હતું. શુક્રવારે સાંજે મુખ્ય શિક્ષક પાસે રજા માગી. ના પાડી. એટલે કૅઝ્યુઅલ રજા માગી. તેની પણ ના. પછી કપાતે પગારે રજા માગી. તોપણ જ્યારે નકાર મળ્યો ત્યારે 'ગેરહાજરી પૂરજો કે ડિરેક્ટરને ડિસમિસ કરવાનું કહેજો' એમ કહીને શનિવારે ગેરહાજર રહીને મંત્રીપણાની ફરજ અદા કરી. સોમવારે જ્યારે નિશાળે ગયા ત્યારે મુખ્ય શિક્ષકે આવું કરવા બદલ 'બચુને શિખામણ આપતા હોય તેમ' વાત કરીને ત્યાંથી જ વાત અટકાવી.

૧૯૦૨–૦૩ થી ૧૯૦૫ના જુલાઇ સુધી તેઓ વડોદરા કૉલેજમાં ગ્રંથપાલ તરીકે રહ્યા. અહીં તેઓ બીજા લાયબ્રેરીઅનોની પેઠે પુસ્તકોનાં રજિસ્ટરમાં યંત્રવત્ ગૂંથાએલા રહી બાકીનો સમય બગાસાં ખાવામાં ગુમાવતા નહિ. તેમણે વાચન પુષ્કળ વધારી મૂક્યું અને ઘણાખરા વિષયોમાં સારો એવો ચંચુપ્રવેશ પણ કરી લીધો. અહીં જ ક્રાન્તિના વિચારોને અનુષંગી ને પોષક વાચનનો ભંડાર લાધ્યો. કેટલાક વિષયોનો તો ખાસ અભ્યાસ પણ કરેલો. અત્યારે તો જોકે, જાણે એમને વાચનનો થાક ચડ્યો હોય તેમ, એ વાંચવાની ભલામણ કોઇને કરતા નથી! અતિવાચન થયું હોય તો, અથવા તો સ્વતંત્રરીતે વિચારાય તેટલા પૂરતો વાચન-ખોરાક મળી રહ્યા હોય તો જ આવો વૈરાગ્ય ઉત્પન્ન થાય. તેમનો વૈરાગ્ય બીજા

પ્રકારનો છે. કૉલેજમાં એક અધ્યાપકને કંઇક સંબંધ—referenceની જરૂર પડતાં તે પુસ્તકાલયમાં શોધવા આવેલા, પણ જડે નહિ. ગ્રંથપાલને પૂછયું. તરત જ સંબંધદર્શક પુસ્તક બતાવ્યું એટલુંજ નહિ પણ વધારેમાં બીજો પણ પ્રમાણભૂત આધાર બતાવ્યો. અહીં રહોરહે જ ડાર્વિનનાં પુસ્તકોનો અભ્યાસ કરી નરસિંહભાઇ નાસ્તિક બન્યા.

૧૯૦૫માં તે નિશાળોના ઉપ-નિરીક્ષક નીમાયા અને તેમની બદલી મહેસાણા થઇ. તે વખતે વડોદરા રાજ્યમાં ખાસીરાવ જાધવ સુબા તરીકે હતા. તે સુબા સરકાર અને પ્રજા બંનેને વફાદાર હતા. તલાટીને પણ ચાબુકનો પ્રયોગ કરી સીધો રાખતા. એક વખત એક વહીવટદારની વિરૂદ્ધ કોઇ ઢેડ અરજી કરી કે 'છોકરો અપંગ હોવાથી નિશાળે નથી જતો. તે બદલ મને દાબ દઇને દંડ વસુલ કર્યો.' નરસિંહભાઈને ત્યાં તપાસ કરવા જવાનો હુકમ થયો. મુખી મારફતે ત્યાં જઇને તપાસ કરી. છોકરો આંધળો યે નહોતો ને બહેરો પણ નહોતો. વાત એમ બનેલી કે અભણ ઢેડ અરજી લખાવતી વખતે બીજા માણસ સાથે જે વાતો કરતો હતો તે વાતો અરજી લખનારે અરજીમાં લખી દાબેલી! હકીકત પ્રમાણે રિપોર્ટ ખાસીરાવને આપતાં તેમણે પૂછયું: 'ઢેડ લોકોને ખોટી અરજી કરવાનું કાંઈ કારણ હશે ખરૂં?'

'ત્યારે તમે એમ માનો છો કે મને ખોટો રિપોર્ટ લખવાનું કંઇ કારણ હશે?' તરત જ જવાબ આપ્યો.

એ વખતે તો અરજી ફાઇલે મૂકાઇ, પણ સુબાના મનમાં ખટકો રહી ગયો. તેને ઉપરનો જવાબ અપમાનભર્યો લાગ્યો. તેણે નાયબ સુબાને વાત પણ કરી. તેણે તેમને નરસિંહભાઈના સ્વભાવનો પરિચય આપ્યો. પછી તો સુબાનો વિશ્વાસ એમનામાં દિનપ્રતિદિન વધવા લાગ્યો. તે એટલે સુધી વૃદ્ધિ પામ્યો કે ઘણી વખત તેમને રાત્રે ખાનગી કામ સુપરત કરવા પોતાને બંગલે બોલાવતો.

સારી નિષ્ઠાવાળાને કાયદો કદી બંધનકર્તા નથી. સુબા તરીકે ખાસીરાવ પોતાની હકુમત બરાબર ચલાવતા, પણ પોતાના અખત્યાર બહારની વાત પણ જો સમાજનો શ્રેયસ્કર નીવડે એમ લાગે તો અમલમાં

નરસિંહભાઇ

[ગયા અંકને અનુસંધાને]

મૂકવા ચૂકતા નહિ. પોતાના પરગજુ સ્વભાવને લઇને તેમણે એક બાળાને (જેનો વિવાહ કોઈ રોગી માણસ સાથે થએલો અને જ્ઞાતિના કુટિલ બંધનોને પરિણામે ફેરવી શકાય તેમ ન હતો) તેનો ભવ સુધારવા સારી જગ્યાએ તેને મનગમતો પતિ મેળવી આપવા સારૂ અથાગ મહેનત ઉઠાવેલી. એ કાર્યના પહેલેથી છેલ્લે સુધીના સાથી નરસિંહભાઇ હતા. ધારેલા મનોરથની સિદ્ધિ સાથે તેમણે શાંતિનો શ્વાસ લીધો. સુબાનું સત્યપાલન પણ કડક હતું. એક વખત પોતાનો પુત્ર જૂઠું બોલેલો તેને કારણે રિવોલ્વર લઇને પાછળ પડેલો.

એક સમયે ભમરિયું મધ ઊડયું. નાસાનાસ થવા લાગી. જેને જ્યાં ફાવ્યું ત્યાં ભરાઈ ગયા. પણ એક માણસ ભમરીઓનો ભોગ થઇ પડ્યો. તેની પાસે કોણ જાય? કોઈની હિંમત ન ચાલી. તે માણસ ગભરાટ ને દુઃખનો માર્યો ભાગાભાગ કરવા લાગ્યો, પણ અંતે ભમરીઓના સખત ડંખથી પડ્યો. ખબર પડતાં નરસિંહભાઇએ પોતાનું બરાબર રક્ષણ કરીને તેને છોડવ્યો. તેના એક કાનમાંથી અગિયાર અને બીજામાંથી સોળ ભમરીઓ નીકળી! આ વાત સરકારદરબારે ગઈ. નરસિંહભાઇનું નામ 'રેડ ટેપ'ના માનવંત લિસ્ટમાં આવવા નક્કી થયું. પણ પવન અવળો ફૂંકાયો. જેને સ્વાતંત્ર્ય એ જ મુક્તિ લાગે તેને આવા પરાક્રમને નામે વફાદારીના પટા ન મળે એમ જ ભાવિના ગર્ભમાં નિર્માએલું હશે, કેમકે તે માન મળે તે પહેલાં તો તેમને 'વગર ભાડાની કોટડી'ના મહેમાન થવું પડ્યું.

નાનપણનાં ધીંગાણાં હવે રહ્યાં ન હતાં. ક્રાન્તિ સચોટ રીતે દેશભરમાં શી રીતે ફેલાવાય એની તાલીમ ગદ્ધાપચ્ચીશીમાં આડકતરી રીતે મળી ગઇ હતી. જે નરસિંહભાઇ તે વખતે તોફાનોમાં માનતા તે હજુ પણ છોકરાંઓને લાગુ પાડી લખે છે કે 'બધાં જ

બાળકો નિશાળનું ભણતર ભણે એમ આપણે તો ઘણું યે ઇચ્છીએ, પણ વિધાતા એવું નક્કી કરીને બધાને મોકલતો નથી. આપણે ત્યાં માત્ર ગોરાડુ અને કાળી એમ બે જ પ્રકારની માટી છે, પણ એને ત્યાં તો એટલા પ્રકારની વિવિધ માટી છે કે કોઈ બે બાળક એક જાતનાં જન્મે જ નહિ ને! સૌની રુચિ જુદીજુદી! છત્રપતિ શિવાજી મહારાજને આપણી નિશાળમાં ઘાલ્યા હોત તો વખતે રત્નાગિરિમાં કારકુન હોત કે નાસિકમાં મહેતાજી હોત. પણ એમને સારે નસીબે દાદાજી કોંડદેવ જેવા ગુરુ મળ્યા અને તેથી દિલ્હીની બાદશાહીનું મોં ઊઘડાવીને એના દાંત ગણે એવા પાક્યા.'

તેમના ક્રાન્તિ વિષેના વિચારો આ બધા અનુભવ અને વાચન પછી પરિપક્વ થતા આવતા હતા. હવે તે વિચારોએ લેખન દ્વારા જ્વાળા પ્રગટાવી. ૧૯૦૮માં તેમણે 'શિક્ષક' નામનું માસિક કાઢવા માંડ્યું. તેમાં શિક્ષણના વિષયો ચર્ચતાં-ચર્ચતાં શાળામાં બળવાનું શિક્ષણ પસારવાનું કામ પણ કરતા. અંગ્રેજી રાજ્યની નિશાળોના અધિકારીઓને, તે માસિક ન લેવાનો સર્ક્યુલર કાઢવાનું તો ઇષ્ટ ન લાગ્યું એટલે નિશાળેનિશાળે જાતે ફરીને તેઓ શિક્ષકોને તે માસિક ન લેવાનું કહેતા! પણ છતાં 'શિક્ષક' તો પોતાનું શિક્ષણ પ્રસારતું જ રહ્યું.

કામ રાગે પડતું ગયું એમ તમના વધતી ગઈ. હવે નોકરી છોડી પ્રેસ કાઢવાનો તેમનો સંકલ્પ થયો, પણ ખાસીરાવના આગ્રહથી નોકરી ન છોડી. પ્રથમ પોતાના ભાઈને નામે અને પછી પ્રેસના કારીગરોને નામે પ્રેસ ચલાવવા માંડ્યું અને ત્યાં ક્રાન્તિકારી સાહિત્ય છપાવા લાગ્યું. આ કાર્ય તેમણે તીવ્ર સહૃદયતાથી અને બધાં પરિણામના સંપૂર્ણ જ્ઞાન સાથે, અવિચળ રહેવાની દૃઢ સંકલ્પથી જ શરૂ કરેલું. શ્રી અરવિંદ ઘોષનું ભાષણ એમને ત્યાં છાપવા માટે ગાયકવાડ સરકારે કાયદાની બારીકીનો લાભ લઈ એમના પર કેસ માંડ્યો પણ પાછળથી ખેંચી લીધો.

તે પછી પેલી એમની સુવિખ્યાત 'વનસ્પતિની દવાઓ' નામની ચોપડી પ્રસિદ્ધ કરી. આજે તો હવે સૌ જાણે છે કે બારીન્દ્ર ઘોષના પુસ્તકના એ અનુવાદમાં વનસ્પતિની નહિ પણ બૉમ્બ બનાવવાની 'દવાઓ' આપેલી હતી! તે સમયે રાજકારણની પરિસ્થિતિ અત્યારના જેવી ન હતી. તે વખતમાં તો આવાં કાર્ય કરનારને માથે હરહંમેશ સરકારી પ્રચંડ ખોફની તલવાર કાચે ધાગે બાંધેલી લટકતી રહેતી. આ પુસ્તક જ્યારેત્યારે પણ પકડાવાનું એ તો નક્કી હતું, એટલે એમણે બીજી પણ યુક્તિ કરી. અંદરનું પુસ્તક એનું એ જ, પણ તેનાં આઠ જાતનાં જુદાંજુદાં નામ ધરાવતાં પૂઠાં તૈયાર કર્યાં! તેમાં પ્રકાશક, મુદ્રક, લેખક વગેરેનાં નામઠામ પણ પદ્ધતિસર જુદાંજુદાં જ કરી નાખવામાં આવેલાં. દાખલા તરીકે (૧) 'વનસ્પતિની દવાઓ' લેખક—યોગાનન્દ (૨) 'આશાતના' (જૈન શબ્દ—જેનો અર્થ પાપ થાય છે) લેખક—મુનિ .... (૩) કંઈક ઇસ્લામી નામ મૂકેલું (અત્યારે) યાદ નથી. લેખક-ઇમામબક્ષ વગેરે. અને એ દરેક પુસ્તકમાં પ્રેસનું નામ પણ જૈન, મુસલમાન વગેરે નામો પ્રમાણે ફરતું રહેતું! આ પુસ્તકો પ્રચાર માટે જ છાપવામાં આવેલાં. અંદર બૉમ્બ વગેરે બનાવવાના રાસાયણિક પ્રયોગો આપવામાં આવતા. 'યોગાનન્દ' નામ સરકારની જાણમાં આ-



જુવાની

શિયાળો આવ્યો ને ગયો:
શિયાળે ટાઢ ન પડે તો કોણ કહેશે કે
એ શિયાળો?
ઉનાળો આવ્યો છે ને જવાનો:
ઉનાળામાં ગરમી ન પડે તો કોણ કહેશે કે
એ ઉનાળો?
ચોમાસું આવશે ને જશે:
ચોમાસે વરસાદ ન પડે તો કોણ કહેશે કે
એ ચોમાસું?
જુવાની આવી ને જશે:
જુવાનીમાં સાહસ ને વીરતાનાં કામ નહિ કરીએ
તો કોણ કહેશે કે એ જુવાની?

ગિજુભાઈ

વતાં એક વખત 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય 'વાળા સ્વામી અખંડાનંદજીની જપ્તી લેવામાં આવી હતી !

વળી આ પુસ્તકો એક સ્થળેથી બીજે સ્થળે પહોંચાડવાની પણ યુક્તિપ્રયુક્તિપૂર્વક સંપૂર્ણ કાળજી રાખેલી કે જેથી કોઇને રજમાત્ર સંશય ન આવે. કોઇ પુસ્તક મૂળ ગામેથી તો પોસ્ટ કરે જ નહિ; તેમજ બીજા કોઇ એકના એક જ ગામેથી પણ નહિ. દરેક પુસ્તક રવાના કરવાનું સ્થળ જુદું જ રહેતું, અને તે સ્થળો પણ સદા ફરતાં રહેતાં. ગામેગામના સાથીઓ તે કામ બજાવતા. આ રીતિએ 'વનસ્પતિની દવાઓ'નો ખૂબ પ્રચાર કરેલો. તે સમયના તેમના એક સાથી તે 'ડુંગળી ચોર.' તેમનો પરિચય સરદાર વલ્લભભાઇએ એક સભામાં આપેલો કે, 'આ લાગે છે તો એક જડ જેવો માણસ, પણ તે ખેતીવાડીનો ગ્રૅજ્યુએટ છે ને તમને (શ્રોતાવર્ગ જેમાં મુખ્ય ભાગે છાત્રો હતા) ખ્યાલે ય નહિ હોય ત્યારે તે 'વનસ્પતિની દવાઓ' શી રીતે બનાવાય તેમાં મગજ પરોવતો હતો!'

પણ આ 'વૈદરાજ' નરસિંહભાઇ માત્ર 'વનસ્પતિની દવાઓ' જ નહોતા લખતા; સાથેસાથે બીજું વિપ્લવવાદી સાહિત્ય પણ રચાતું જતું હતું.

૧૯૦૫માં તેઓ ગ્રંથપાલ હતા ત્યારે એમનું સુવિખ્યાત 'ગૅરીબાલ્ડી' નું પુસ્તક લખાયું. ૧૯૦૯માં મહેસાણે 'ગાર્ફીલ્ડ' લખ્યું અને 'મૅઝિની' લખવાનું કાર્ય તેઓ જ્યારે નોકરી પ્રસંગે ફરવા નીકળતા ત્યારે જે વખત બચત મળતો તેમાં કરી નાખતા. 'ગૅરીબાલ્ડી' અને 'ગાર્ફીલ્ડ' (હાલ તે ઉપરથી નવું છપાયું છે) બંને જપ્ત તો થયા છેક ૧૯૧૨માં. રાજદ્રોહનો કેસ તો તેમના ઉપર તે પહેલાં ચાલી ગએલો, અને આ પુસ્તકો જપ્ત થયાની ખબર તો તેમને પૉંડિચેરીમાં પડેલી. તે બંને પુસ્તકો, તેમાંના વિષયને કારણે નહિ પરંતુ નરસિંહભાઇ સજા પામેલા માણસ અને તેમણે એ લખેલાં માટે જપ્ત થએલાં ! શું સરકારી તર્કશાસ્ત્ર ! 'ગૅરીબાલ્ડી 'ની નોંધ લેતાં 'ગુજરાતી' પત્રે લખેલું કે 'મૅઝિની' પણ ઉપરોક્ત લેખકને હાથે લખાવા દેવું જોઇએ. પણ એમણે તો 'મૅઝિની'યે પૂરૂં કરેલું; પરંતુ પકડાપકડીની ધમાલ એવી હતી કે તે વખતે એમાં એવી કેટકેટલી હસ્તલિખિત ને બીજી સંગ્રહ કરેલી વસ્તુઓ અગ્નિને સમર્પિત થઇ ગએલી !

ઘણી વખત એમ બને છે કે વર્તમાન બનાવની કોઇ ચાલુ તિથિ અને તેના જેવા જ બનાવની કોઇ ભૂતપૂર્વ તિથિ બંને અગમ્યરીતે એક જ આવી જાય છે. આને વિષે પણ એમ જ બનેલું. ૧૯૧૧ના ઑગસ્ટની ૧૬મી તારીખે તેઓ પકડાએલા. તે દિવસે હિંદુ તિથિ જન્માષ્ટમીની હતી. ગોકુળઅષ્ટમીની સાથે ઘણેઅંશે કારાગૃહ સંકળાએલું છે. વિચિત્ર ઘટના છે કે તે પકડાયા, કેસ ચાલ્યો, જેલમાં ગયા કે છૂટયા, એવા અનેક પ્રસંગોમાં ઘણાખરા ગુરુવાર જ હતા !

અત્યંત ચોકસાઇ અને કાળજી રાખવા છતાં પણ 'વનસ્પતિની દવાઓ' છેવટે છતી થઇ અને નરસિંહભાઇની ધરપકડ થઇ. અંગ્રેજી કોર્ટે તેમને તા.૨૨-૬-'૧૨ ના રોજ બે માસની સખત મજૂરીની સજા કરી. તેમને ડુંગરીની જેલમાં લઈ જવામાં આવ્યા. પહેલી જ રાત હતી અને સાથી તરીકે એક પઠાણ સૈનિક હતો. તેના ઉપર તેની ટુકડીના બીજા કાબુલીએ પૂનામાં અમાનુષિક વર્તન ચલાવવાનો પ્રયત્ન કરેલો, જેથી ક્રુદ્ધ થઈ તેણે એને ખુદાના દરબારમાં મોકલ્યો હતો. નરસિંહભાઇ ને એ બંને એક

એક અભિલાષ

[વસંતતિલકા]

'ખોટું, અયોગ્ય કદી કાંઇ કર્યું નથી મેં,
કર્તવ્ય એક પણ તેમ તજ્યું નથી મેં.'
છે ધન્ય, જે હૃદય એમ કહી શકે છે,
કર્તવ્યનિષ્ઠ રહી શાન્ત મરી શકે છે.

આલસ્યમાં સમય વ્યર્થ સરી જશો મા,
એકે પ્રયત્ન અવિશુદ્ધ પથે થશો મા,
સત્-પ્રાપ્ત-કાર્ય ન કરેલ રહી જશો મા,
કર્તવ્યભ્રષ્ટ મન આ કદી યે હશો મા.

કર્તવ્યમાં કઠિનતા કદી ભાસશો મા,
અંધત્વ, થાક, અબલત્વ વિશેષશો મા,
હૈયું હતાશ ભય-વિઘ્ન વડે થશો મા,
આશા પ્રભુશરણની અળગી જશો મા.

વિજયશંકર કાનજી પટ્ટણી

જ ઓરડીમાં બંને એકલા, રાત્રિનો સમય અને સોબતી મગજની દાંડી ગુમાવી બેઠેલો, તેથી નરસિંહભાઇને તેની ધાસ્તી લાગી. છેવટે તેને શાંત કરવા, કે તે બીજા વિચારમાં એવો ઓતપ્રોત થાય કે જેથી હાનિકર્તા ન નીવડે એટલા માટે, તેનાં સગાસંબંધીઓ વિષે પૂછ-પરછ શરૂ કરી. વાત પરથી જાણ્યું કે તેને મા છે, એટલે પ્રશ્ન કર્યો કે 'ભાઇ, તારી મા અત્યારે જાણે કે તારી આ સ્થિતિ છે તો તેને શું થાય?' બસ, એટલું જ સાંભળતાં પઠાણ એકદમ રોઇ પડયો. નરસિંહભાઇએ તેનું માથું ખોળામાં લઇ માથે હાથ ફેરવી સાંત્વન આપ્યું. ધીરેધીરે પેલો શાંત થયો. આમ નિર્ભય બન્યા, માતાનો પ્રેમ ભલભલા ખનીનાં હૃદય પીગળાવે છે! એ તર્ક દોડાવીને.

તે પછી એ જ 'વનસ્પતિની દવાઓ' માટે વડોદરા રાજ્ય તરફથી કેસ ચાલ્યો. તેમાંથી તો સૌ આરોપી મુક્ત થયા, પણ ત્યાર પછી ત્રણેક માસે દિલ્હી દરબારમાં સર સયાજીરાવે બાદશાહ જ્યૉર્જને સલામ કરવામાં ભૂલ કરેલી તેને બીજે જ દિવસે વડોદરામાં આવીને તેમણે તેમને સજા ફરમાવી: પાંચ વર્ષની હદનિકાલ અને ૩૦૦ રૂપિયા દંડ; ને દંડ ન આપે તો એક વર્ષની વધુ સજા.

સજા પૂરી થઇ. વડોદરા રાજ્યની હદમાં તો હવે રહેવાય નહિ; અંગ્રેજ સરકાર પણ ફરી આ નામચીન માણસ માટે આગળ શાં પગલાં લે એ પણ નક્કી ન હતું એટલે તેમણે સરળ ને સલામતભર્યો માર્ગ લેવાનું નક્કી કર્યું. મુંબાઇની જેલમાંથી છૂટીને તરત સંતાતા છુપાતા તે ફ્રેન્ચ લોકોના સંસ્થાન પૉંડિચેરીમાં ઊતર્યા. તેમનો રાતદિવસનો સાથી દમ હતો. એ રોગે તેમને ખૂબ તાવી કાઢેલા. રસ્તામાં ધર્મશાળામાં મુકામ રહેતો.



વસંતઋતુમાં

ખુશનુમા હવાનો અનુભવ કરવો.
ગરમીનું પ્રમાણ કેમ વધતું જાય છે તે જોવું.
સવારે ગુલાબી ઊંઘ કેવી મીઠી લાગે છે તેનો પ્રયોગ કરી જોવો.
ઊગતી સવારે આમતેમ ઊડતી ફુલચકલીઓ, દેવ ચકલીઓ, લેલાં, કાગડા, હોલા, કબુતર વગેરે પક્ષીઓને જોવાં.
આંબાનો મોર સુંઘવો અને ખાવો.
સૂર્યોદયની શોભા જોવી.
સ્વચ્છ આકાશમાં દેખાતા તારા અને ચંદ્રને નિહાળવા.
ફૂલોની સુવાસ લેવી.
ભ્રમરા અને પતંગિયાંને ઊડતાં ભાળવાં.
વસંતઋતુ આવી ગઇ છે આ બધું વસંતમાં જોજો.

સાથે એક સ્ટવ રાખેલો. સ્વયંપાકી થયા સિવાય તો છૂટકો જ ન હતો. દમને લીધે એક ટંક જ જમતા. રાત્રે દમ ચઢતો ત્યારે બે ત્રણ કલાક લાગલાગટ ફડાંભેર ઊભે પગે બેસી રહેવું પડતું; કારણકે ઝાડો અને કફ બંને એકી સાથે શરૂ થતાં! જ્યારે તે બંધ પડે ત્યારે વાસણ, ટબ વગેરે માંજીને સૂઈ જતા. આમ કેટલી યે રાત્રિઓ પસાર કરી.

એક વખત ગજવામાં બીજા દિવસના ટંકની ખર્ચી માટે ફક્ત બેઆની જ રહેલી. જોગજોગે અચાનક સંધ્યાકાળે તે પણ ગજવામાંથી પડી ગઇ ને બહુ શોધતાં છતાં જડી નહિ. આ વખતે તેમને અત્યંત લાગી આવ્યું; જીવન ઉપરથી મોહ જતો રહ્યો; જીવન અકારૂં લાગ્યું. પણ અંતર્ગત ક્રાન્તિકારક વિચારોને પરિણામે જન્મથી દઢતા, ધીરજ ને સાહસની પ્રકૃતિએ ફરી ઊછાળો માર્યો. આ તો વિષાદ હતો. અંદરથી આવાં કષ્ટ સહન કરવાને કૃતનિશ્ચય થયાની પ્રતિજ્ઞા યાદ દેવડાવી. વિચાર આવ્યો કે આના કરતાં તો કૈંક પ્રચંડ વાવાઝોડાં ને ઝંઝાવાત પસાર થયા છે અને આવી નાનકડી બાબત મન ઉપર આટલી બધી અસર કરે? તરત જ એ મુખ ઉપરથી દિલગીરીની છાયા ખસી ગઈ અને દઢ નિશ્ચયી યુવાનને છાજે એવી હાસ્યલહરી રમી રહી. આમ કષ્ટમાં આઠ માસ વીત્યા પણ હમેશાં 'નિજાનન્દ' સ્વરૂપે જ રહેતા.

મુંબાઇના રંગના વહેપારી તુલસીદાસ તેજપાળના રંગની પેઢી પૉંડિચેરીમાં હતી. તેના એજંટ તરીકે એક સુરતી લાલા ત્યાં આવેલા. તેમને 'દેશ' સાંભર્યો. પણ પેઢી ઉપર કોઇ કામકરનાર જોઇએ. તેણે નરસિંહભાઇને શોધી કાઢયા. ગુજરાતી ભાષામાં તેમજ કામકાજ કરવામાં પાવરધા જાણીને તેમને પોતાની



કુમાર : ચૈત્ર '૮૬

સ્વાતંત્ર્ય-સંગ્રામને પંથે

ફોટો : બલવંત

ભારતના મુક્તિસંગ્રામ માટેની **મહાત્મા ગાંધીજીની** ૧૨મી માર્ચની યાદગાર કૂચ



જૂના ગુજરાતી ઘરની જાળી

[પાટણ]

ત્રણ ફૂટ ઊંચા ને પોણા ત્રણ ફૂટ પહોળા આ લાકડાના ચોકઠા પર ગુજરાતની સંસ્કૃતિની સંપૂર્ણ છાપ છે. જ્યાંજ્યાં નિત્ય-વ્યવહાર ત્યાંત્યાં સૌંદર્યયોજના હોવી જ જોઇએ એવી સમજ આપણા દેશના વતનીઓમાં સહજ ઊગેલી જણાય છે. યૂરોપના કળાશાસ્ત્રીઓ ભાષણો તથા લેખો દ્વારા utility and beautyનો સાથ—વપરાશની ચીજોમાં સુંદરતાનો સાથ રાખવાની ચાલુ મથામણ કરી રહ્યા છે, ત્યારે આપણા દેશના સંસ્કારમાં તો ઘર, વાસણ કે વસ્ત્ર કશું યે એ સિદ્ધાંતથી લેશમાત્ર વિખૂટું નથી બન્યું. છતાં શોકની હકીકત છે કે આવીઆવી સૌંદર્યજડિત વસ્તુઓ તેના જ વારસદારોને હાથે આજ ઢેડવાડે વેચાય છે, ને ત્યાંથી મુંબાઇના ચબરાક જરીપુરાણા માલના વેપારીઓ ઉઠાવી જઇને તે યૂરોપનાં મ્યૂઝિયમોને ભારે મૂલ્યે વેચી મારે છે અને ભારતને વધુ કંગાલ બનાવે છે. મિસ્ત્રીઓ, સલાટો અને કારીગરો પણ આ અપહરણમાં પૂરા ભાગીદાર બની તેમના પૂર્વજોની કૃતિઓ પર કટાક્ષથી જુએ છે, અને તેની ખૂબી સમજવાની કે તેની સારી નકલ કરવાની વાત તો રહી, પણ તેને બદલે યૂરોપના ઊતરેલા આકારો ઘરની બાંધણીમાં, બારીઓમાં અને ગોખમાં ઠોકી બેસાડે છે. આ બારી ખરેખર પાટણના ઢેડવાડામાંથી મળી આવી છે. રસવૃત્તિવાળી આંખને તેનો મોહક ઉઠાવ, તેની બારીક કારીગરી પર લેવાએલી જહેમત ને તેના ભાગેભાગમાંથી બોલતું સૌંદર્ય સમજાવવાં પડે તેમ નથી.

જગ્યાએ મૂકવાની ઇચ્છા દર્શાવી. નરસિંહભાઇને પોતાને તો કંઇ વાંધો ન હતો, પણ શેઠને કે કોઇને ઠગવા તો નહિ જ એ ઇરાદે રહેવા અગાઉ પોતાની ભૂતપૂર્વ કારકિર્દિનો ઇતિહાસ અથથી ઇતિ સુધી કહ્યો અને શેઠને લખી પણ જણાવ્યો. તે જાણ્યા છતાં શેઠે તેમની નિમણૂકનો હુકમ આપ્યો. ત્યા સવા બે માસ નોકરી કરી ત્યાં તો સરકારી પંજાનો ઓળો ઊતર્યો. મુંબાઇની પોલીસની શેઠ ઉપરની ભલામણને લીધે તેમને છૂટા થવું પડયું!

હવે તેમણે આફ્રિકા તરફ નજર દોડાવી. તે માટે ઍટલાસ અને બીજાં પુસ્તકો મેળવી આફ્રિકાની ભૌગોલિક પરિસ્થિતિથી સંપૂર્ણ વાકેફગાર થયા. છેવટે ત્યાંથી તા. ૪-૩-૧૩ને રોજ ફ્રેંચ સ્ટીમર દ્વારા આફ્રિકા જવા નીકળ્યા અને એડનને સામે કાંઠે આવેલું જબુતી (સોમાલીલૅન્ડનું) જે આબીસીનિયામાં જવાનું ફ્રેંચ કૉલોનીનું બંદર છે ત્યાં ઊતર્યા. ત્યાંથી બીજી પાછી ફરતી સ્ટીમરમાં એમણે મોમ્બાસા જવાનો ઇરાદો રાખેલો. પણ દરમ્યાન દમનું જોર પુષ્કળ વધી ગયું. મૃત્યુ હાથવેંતમાં દેખાવા લાગ્યું. જબુતીમાં એક વણિકને ત્યાં તેમણે ઉતારો કરેલો. દમનું જોર શાંત થયું; પણ ચાર અઠવાડિયાં રોકાવું પડયું. અંતે એપ્રિલ આખરે ત્યાંથી ઊપડી સીધા મોમ્બાસા આવ્યા. પહોંચીને તરત કુટુંબને ત્યાં તેડાવી લીધું.

મુઆન્ઝા પૂર્વ આફ્રિકામાં વિકટોરિયા ન્યાંઝા સરોવરના દક્ષિણ કાંઠે આવેલું છે. મોમ્બાસાથી તે આશરે ૮૦૦ માઇલ થાય. ૧૯૧૪માં મહાન જગત-યુદ્ધ શરૂ થયું તે વખતે તે જર્મન સરકારને તાબે હતું. સરોવરનો ઉત્તરનો અરધો ભાગ અંગ્રેજોને અને દક્ષિણનો અરધો ભાગ જર્મનોને તાબે હતો. તેમજ સરોવરથી સમુદ્ર સુધી અંગ્રેજ હદ ને જર્મન હદ મળેલી હતી. સમુદ્રકાંઠે અંગ્રેજોનું મુખ્ય શહેર મોમ્બાસા અને જર્મનોનું મુખ્ય શહેર દારેસલામ. મોમ્બાસામાં હજી તે હરીફાઇ થયા ન થયા ત્યાં તો પૂરી બ્રિટિશ રાજ્યનો પંજો તેમની પાછળ પહોંચ્યો અને તેમને મોમ્બાસાથી ખસીને મુઆન્ઝા જવું પડયું. મુઆન્ઝા પહોંચ્યા ત્યાં યુરોપિય વિગ્રહ શરૂ થયો. પહેલાં તો સૌગો લડાઈ શરૂ થઇ છે એવી ગપ જ આવી જાણી.

પણ પાછળથી તે વાત સાચી નીવડી.

આ દરમ્યાન તેમના વિચારોમાં પરિવર્તન થવા માંડયું. ટૉલ્સ્ટૉયનાં પુસ્તકો હાથ ચડયાં અને તેના વાચને તેમના હિંસક વિચારોને નરમ પાડયા. ત્યાંથી તેમને ગાંધીજી પ્રત્યે પણ પ્રેમ અને આદરભાવ ઉત્પન્ન થયાં અને એ વખતે જ એમનું માનવું એવું થએલું કે એ એકલો જ પુરુષ છે જે હિંદને આઝાદી અપાવી શકે.

આફ્રિકાના વસવાટ દરમ્યાનનાં તેમના જીવનનાં પાસાં બહુ વિવિધરંગી અને રસભર્યાં છે. મહાયુદ્ધ શરૂ થયું એટલે બહારના જગત સાથેનો સંબંધ તો તૂટી ગયો. વેપાર પણ મંદ પડયો અને વેપારીઓએ નોકરોને રજા આપવા માંડી. તેમને પણ રજા મળી. ઘેર બેઠા. કુટુંબમાં પત્ની, બે પુત્રીઓ અને પોતે એમ ચાર જણ હતાં ને પાંચમો વિગ્રહને લીધે જ નિરાધાર થઇ પડેલો એક મહેમાન આવીને રહેલો! પાંચ જણનાં પેટ ભરવાની ચિંતા અને કમાણી કશી નહિ. પાસે હતું તે કરકસરથી ચલાવવા માંડયું.

ઘરમાં રહેલી તુવરની દાળ ખૂટી ગઈ. તુવર ત્યાં થતી ન હતી અને હિંદુસ્તાનથી તો આયાત બંધ થઈ હતી. બજારમાં પણ તુવર ન મળે. ત્યાંની પેદાશ મગ એટલે એ ઘણા જ સસ્તા થઇ ગએલા; પણ તેમની દીકરીઓને મગની દાળ બીલકુલ ન ભાવે. નરસિંહભાઇનો સંતાનપ્રેમ અજબ છે. અંતે રસ્તો કાઢયો. ત્યાંના બાન્ટુ લોક જંગલમાં પોતાની ઝુંપડીઓ પાસે શાક જોગા તુવરના છોડ વાવતા અને બજારમાં લીલી શીંગો વેચી આવતા. નરસિંહભાઇ સવારે વહેલા નીકળે અને એ ઝુંપડીઓ આગળ ફરી વળી તેમને શીંગો સુકવવાનું કહે ને બહાનામાં પૈસા આપતા આવે. સુકાએલી શીંગો સાથે લાવે. અગિયારેક વાગ્યે અચ્છેરેક તુવરની દાળ થાય એટલી શીંગો લઇને તે ભૂખ્યા તરસ્યા ઘેર આવતા. બીજે દિવસે એ તુવરની દાળ થાય અને સૌ વખાણીને આનંદથી ખાય. શી લહેજત! મહેનત અને સંતોષમાં સુખ તે આનું નામ. આવો નિત્યક્રમ બેએક માસ ચાલ્યો. તે દરમ્યાન તો દીકરીઓ મગની દાળ ખાતી થઇ ગઇ!

કામધંધો મળે નહિ. થોડાંઘણાં પુસ્તકો હતાં તે

(અનુસંધાન આગળ પાન ૧૪૪મે)

ભારત-સ્વાતંત્ર્યના ઉ:ષકાલ સૂચક હૃદયપલટાની વાર્તા

સરઘસ

લેખકઃ વિખ્યાત હિંદી વાર્તાનવેશ શ્રી

પૂર્ણ સ્વરાજ દિન ઊજવનારૂં સરઘસ નીકળ્યું હતું. સંખ્યાબંધ જુવાનો, કેટલાક વૃદ્ધ અને કેંક બાળકો હાથમાં નાનામોટા રાષ્ટ્રધ્વજ લઇ સ્વાતંત્ર્યગીત ગાતા અને વંદેમાતરમના પોકારો કરતા મુખ્ય બજારમાંથી નીકળ્યા. બંને તરફ પ્રેક્ષકોની ગીચ ઠઠ દીવાલની માફક જામી પડી હતી. એમને મન કેમ જાણે આ ટોળા જોડે કાંઇ લાગતુંવળગતું ન હોય, અને એમનું કામ આ જાણે કોઇ તમાશો હોય તેમ કુતૂહલથી ઊભાઊભા જોવાનું જ માત્ર હોય!

શંભુએ દુકાનના પાટિયા પર જરા આગળ આવી પોતાના પડોશી દયાળને કહ્યું, 'બ... હા હાથે કરીને મોતના મોંમાં હાથ નાખે છે. આગળ ઘોડેસવારોની ટુકડી મારીમારીને હાંકી મૂકવાની છે.'

દયાળે કહ્યું, 'મહાત્માજીનું પણ ખસી ગયું લાગે છે. એમ સરઘસ કાઢવાથી સ્વરાજ મળનાં હોત તો તો ક્યારનું મળી ગયું હોત. અને સરઘસમાં છે કોણ તે જોયું? લોંડા-લફંગા ને લડવા બવા. શહેરનો કોઇ મોટો માણસ જોયો?'

સપાટ અને સ્લિપરોનો ફેરિયો મકુ ગળામાં પોતાના માલની માળાઓ ભરાવીને પડખે ઊભો હતો. તે આ બંને વેપારીઓની વાતચીત સાંભળીને હસ્યો.

'કેમ હસ્યો મકુ?' શંભુએ પૂછ્યું.

'તમે કહ્યું ને કે સરઘસમાં કોઇ મોટો માણસ નથી તેથી. મોટા માણસો આ સરઘસમા શાના આવે? એમને આ રાજમાં શી કમીના છે? મહેલ–બંગલામાં રહે છે, મોટરોમાં ફરે છે, સાહેબલોકો જોડે પાર્ટીઓ ને મિજબાનીઓ ઉડાવે છે; એમને શી તકલિફ છે? મુઆ તો અમારા જેવા પડ્યા છે જેને ટંકના રોટલા-નાં પણ ઠેકાણાં નથી. અત્યારે તો કોઇ ટેનિસ રમતા હશે, કોઈ ચાહ પીતા હશે, કોઇ ગ્રામોફોન વગાડી મોજ માણતા હશે, કોઇ બાગમાં ફરવા નીકળ્યા હશે: અહીં પોલીસના કોયડા ખાવા આવે? તમે પણ ઠીક લાગો છો!'

શંભુ આ સાંભળીને બોલ્યો, 'તને એટલી પણ ગમ નથી પડતી મકુ, કે જે કામમાં ચાર આબરૂદાર માણસ આગેવાન થાય તેની સરકાર ઉપર પણ છાપ પડે? આ લોંડા–લફંગાનાં ટોળાંની શી અસર થવાની હતી?'

મકુએ તેના તરફ એક એવી નજર ફેંકી જે કહી રહી હતી કે ગમ પડવાનો ઇજારો તમે એકલાએ નથી રાખ્યો. પછી ધીમે રહીને બોલ્યો, 'એ મોટા માણસોને પણ આપણે જ મોટા બનાવીએ છીએ કે બીજું કોઇ? અને બગાડીએ છીએ પણ આપણે જ ના?' જેનો કોઇ ભાવ સરખો નહોતું પૂછતું તે આજે મોટા માણસ બની મોટરો દોડાવે છે અને આપણને નીચા સમજી ધુત્કારે છે. આપણા લોકોની એ જ ખૂબી છે કે જરાક ચડતી થઇ કે આંખ ફરી. અમારો મોટો માણસ તો એ છે જે આજ લંગોટીભેર અને અડવાણે પગે નીકળી પડ્યો છે; જે અમારી આ દશા મિટાવવા પોતાનો જીવ હથેળીમાં લઇને ફરે છે. બીજા કોઇ મોટા માણસની અમને પરવા નથી પડી. ખરૂં પૂછો તો એ મોટા માણસોએ જ અમારૂં નખ્ખોદ વાળ્યું છે. સરકારે એમને કોઈ સરસ જગ્યા કે ઇલ્કાબ આપી દીધો, બસ એમનું પેટ ભરાઇ ગયું.'

દયાળ બોલ્યો, 'નવો ફોજદાર ભારે જલ્લાદ છે. બજારચોકમાં પહોંચતાં તો હંટર લઇને ફરી વળશે. પછી જોજો સૌ કેવા દુમ દબાવીને ભાગે છે તે.'

સ્વાધીનતાની તમન્નામાં તર થએલું સરઘસ બજાર-ચોકમા પહોચ્યું. સામે જ સવારો અને સિપાઇઓની એક ટુકડી રસ્તો રોકીને ઊભી હતી.

તરત ફોજદાર વીરભદ્ર ઘોડો ધપાવી સરઘસની સામે આવી ઊભો ને બોલ્યો, 'તમને આગળ વધ-વાનો હુકમ નથી.'

સરઘસના વૃદ્ધ નેતા ઇબ્રાહીમઅલી આગળ આવીને બોલ્યા, 'હું આપને બાંહેધરી આપું છું કે કોઈ પણ જાતનો દગો-ફિસાદ નહિ થાય. અમે દુકાનો લૂટવા કે મોટરો તોડવા નથી નીકળ્યા. અમારો હેતુ એથી ઉચ્ચ છે.'

'પણ' વીરભદ્રે કહ્યું, 'મને હુકમ છે કે સરઘસ અહીંથી આગળ જવા ન પામે.'

ઇબ્રાહીમે વિનયથી પૂછ્યું, 'આપ આપના અમ-લદારોને જરા ફરી પૂછી ન લો?'

'મને એવી કોઇ જરૂરત નથી જણાતી.'

'તો પછી અમે અહીં જ બેઠા છીએ. આપ

સૌ ચાલ્યા જશો ત્યારે અમે આગળ જઈશું.'

'અહીં ઊભા રહેવાનો પણ હુકમ નથી. તમારે પાછા જ જવું પડશે.'

'પાછા તો અમે હરગીઝ નહિ ફરીએ.' ઇબ્રાહીમઅલીએ મક્કમ ગંભીરતાથી કહ્યું, 'આપને કે કોઈને પણ અમને આમ રોકવાનો કોઈ અધિકાર નથી. આપ જો આપના સવારો, સંગીનો અને બંદૂકોના બળ પર અમને રોકવા માગતા હો તો રોકો; પણ અમને પાછા તો નહિ જ ફેરવી શકો. કોણ જાણે ક્યારે એવો શુભ અવસર આવશે, જ્યારે અમારા ભાઈઓ, દેશને ગુલામીની જંજીરોમાં જકડી રાખનારા આવા હુકમોનો સાફ ઈન્કાર કરતા થશે.'

વીરભદ્ર ગ્રૅજ્યુએટ હતો. એના પિતા ડેપ્યુટી પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ હતા. એને રૂંએરૂંએ રૂઆબ ભર્યો હતો. કડક નિયમપાલન કરનાર તરીકે તેની નામના હતી. અમલદારો આગળ એનું ભારે માન હતું. વાને ખાસ્સો ગોરો, આસમાની આંખો ને ભુરા વાળવાળો તેજસ્વી જુવાન હતો. પોતે કોટ પૅન્ટ પહેરી માથે હૅટ ચડાવતો ત્યારે ઘડીભર પોતે પણ ભૂલી જતો કે હું પણ અહીંનો જ વતની છું. ક્વચિત્ એ ગુમાનમાં કદાચ પોતાને રાજકર્તા જાતિનું અંગ સમજવા લાગી જતો. ઇબ્રાહીમનાં મર્મવચન સાંભળી થોડી વાર તો એ શરમિંદો થઈ ગયો. પણ મામલો બારીક હતો. સરઘસને જવા દે તો અમલદારો પોતાનો ખુલાસો માગે; અહીં ઊભા રહેવા દે તો કોણ જાણે ક્યાં સુધી આ મક્કમ લોકો ઊભા જ રહે. આ મૂંઝવણમાં પડ્યો હતો ત્યાં એણે ડી. એસ. પી. (ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ)ને મોટરમાં આવતો જોયો. હવે વિચાર કરવાનો વખત નહોતો. પોતાની નિમકહલાલી બતા-



ા. ઓરડામાં ખાટલા ઉપર એ વૃદ્ધ ઓરત બેઠી હતી. જેના પતિએ આજ સ્વાધીનતાની વેદિ પર પોતાના જીવનનું બલિદાન દીધું હતું. તેની સામે આંસુભરી આંખે એક યુવાન ઊભોઊભો કંઈક વાત કરતો હતો.

પ્રેમચંદજી

વવાનો ઠીક મોકો હતો. કમરેથી બૅટન (દંડો) ખેંચી એણે સરઘસ પર ધસારો કરવા ઘોડાને એડ મારી. એનું જોઇને બીજા સવારોએ પણ સરઘસ પર ધસારો કરવો શરૂ કર્યો.

ઇબ્રાહીમ બરાબર ફોજદારના ઘોડાની સામે જ ઊભો હતો. તેના માથાપર દંડાનો એક ફટકો એવો જોરથી પડ્યો કે તેની આંખો તરી ગઇ. ચક્કર આવતાં તે ઊભો ન રહી શક્યો. માથું પકડીને બેસી પડ્યો. એ જ વખતે ફોજદારના ઘોડાએ બંને પગ ઉછાળ્યા અને જમીન પર બેઠેલો ઇબ્રાહીમ એની બંને ટાપ નીચે આવી ગયો.

સરઘસ આખું હજી શાંત જ ઊભું હતું. ઇબ્રાહીમને પડતો જોઇ કેટલાક લોકો તેને ઉપાડી લેવા તલપ્યા, પણ કોઇ આગળ વધી ન શક્યા. સવારોના દંડા નિર્દયપણે પડતા હતા. લોકો એ દંડાના ઘા પોતાના હાથ પર ઝીલી લઇને અવિચલપણે ઊભા હતા. તેમને ખ્યાલ આવ્યો કે શહેરનાં લાખો માણસોની નજર અમારી તરફ તાકી રહી છે. અહીંથી ધ્વજ લઇને પાછા ફરીશું તો પછી કયું મો લઇને આઝાદીનું નામ લઇશું? પણ પ્રાણરક્ષાને કાજે ભાગવાનું તો કોઇને પણ ધ્યાનમાં નહોતું આવતું. આ કંઈ પેટના પૂજારીઓ કે ભાડુતી ટટ્ટુઓ નહોતા. એ તો સ્વાધીનતાના સાચા સ્વયંસેવકોનું, આઝાદીનાં દીવાનાઓનું સંગઠિત દળ હતું. પોતાની જુમ્મેદારી તેઓ બરાબર સમજતા હતા. કેટલાયનાં માથાંમાંથી લોહીની ધાર વહેતી હતી, કેકના હાથ જખમી થયા હતા. એક હલ્લો માત્ર કરે તો તેઓ એ સવારોની હારને ચીરી શકે તેમ હતું: પણ પગમાં બેડી પડી હતી,—સિદ્ધાન્તની, ધર્મની, આદર્શની.

દસબાર મિનિટ સુધી આમ દંડાની રમઝટ ચાલુ જ રહી, અને સરઘસ તે શાંતિથી ખમતું ઊભું રહ્યું.

ક્ષણવારમાં તો આ મારઝૂડના ખબર શહેર આખામાં પ્રસરી ગયા: 'ઇબ્રાહીમઅલી કચરાઇને જમીનદોસ્ત થઇ ગયા છે; કૈંક આદમી જખમી થયા છે; કેકના હાથ તૂટી ગયા છે; પણ કોઇ નથી પાછું ફરતું, નથી પોલીસ તેમને આગળ વધવા દેતી.'

મકુ ઉત્તેજિત થઇ ઊઠ્યો: 'આગળ્યાગ્યા તો ભાઇ હવે અહીં ઊભા નહિ રહેવાય: હું તો આ ચાલ્યો.'

'અમે પણ આવીએ છીએ, ચાલ: જોયું જશે.' દયાળ બોલ્યો.

શંભુ એક મિનિટ ચૂપચાપ ઊભો રહ્યો. એકાએક તેણે પણ દુકાન વધાવી લીધી અને બોલ્યો, 'એક દિવસ આમે ય મરવું તો છે જ. થવાનું હશે તે થશે. એ લોકો પણ સૌ આપણ બધાને માટે જ જાન કાઢી રહ્યા છે ને?' જોતજોતાંમાં તો ભડોભડ દુકાનો બંધ થવા લાગી. દસ મિનિટ પહેલાં જેઓ ઊભાઊભા તમાશો જોતા હતા તે ચોમેરથી દોડી આવ્યા અને હજારો માણસોનું એક વિરાટ ટોળું બજારચોક તરફ ધસ્યું. એ તો હતું ઉન્મત્ત, હિંસામદથી ભરેલું ટોળું, જેને નહોતી સિદ્ધાન્તની પરવા કે નહોતી કોઇ આદર્શની પડી. એ મરવાને જ નહિ પરંતુ મારવાને પણ તૈયાર હતા. કેટલાકના હાથમાં લાઠીઓ હતી; કેટલાકની ઝોળીમાં પત્થર ભર્યા હતા. નહોતું કોઇ કોઇને પૂછતું કે ગાછતું. બસ, સૌ પોતપોતાના મનમાં આવ્યું તેમ ઊપડી ચાલ્યું હતું. આ દળને દૂરથી આવતું જોતાં જ સવારોમાં હીલચાલ મચી પડી. વીરભદ્રના મોં પર હવાઇઓ ઊડવા લાગી. ડી. એસ. પી.એ પોતાની મોટર આગળ ધપાવી. શાંતિ અને અહિંસાના વ્રતધારીઓ પર દંડા વરસાવવા એ એક વાત હતી; આવા એક ઉન્મત્ત ટોળાની સામે મુકાબલો કરવો એ જુદી જ વાત હતી. સવારો અને સિપાહીઓ પાછા હઠી ગયા.

ઇબ્રાહીમની પીઠ પર ઘોડાની ટાપ વાગી હતી. અચેત થઇ તે જમીન પર પડ્યો હતો. આ ટોળાનો ખળભળાટ સાંભળતાં આપોઆપ તેની આંખો ઊઘડી ગઇ. એક યુવકને ઇશારતથી પાસે બોલાવી પૂછ્યું, 'કેમ કૈલાસ, શહેરમાંથી લોકોનું ટોળું આવે છે શું?'

કૈલાસે એ ધપતા આવતા માનવ મહાસાગર સામે નજર કરી કહ્યું, 'જી હા; હજારો માણસો છે.'

'તો હવે અહીં રોકાવું ઠીક નથી. ઝંડો પાછો ફેરવી, લો, આપણે પાછા જ ફરવું જોઇએ; નહિતર અહીં તોફાન મચી જશે. આપણે, આપણા ભાઇઓ સાથે, ઝગડો નથી કરવો; જલદી પાછા ફરો.' આટલું કહીને, તેણે ઊભા થવાનો પ્રયત્ન કર્યો, પણ ઊઠી ન શકાયું.

બસ, હુકમની જ વાર હતી. સંગઠિત સેનાની પેઠે સરઘસ ચટ પાછું ફરી ગયું. ઝંડાઓના વાંસ, સાફા અને રૂમાલોમાંથી ઝટપટ એક સ્ટ્રેચર—માંદાઝોળી—

તૈયાર થઇ ગઇ અને ઇબ્રાહીમઅલીને તેના પર સુવ-ડાવી સરઘસ પાછું ફર્યું. પણ શું તેમણે હાર ખાધી હતી? કોઇને જો એમાં હાર લાગતી હોય તો તેઓ ભલે એમ માને. ખરૂં જોતાં તો એમણે એક યુગાન્તરકારી વિજય કર્યો હતો. તેઓ જાણતા હતા કે અમારો સંઘર્ષ અમારા જ ભાઈઓની સાથે છે, જેમનાં હિત, પરિસ્થિતિને કારણે અમારાં હિતથી જુદાં છે. એમને તેમની સાથે વેર નહોતું કરવું. તેઓ એમ પણ નહોતા ચાહતા કે શહેરમાં લૂટફાટ ચાલે અને તેમના ધર્મનો અંત લૂંટેલી દુકાનો અને ફૂટેલાં શિરમાં આવે. એમના વિજયનું સૌથી ઉજ્જ્વલ ચિહ્ન તો એ હતું કે એમણે લોકોની સહાનુભૂતિ મેળવી લીધી હતી. જે લોકો ઘડી પહેલાં તેમને હસતા હતા તેઓ જ એમનાં ધૈર્ય અને સાહસ જોઇ એમની સહાય માટે નીકળી પડ્યા હતા. મનોવૃત્તિનો આ પલટો એ જ ખરો વિજય હતો. જે દહાડે આ પલટો સર્વવ્યાપી થઇ જશે તે દહાડે પૂર્ણ સ્વરાજનો સૂર્ય આપોઆપ ઉદિત થશે.

ત્રણ દિવસ વીતી ગયા હતા. વીરભદ્ર પોતાના દીવાનખાનામાં ચાહ પીતા બેઠા હતા. તેમની પત્ની મધુરી બાળકને ગોદમાં લઇ સામે ઊભી હતી.

વીરભદ્રે કહ્યું, 'હું એ વખતે શું કરી શકું એમ હતો? પાછળ જ ડી.એસ.પી. ઊભો હતો. જો પેલા લોકોને રસ્તો આપત તો મારે માથે મુસીબત આવી પડત.'

મધુરી માથું ધૂણાવી બોલી, 'તમે એટલું તો જરૂર કરી શકત કે એ લોકો પર દંડા ચલાવવા ન દેત. તમારૂં કામ રૈયત પર દંડાબાજી કરવાનું છે શું? બહુબહુ તો તમે તેમને રોકી શકો. કાલ તો તમને અપરાધીઓને ફટકા મારવાનું કામ સોંપાય, તો તો, મને લાગે છે તમને ખૂબ આનંદ થઇ જાય કેમ?'

ખસિયાણો પડી વીરભદ્ર બોલ્યો, 'તું ખરી વાત તો સમજતી નથી.'

મધુરી બોલી, 'હું તો બરોબર સમજું છું. પાછળ ડી.એસ.પી. ઊભો હતો. તમે વિચાર્યું હશે કે કારગુજારી બતાવવાનો આવો મોકો ફરી નહિ મળે, કદાચ. તમે એમ માનો છો કે એ દળમાં કોઇ ભદ્ર પુરુષ નહોતો? કેટલાય એમાં એવા હતા જે તમારા જેવાને તો નોકર રાખે. વિદ્યામાં તો તમારાથી અધિક ચઢતા કેટલાય હશે. અને તમે એમના પર દંડા ચલાવી રહ્યા હતા ને ઘોડા દોડાવી રહ્યા હતા, વાહ રે જવાંમર્દી!'

આજે

આજે રાષ્ટ્રપતિ જવાહર ઉચ્ચારે છે કે 'આ દેશમાં પૂર્ણ સ્વરાજના આ જંગના મોકા વખતે બે જ છાવણીઓ હોઇ શકે: એક સ્વાધીનતાના સૈનિકોની અને બીજી આ દેશને લૂંટીલૂંટીને માલેતુજ્જાર બનનારા પરદેશીઓની.' આજે પંડિત માલવીયજી જેવા બુઝર્ગ, તોળીતોળીને બોલનારા, મવાલ તરીકેની જૂની પ્રતિષ્ઠા ધરાવનારા વિનીત નેતા વડી ધારાસભાના ચોકમાં ઘોષણા કરે છે કે 'અત્યારના રાજ્યતંત્ર સામે તિરસ્કાર ઉત્પન્ન કરવો અને તિરસ્કારનો ઉપદેશ આપવો એ પ્રત્યેક હિંદીનો ધર્મ છે.' આજે મહાત્માજી સમો જગતનો સર્વશ્રેષ્ઠ જન ગુજરાતને ગામડે ગામડે કહી રહ્યો છે કે 'મારા શ્વાસેશ્વાસે આ સરકારના નાશનું રટણ થઈ રહ્યુ છે, મારા શબ્દેશબ્દે હું રાજ્યદ્રોહ ઉપદેશી રહ્યો છું.' આજે એક પણ એવો સાફદિલ હિંદી નથી કે જે આ પરાધીનતાની બેડીઓ તોડીને છુટકારાના દમ ખેંચવા અધીરો ન બન્યો હોય. આજે દિશાએ દિશાએથી 'આ રાજ્યતંત્રનો નાશ હો!' એ જ મહાસૂર ઊઠી રહ્યો છે. આજે પ્રત્યેક હિંદી હૃદયના એકેએક ધબકારાની સાથે 'આ રાજ્યતંત્રનો નાશ હો' એ જ મહાનાદ ગાજી રહ્યો છે. આજે એવો કયો અભાગી હિંદી હશે કે જે આ મહાસૂરમાં પોતાનો સૂર ન મિલાવે, આ મહાનાદમાં પોતાનો નાદ ન મિલાવે, આ રાષ્ટ્રવ્યાપી અમર સંગીતનો ગાયક ન બની જાય? . . .

આજે તો બસ 'ચલો રણમેદાન'નો એક જ ઘોષ દેશના ખૂણેખૂણામાંથી ઊઠે છે; આજે તો બસ 'જંગમેં કુદ પડો'નું એક જ ગાન પ્રત્યેક દેશજનની જીભ ઉપર છે. સંશયનો, પ્રશ્નનો, ચડભડનો કાળ પૂરો થયો છે; કાર્યનો, આચરણનો, કુરબાનીનો કાળ બેઠો છે. આજે આપભોગનો યુગ મંડાયો છે . . . .

અહો! આવો અમૂલ્ય અવસર કોના જીવનમાં આવે છે? દેશની ગુલામીની સાંકળો તોડવામાં છીણી તરીકે યોજાવાનું મહાભાગ્ય કોને પ્રાપ્ત થાય છે? આજે પ્રત્યેક હિંદીને માટે એ ભાગ્ય પ્રાપ્ત થયું છે. પ્રત્યેક હિંદીના જીવનમાં એ અમૂલ્ય ઘડી આવી પહોંચી છે. કોણ એવો અભાગી હશે કે એ ભાગ્યને નહિ વધાવી લે? કોણ એવો હીણભાગી હશે કે એ ઘડીનાં સામૈયાં નહિ કરે?

(સૌરાષ્ટ્ર)

નફટાઇથી હસતાં વીરભદ્રે કહ્યું, 'ડી. એસ. પી. એ મારૂં નામ નોટ કરી લીધું છે; સાચ્ચે!'

ફોજદાર સાહેબે માન્યું કે આ વાત કહેવાથી મધુરીને પોતે ખુશ કરી દેશે. સજ્જનતા અને ભલમનસાઇ એ તો ઉપરઉપરની વાતો છે. તે દિલથી નહિ, જીભથી જ કહેવાય છે. દિલના ઊંડાણમાં તો સ્વાર્થ લપકી બેઠેલો હોય છે. પણ મધુરીના મુખ પર આ લાલચની વાત સાંભળીને હર્ષની રેખા સરખી પણ ન ફરકી. ઉપરની વાત કદાચ એના દિલના ઊંડાણ સુધી પહોંચી ગઇ હતી. તે બોલી, 'જરૂર; નોટ કરી લીધી હશે કે તમને ઊંચો દરજ્જો આપવો. પણ બેગુનાહોના ખૂનથી રંગેલા હાથે એ દરજ્જો મેળવવાથી શું વળ્યું? એ તમારી કારગુજારીનું ઇનામ નહિ પણ તમારા દેશદ્રોહની કિંમત થશે. કારગુજારીનું ઈનામ તો ત્યારે કહેવાય જ્યારે તમે કોઇ સાચા ખૂનીને શોધી કાઢો, કોઇ ડૂબતાને બચાવો, જીવને જોખમે કોઇના જાનમાલનું રક્ષણ કરો.'

એવામાં એકાએક બહાર એક સિપાઇએ આવીને કહ્યું, 'હજુર, આ કાગળ આપને માટે છે.' બહાર જઈ વીરભદ્ર કાગળ લઇ આવ્યો. ફોડીને અંદરની સરકારી ચિઠ્ઠી વાંચી ટેબલ પર મૂકી દીધી.

'કેમ? હોદ્દો વધ્યાનો પરવાનો આવી ગયો?'

ચીડાઇને વીરભદ્ર બોલ્યો, 'તુ તો બનાવ્યા જ કરે છે. આજ વળી પાછું કોઇ સરઘસ નીકળનારૂં છે તેની સાથે મારે જવું એવો હુકમ આવ્યો છે.'

મધુરી બોલી, 'વાહ એ તો સારૂં ને? થઇ જાઓ તૈયાર. આજ પણ એવો જ શિકાર મળશે. બરોબર હાથ બતાવજો. ડી.એસ.પી. પણ જરૂર આવવાનો. હવે તો તમે ઇન્સ્પેક્ટર બનવાના; ખરેખર!'

ચીડાઇને બે હાથે માથું પકડી વીરભદ્રે કહ્યું, 'કોઇકોઇ વાર તો તુ એવી મોં-માથા વિનાની વાત કરે છે, મધુરી! સમજ કે હું જઇને મૂંગેમૂંગો ઊભો રહું તો શો નતીજો મળે? હું નાલાયક ગણાઉં અને મારી જગ્યા બીજા કોઇને મળે. જો કદાચ શંકા પડી જાય કે સ્વરાજવાદીઓ તરફ મારી સહાનુભૂતિ છે તો ક્યાંયનો યે ન રહું. ગડગડિયું ન મળે, પણ દરજ્જો તો ઊતરી જ જાય. માણુસ જે સંજોગોમાં હોય તેના રંગ જોઈને કામ કરે છે. હું ભલે બહુ બુદ્ધિમાન ન રહ્યો. પણ એટલું તો સમજું છું કે આ લોકો દેશ અને જાતિના ઉદ્ધારને માટે કોશિશ કરી રહ્યા છે. એ પણ જાણું છું કે સરકાર એ ચળવળને છૂંદી નાખવા માગે છે. એવો બેવકૂફ નથી કે ગુલામીનો ગર્વ કરૂં. પણ સંજોગોથી લાચાર છું.'

એટલામાં વાજાંનો અવાજ કાન પર આવ્યો. બહાર આવી વીરભદ્રે તપાસ કરી તો માલૂમ પડ્યું કે સ્વરાજવાળાઓનું સરઘસ નીકળે છે. ઝપાટાબંધ ડ્રેસ પહેરી, ગજવામાં પિસ્તોલ નાખી બહાર આવ્યો. ક્ષણવારમાં ઘોડો તૈયાર થઇ ગયો. કૉન્સ્ટેબલ તો પહેલેથી જ તૈયાર હતા. સૌ ડબલ માર્ચ કરતા સરઘસની દિશામા દોડયા.

જોતજોતાંમાં તો તેઓ સરઘસની સામે જઇ પહોંચ્યા. એમને જોતાં જ અગણિત કંઠોમાંથી 'વંદેમાતરમ્'નો ઘોર નિનાદ ગાજી ઊઠ્યો: જાણે મેઘમંડલમાંથી ગગનભેદી ગર્જના થઇ. પછી એકદમ સન્નાટો છવાઇ ગયો. બંને સરઘસમાં ફેર હતો. આગલું સરઘસ સ્વરાજના ઉત્સવનું હતું; આજનું સરઘસ શહીદના શોકનું હતું. ત્રણ દિવસના ભીષણ તાવ અને વેદના પછી ઈબ્રાહીમના જીવનનો આજ અંત આવી ગયો હતો. જેણે કદી કોઇ પદની લાલસા કરી નહોતી, જેણે કદી કોઇ અધિકાર સામે સર ઝુકાવ્યું નહોતું એણે મરતી વખત વસીહત કરી હતી કે 'મારા શબને ગંગામાં સ્નાન કરાવી દફન કરજો અને મારી કબર પર સ્વરાજધ્વજ રોપજો.' એના અવસાનના ખબર પડતાંવેંત શહેરભર પર શોકનો ઘેરો પડદો છવાઇ રહ્યો. જે કોઇ સાંભળતુ તે જાણે ગોળી વાગી હોય તેમ ચોંકી ઊઠતું અને એના શબના દર્શન માટે ઉપડતું. બજાર આખું ભડાભડ બંધ થઇ ગયું. એક્કા કે ટાંગા પણ માગ્યા મળે નહિ. શહેરને જાણે કોઇ લૂટી ગયું ન હોય! જોતજોતાંમાં તો શહેર આખું ઊલટી પડ્યું. જનાજો ઉપડયો ત્યારે લાખ–સવાલાખ આદમી સરઘસમાં હશે. કોઇ આંખ એવી ન હતી જે આંસુથી લાલ ન હોય.

કૉન્સ્ટેબલો અને સવારોને સરઘસની સાથે દસદસ ફૂટને અંતરે ગોઠવીને વીરભદ્ર પોતે પાછળના ભાગમાં ગયો. પાછલી હારમા સોએક ફૂટ અંતર સુધી તો સરઘસમાં સ્ત્રીઓ જ હતી. ફોજદાર સાહેબે તે તરફ

નજર કરી તો પહેલી જ હારમાં મધુરી નજરે પડી! આ શું? ભૂલ તો નહોતી? ધ્યાનથી જોયું: ખરેખર મધુરી જ હતી. મધુરીએ એક જ વખત તેના તરફ નજર ફેંકી ને પછી આંખો બેંગા લીધા. પણ એ એક નજરમાં તો કોઇ એવી ઉપેક્ષા, કોઇ એવી લજ્જા, એવી કોઇ વ્યથા અને ઘૃણા ભરી હતી કે વીરભદ્રના બદન આખામાં માથાથી તે પગ સુધી એક તીવ્ર કંપારી વ્યાપી ગઇ. પોતાની દૃષ્ટિએ તે આટલો હલકો, આટલો નિર્બલ, આટલો જલીલ કદી નહોતો લાગ્યો.

એકાએક એક યુવતીએ તેના તરફ ફરીને કહ્યું, 'ફોજદાર સાહેબ, અમારા ઉપર પણ રખે દંડા ચલાવતા! આપને જોઇને ભય લાગે છે.'

બીજી બોલી, 'ત્રણ દહાડા પર બજારચોકમાં આ વીર પુરુષ પર ઘા કર્યો હતો તે આપનો જ કોઇ ભાઇ હતો?'

મધુરી બોલી, 'એમના કોઇ ભાઇ નહિ, એ ખુદ હતા.'

ત્યાં તો અનેકના મોંમાંથી બોલ નીકળી પડ્યા, 'એમ? એ જ આ મહેરબાન કે? સલામ સાહેબ; ત્યારે તો આપની જ કૃપાના ફળથી અમે આજ આપના દંડાના દર્શન માટે અહીં આવ્યાં છીએ.'

ભાલા જેવી તેજ આંખો કરી વીરભદ્રે મધુરી તરફ નજર નાખી, પણ મોંથી કાંઇ બોલી ન શક્યો. ત્યાં ત્રીજી બોલી, 'અમે એક સંમેલન કરીને આપને વિજયમાળ પહેરાવીશું ને આપનાં યશોગાન કરીશું.'

એવામાં એક વૃદ્ધ સ્ત્રી ભ્રૂકુટી ચડાવી બોલી, 'મારી કૂખે આવો છોકરો પાક્યો હોત તો હું એની ગરદન જ મરડી નાખત.'

એ સાંભળી કટાક્ષમાં એક સ્ત્રી બોલી, 'તમે પણ શું માજી, આવું કદર વિનાનું બોલતાં હશો? કુતરા પણ ખાધેલું નિમક તો હલાલ કરે છે; ત્યારે આ તો આદમી છે!'

બુઢ્ઢી ઉગ્ર બની બોલી: 'પેટના ગુલામ; હાય પેટ!!'

વીરભદ્રથી હવે વધારે સાંભળ્યું ન ગયું. ઘોડો હંકારીને તે પાછો આગળ ચાલ્યો ગયો. મર્દ લજ્જિત કરે છે ત્યારે આપણને ગુસ્સો આવે છે; સ્ત્રી લજ્જિત કરે છે ત્યારે ગ્લાનિ થાય છે. વીરભદ્રમાં એટલી તો હિંમત હવે રહી નહોતી કે તે ફરીથી સ્ત્રીઓની સામે જાય. એટલે પોતાના અમલદારો પર ગુસ્સો આવ્યો. મને જ કેમ વારંવાર આવા કામ પર નીમવામાં આવે છે? બીજા ઘણા યે છે, એમને કેમ નથી નીમતા? હું જ શું બધાથી ભાવશૂન્ય છું? હૃદયહીન છું?

અને મધુરી આ વખતે દિલમાં મને કેવો કાયર, નીચ સમજતી હશે? કદાચ અત્યારે કોઇ મને મારી નાખે તો પણ એ હરફ સરખો ન ઉચ્ચારે. હમણાં જો કોઇ જઇને સાહેબને કહી દે કે વીરભદ્રની સ્ત્રી પણ સરઘસમાં નીકળી હતી, તો ક્યાંયનો ન રહું. પોતે જાણે-સમજે છે છતાં સરઘસમાં આવી! મને પૂછ્યું પણ નહિ! કોઇ ફિકરચિંતા નથી તેથી જ તો આવા બધા નવરાવેડા સૂઝે છે. આ બધા બેફિકર આદમી જ એકઠા થયા છે અહીં. સ્કૂલ-કૉલેજના છોકરાંઓ, મજૂરો, ફેરિયાઓ;—એમને શી ચિંતા? મોત તો અમારા જેવાનું છે જેને બાલબચ્ચાં છે ને કુલ-મર્યાદાનું કે હોદ્દા-આબરૂની મર્યાદાનું ભાન છે. બીજું તો ઠીક, પણ મારી સામે આંખો કેવી ધુરકાવતી'તી! જાણે ખાઇ જશે!

શહેરની મુખ્ય સડકો પર ફરતુંફરતું સરઘસ ચાલ્યું જતું હતું. બંને બાજુ, છત-છજ્જાંમાં, માળિયાં પર, છાપરાં પર, ઝાડો પર, થાંભલા પર, લોકોની ઘેરી ઠઠ જામી હતી: જાણે એ બીજુ આદમીઓની દીવાલ જ હતી! એ સૌના ચહેરા પર આજ એક નવી સ્ફૂર્તિ, નવો ઉત્સાહ, નવો ગર્વ ઝલકતો વીરભદ્રને જણાયો. સ્ફૂર્તિ હતી વૃદ્ધોનાં મોં પર, ઉત્સાહ જુવાનોના ચહેરા પર, ગર્વ રમણીઓનાં મુખ પર. સ્વરાજ-પંથની યાત્રાનો જાણે એ ઉલ્લાસ હતો. હવે તેમની યાત્રાનં

પ્રલય

[દ્રુતવિલંબિત]

ચનગનાટ કરી નભ તારલા
સરર નૃત્ય કરી તિમિરે સરે,
ધુધવતાં ફૂદડી ફરી વાદળાં
પ્રલયકાળ દિસે જગનો ખરે.

તણખ-જ્વાળ નભે વીજળી ગૂંથે,
તિમિર ભસ્મ દશે દિશ જો ભરે,
ઉદધિછોળ ત્વરીં ધૂમવા મથે,
પ્રકૃતિ તાંડવ શી ફરતી ફરે.

શિખર-કોટ ભયાનક ફૂટતા,
જગતનાં સહુ બંધન જો તૂટે.
અનિલ વહ્નિ સમા ગૂંગળાવતાઃ
હૃદયબંધન આપણ ના છૂટે.

પ્રલયઘૂંટ ઈલા લઇએ ગળી,
જઇ વિરાટ સ્વરૂપ વિશે ભળી.

ચન્દ્રવદન મહેતા

લક્ષ અજ્ઞાત ન હતું; પથભ્રષ્ટોની પેઠે અહીંતહીં ભટકવાનું ન હતું; દલિતોની પેઠે સર ઝુકાવી રોવાનું ન હતું. સ્વાધીનતાનું સોનેરી શિખર દૂર-સુદૂર આકાશમાં ચમકી રહ્યું હતું. વચ્ચે શી મુસીબતો, જંગલો, ખાઈઓ આવવાનાં છે એની, જાણે લોકોને કોઈ પરવા પડી ન હતી: સૌ બસ, એ સોનેરી લક્ષ્ય પર પહોંચવાને તલપાપડ હતું.

અગિયાર વાગતાંવાગતાંમાં તો સરઘસ નદી કિનારે જઈ પહોંચ્યું. જ્વાળાએ ઉતારીને લોકો શબને ગંગાસ્નાન કરાવવા લઈ ચાલ્યા. તેના શીતલ, શાંત, પીળા મસ્તક પર લાઠીનો ઘા સાફ જણાતો હતો. લોહી જામીને ત્યાં કાળું પડી ગયું હતું. હજારો આદમી એ શહીદના અંતિમ દર્શનને કાજે ઘેરો ઘાલીને જમા થઈ ગયા. પાછળ વીરભદ્ર ઘોડેસવાર થઈ ઊભો હતો. લાઠીનો ઘા તેને પણ નજરે પડ્યો. તેના આત્માએ અંદરથી જોશભેર તેનો ધિક્કાર કર્યો. તે શબ તરફ જોઈ ન શક્યો. મો ફેરવી લીધું. જેના દર્શન માટે, જેનાં ચરણની રજ લેવા કાજે આટલા અસંખ્ય લોક વિકલ થઈ રહ્યા હતા તેનું મેં આવું ભવિષ્ય કર્યું? તેનો આત્મા તોબા પોકારી ઊઠ્યો કે એ નિર્દય પ્રહારની પાછળ પોતાના કર્તવ્યનો ભાવ લેશમાત્ર ન હતો; કેવળ સ્વાર્થ હતો; પોતાની કર્તવ્યનિષ્ઠા બતાવવાનો હવસ હતો; અધિકારીને ખુશ કરવાની લિપ્સા હતી. હજારો ક્રોધભરી આંખો તેની સામે તાકી રહી હતી; પણ તેનામાં સામી નજર માંડવાની આય નહોતી રહી.

એક કૉન્સ્ટેબલે આવીને પ્રશંસા કરવા માંડી, 'હજૂરનો હાથ બહુ ભારે પડ્યો લાગે છે. હજી બાપડી ઊઘાડી જ છે. સૌની આંખો ઊઘડી ગઈ હવે.'

વીરભદ્રે તેની ઉપેક્ષા કરી કહ્યું, 'એમાં હું મારી જવાંમર્દી નહિ, હિણપત સમજું છું.'

ફરી ખુશામદ કરતાં કૉન્સ્ટેબલે કહ્યું, 'બડો બદમાશ આદમી હતો, હજુર.'

કડક અવાજે વીરભદ્રે કહ્યું, 'ચૂપ રહો. ખબર છે બદમાશ કોણ કહેવાય તેની? જે ધાડ પાડે, ચોરી કરે, ખૂન કરે એ બદમાશ; દેશને માટે હથેલીમાં જાન લઈને ફરનાર બદમાશ નહિ. કમનસીબી છે આપણી કે જેને મદદ કરવી જોઈએ તેનો વિરોધ કરીએ છીએ. આ ગર્વ કરવાની કે ખુશ થવાની વાત નથી; શરમાવાની ને રોવાની વાત છે.'

સ્નાન સમાપ્ત થઈ ગયું. સરઘસ ત્યાંથી પાછું રવાના થયું.


શબને દફન કરી સૌ પાછા ફર્યા ત્યારે બે વાગી ગયા હતા. મધુરી સ્ત્રીઓની સાથેસાથે થોડે દૂર તો ગઈ. પણ ક્વીન્સ પાર્ક આગળ આવતાં અટકી ગઈ. ઘેર જતાં હૈયું ન ચાલ્યું. પેલું જીર્ણ, રક્તભર્યું, આહત શબ જાણે એના અંતરમાં બેઠુંબેઠું એને ધિક્કારી રહ્યું હતું. પતિથી એનું મન એટલું વિરક્ત થઈ ગયું હતું કે હવે તેને ધિક્કારવાની પણ એને ઇચ્છા નહોતી થતી. એવા સ્વાર્થી મનુષ્યોના મન પર ભય સિવાય બીજી કોઈ ચીજની અસર થઈ શકતી હશે એ તેના માન્યામાં હવે રહ્યું ન હતું.

બગીચામાં બહુ વાર સુધી તે ઘાસ પર વિચારમાં મશગૂલ બેસી રહી. પણ પોતે શું કરવું તેનો નિર્ણય ન કરી શકી. મહીઅર જઈ શકે તેમ હતું, પણ ત્યાંથી બે મહીના-બે મહીના પછી તો આ જ ઘરમાં પાછું આવવાનું હતું. નહિ નહિ; હું કોઈની પણ આશ્રિત નહિ રહું. હું શું મારા પેટ જેટલું પણ નહિ કમાઈ શકું? એમ કરતા જતાં જે તરેહતરેહની મુસીબતો પોતાને નડશે તેની એને વિવિધ કલ્પનાઓ આવી ગઈ; પણ આજ કોણ જાણે એના આત્મામાં અદ્ભુત બલસંચાર થયો હતો, એ ખ્યાલ અને કલ્પનાઓ ધ્યાનમાં લાવતાં એમાં એને કમકમાટી લાગી.

એકાએક એને વૃદ્ધ ઇબ્રાહીમઅલીની વિધવાનો ખ્યાલ આવ્યો. એણે સાંભળ્યું હતું કે તેને કોઈ બાલબચ્ચાં નથી. બીચારી એકલી બેઠીબેઠી રોતી હશે. કોઈ આશ્વાસન દેનારું પણ પાસે નહિ હોય. તે તેના મકાન તરફ ચાલી. પોતાની સાથેની સ્ત્રીઓને તેનું ઠેકાણું પૂછી લીધું હતું. વિચારતી જતી હતી કે હું એને જઈને કઈ રીતે મળું? શું કહું? કેવો દિલાસો દઉં? કયા શબ્દોમાં સાંત્વન આપું અને સમજાવું? વિચારમાં ને વિચારમાં તે ઇબ્રાહીમઅલીના મકાન આગળ આવી પહોંચી.

મકાન એક ગલીમાં આવેલું હતું. ચોખ્ખું ચણક

[અનુસંધાન આગળ પાન ૧૪૧મે]



ઓળખો છો આ કોની છાયાછબી?

૭૪મા અંકમાં શ્રી જવાહરલાલ નેહરૂની છાયાછબી આપી હતી તેની પેઠે જ આ પાનું પણ છૂટું કરીને, એ અંકમાં આપેલી સૂચના પ્રમાણે, કોઇ ધારદાર ચપ્પુ, નરેણી અથવા સેફ્ટી રેઝરના પાના વડે કાળજી અને સાવચેતીથી ચિત્રમાંના કાળા ગાળા કાપી કાઢો. પછી વિજળીની હાથ બત્તી કે મીણબત્તી જેવા નાના દીવાના પ્રકાશ સામે ધરશો એટલે અંધારા ઓરડામાં ભીંત પર મોટી છબી પડશે.



પ્રવાસની અદ્‌ભુત સાહસભરી આ વાર્તા

નીલ નામનો શિક્ષક પોતાની અનોખી સ્વતંત્ર શાળાનાં પાંચ નાનકડાં બાળકોને કહે છે. તેની ગૂંથણી એવી નવતર કરે છે કે એ પાંચ શિષ્યોને જ તે વાર્તાનાં પાત્રો બનાવે છે ને પોતે વાર્તાનો નાયક બને છે. તે ઉપરાંત વાર્તામાં સાતમું પાત્ર પીર્ફેક્ટ નામનો એક અમેરિકન કરોડપતિ વેપારી છે. હકીકત એવી છે કે નીલે પોતે, હવામાં ઊડી શકે તેમજ જમીન પર પણ ચાલે તેવી એક અદ્‌ભુત કાચની મોટર શોધી છે. વિજ્ઞાનનાં અનેક ચમત્કારોભર્યાં સાધનોથી તે સંપૂર્ણ છે. અંદર મશિનગન્સ, હવામાંથી પાણી બનાવવાનું યંત્ર, વાયરલેસ સંદેશાનું યંત્ર વગેરે વિધવિધ અને અજબ સામગ્રી ભરેલી છે. આ મોટરમાં સાતે જણાં બેસીને દક્ષિણ અમેરિકાનાં બ્રાઝિલનાં ભયાનક જંગલોના પ્રવાસે નીકળે છે, અને ઍમૅઝૉન નદીના મુખ પરથી ઊડતાઊડતા દુનિયાના હજી સુધી કદી ન શોધાએલા એવા પ્રદેશ તરફ જાય છે. રસ્તામાં પૅટોમન નામના જંગલીઓનો તેમને ભેટો થાય છે અને તેઓ સરળ સ્વભાવના હોવાથી તેમની સાથે આ મુસાફરો પરિચય કરે છે.

નીલે નાચવા માટે ગિલ્બર્ટનો હાથ પકડ્યો, પણ ગિલ્બર્ટે ના પાડી જણાવ્યું કે પોતે બહુ થાકી ગઇ છે. આથી નીલે ગિલ્બર્ટને છોડી હેલ્ગાને લીધી. તરત જ પેલાં જંગલીઓનાં નાનાં છોકરાં તેમાં ભળ્યાં. પણ તેઓ બહુ કઢંગાં દેખાતાં હતાં. ચોખ્ખું દેખાઇ આવતું હતું કે તેમણે બાપગોતર કદી સંગીત સાંભળ્યું નહિ હોય. આપણા આ મુસાફરોને માલૂમ પડ્યું કે આ પૅટોમન લોકો (એ જંગલીઓની જાત એ હતી)માં માત્ર એક જ પ્રકારનું સંગીત છે અને તે ગાયના ચામડાથી મઢેલ ઢોલકાનું.

ડેરિકે કહ્યું, 'ઇંગ્લૅંડમાં પત્થર યુગમાં એક સમે જેવા લોકો હતા તેવા આ લોકો લાગે છે. તેમનાં વર્ણનને આ લોકો મળતા આવે છે. તેઓને અગ્નિનું જ્ઞાન નથી. તેઓ ધાતુઓને ઉકાળવાનું જાણતા નથી. તેઓએ હજી સુધી પૈડાની શોધ પણ કરી લાગતી નથી. કેવો વિચિત્ર દેશ! અહીં ગાડાં નહિ, નિશાળો નહિ, દેવળો નહિ, કાગળ નહિ,—કશું જ નહિ. માત્ર પત્થરની કુહાડીઓ અને માટીનાં ઝુંપડાં. નવાઇ લાગે છે કે આ લોકો આખો દહાડો કરતા હશે શું?'

પછી પૅટોમન લોકોના રાજાએ ઇશારતથી આ મંડળીને થોડો વખત પોતાના મહેમાન થઇને રોકાવાનું આમંત્રણ આપ્યું. તેણે ત્રણ વખત ચંદ્ર સામે આંગળી કરી તે પરથી લાગ્યું કે તેનું આમંત્રણ ત્રણ માસનું છે. આ આમંત્રણ તો સ્વીકાર્યું, પણ કોઇએ માટીનાં એમના ઝુંપડાંમાં રહેવું પસંદ ન કર્યું. સૌ કારમાં જ રહ્યાં.

પંદરેક દિવસમાં ડેરિક અને ગિલ્બર્ટ પૅટોમન લોકો સાથે વાતો કરતાં થઇ ગયાં! એ લોકોની ભાષામાં માંડ ત્રણસો જેટલા શબ્દો હશે. વળી નવાઈ જેવું તો એ હતું કે 'મારી નાખવું,' મારવું એવો શબ્દ એમની ભાષામાં હતો, પણ 'ખૂન કરવું' એવો શબ્દ ન હતો. 'ચોરી'ને માટે એમનામાં શબ્દ જ ન મળે! ચોરવાનો ખ્યાલ જ એમને આવતો નહિ!

શરૂઆતનાં થોડાં અઠવાડિયાંમાં જે બન્યું તે વર્ણવવું અશક્ય છે. આ નવી પ્રજાની શોધ વિશે સંપૂર્ણ લખવા બેસીએ તો પુસ્તકોનાં પુસ્તકો ભરાય. એમાંના કોઇકોઇ પ્રસંગો જ વર્ણવી શકાશે.

અગ્નિ તો આ લોકોને અદ્‌ભુત વસ્તુ લાગેલી. નીલ અગર પીર્ફેક્ટ સીગાર કે પાઈપ સળગાવે તે

જોવા તો તેઓ કલાકના કલાક સુધી ખડેપગે ઊભા રહેતા. આ વખતે તો ડેરિક અને ડોનલ્ડ પણ ખૂબાખૂબ બીડીઓ પીવા લાગ્યા. અલબત્ત તેઓ કહેતા કે આ અમે બીડીઓ પીએ છીએ તે તો આ પૅટોમન લોકોને શીખવવા માટે છે. પણ એમની આ વાત સાવ સાચી ન હતી.

નીલે એમને કહ્યું, 'આપણે આમ ને આમ દીવાસળીઓ જ સળગાવ્યા કરીશું તેમાં તેમનું કાંઇ નહિ વળે. તેઓ બહુબહુ તો દીવાસળીઓ સળગાવતાં શીખશે. એમાં શું વળશે? આપણા ગયા પછી તેઓ દીવાસળી ક્યાંથી કાઢવાના? પછી તેઓ દેવતા માટે શું કરશે?'

શોધક ભેજાના ડેરિકે પ્રયોગો કરવા માંડ્યા. તેણે બે લાકડીઓ સામસામી ઘસી જોઇ પણ કાંઈ વળ્યું નહિ. પછી તેણે પોલાદ અને પથ્થરને એક બીજા સાથે અફાળીને તણખા પાડવા પ્રયત્ન કર્યો. તેણે કહ્યું, 'આ રીતે કંઇક થશે એવું લાગે છે.'

'પણ એ લોકો પાસે પોલાદ નથી એનું કેમ?' ગિલ્બર્ટે કહ્યું.

ડેરિકે ખાતરીપૂર્વક કહ્યું, 'આપણા જતાં પહેલાં તો તેમને પોલાદ મળી રહેશે.'

અહીં આવ્યાને લગભગ ત્રણ અઠવાડિયાં થયાં હશે. એક રાત્રે થોડા જંગલીઓના છોકરાઓની સાથે હેલ્ગા અને ડોનલ્ડ ફરવા નીકળ્યાં. એ ટાઇગ્રી નામના શહેરથી તેઓ લગભગ બે માઇલ દૂર નીકળી ગયાં અને એક પર્વતની હાર નજદીક આવ્યાં. આ હારને ગિલ્બર્ટઆલ્પના નામથી ઓળખવામાં આવે છે. એનું પી ડોનલ્ડ શિખર ૬૫૪૭ ફીટ ઊંચું છે. આ પર્વતમાળામાંથી ડેરીકો અને કેરોટીન્જૅાફ નામની નદીઓ નીકળે છે. ભૂગોળની ચોપડીમાં લખ્યું છે કે ઍમૅઝૉનની આ બે મોટી શાખાઓ ડેરીકો નામના એક ઇટાલિયન અને કેરોટીન્જૅાફ નામના રશિયન એ બે પ્રસિદ્ધ શોધકોએ શોધી કાઢેલી છે! ભૂગોળમાં જેવા ગપ્પા હાંકે છે તેમાંનો આ એક ગપ્પો.

પેલાં છોકરાંઓ તો ડુંગર ઉપર ચડ્યાં. રમતરમતમાં હેલ્ગાએ જમીન પરથી એક ઢેફું ઉપાડ્યું અને ડોનલ્ડ ઉપર ફેંક્યું. ડોનલ્ડને તે બરાબર કપાળમાં વાગ્યું અને તે મૂર્છા ખાઈ નીચે પડ્યો.

હેલ્ગાએ કહ્યું, 'અરે! મેં ફેંક્યું ત્યારે મને ખ્યાલ નહિ કે એ એટલું બધું ભારે હશે.'

ડોનલ્ડે કહ્યું, 'અને એ એટલું ભારે હોવું પણ ન જોઇએ. હેરોગેર અને હેલેરોમાં માટી આટલી બધી ભારે હોતી નથી. આપણે એકેક ઢેફું સાથે લઇ લો; જઇને નીલને તેનું કારણ પૂછીશું.'

નીલ પણ ઢેફું જોઇને બીજાઓની જેમ મૂંઝવણમાં પડ્યો. ત્યાં ગિલ્બર્ટ બોલી ઊઠી, 'કેમ? આ તો માટી સાથે સોનું મળેલું લાગે છે. જુઓ, કેટલું પીળું છે?'

જેક્રે બોલ્યો, 'સોનું હોય તો તો બખ્ખાં!'

ડેરિક કહે, 'હમણાં ખબર!' એટલું કહીને તેણે દોડતો મોટરમાં જઇને ત્રણ મિનિટમાં ઑક્સિહાઇડ્રોજનનો ભડકો કર્યો અને તેના ઉપર ઢેફાને મૂક્યું. ઢેફું કડકડવા લાગ્યું અને તેમાં ફાટો પડીને માંહેથી પીળાપીળા રેલા ચાલવા માંડ્યો. લાગલા જ સૌ ખૂબ પાડી ઊઠ્યાં, 'સોનું! સોનું! સોનું!'

છોકરાંઓ આનંદથી નાચવા લાગ્યાં. ડેરિકે કહ્યું, 'હવે તો આપણે સોનામાંથી ગમે તે બનાવી શકીશું.'

આ શોધથી રાજા અચંબો પામ્યો. તેણે પોતાના દરેક માણસને ટોપલી ભરી ઢેફાં લાવવાનો હુકમ કર્યો. સાંજ પડી ત્યાં તો ચોકમાં ઢેફાંનો મોટો ગંજ થઈ ગયો. એક બાજુ કોટ કાઢી નાખીને છોકરાઓ કામે મંડી પડ્યા હતા. રેતીમાં તેમણે બીબાં બનાવ્યાં હતાં અને એમાં પીળા ધગધગતા સોનાની ઈંટો પડતી હતી. પછી જેક્રેએ કુહાડીના માથાનો ઢાળો કર્યો અને તેમાં સોનું રેડ્યું. રાજા તો આ પહેલવહેલું જ ધાતુનું હથિયાર જોઇને આશ્ચર્યથી થંભી ગયો!

પણ એટલામાં તો ઑક્સિજન ખૂટ્યો. હોંશમાં ને હોંશમાં આનો તો કોઇને વિચાર જ આવ્યો નહોતો. નીલ બોલ્યો, 'ચાલો કમાયા; આપણી નાની ભઠ્ઠીનું કામ પૂરું થયું.'

જેક્રેએ કહ્યું, 'પણ આકરી અગ્નિઝાળ ઉત્પન્ન કરવાને માટે કંઈક બીજો રસ્તો હોવો તો જોઇએ જ!'

કંટાળીને નીલે કહ્યું, 'રસ્તા તો અનેક છે. ઑક્સફર્ડનું ગૅસનું કારખાનું અહીં લાવો અને બનસેન્સને તમે વાપરી શકો. ફ્રાલ્કનને ટેલિફોન કરીને પૂછો કે ક્યાંયથી ધમવાની ધમણ મળશે?'

હેલ્ગાએ કહ્યું, (નીલે કહ્યું તે તેણે સાંભળ્યું નહોતું) 'હા હા,' મને સૂઝ્યું; આપણે ટાયરનો પંપ

વાપરી શકાએ.' આ રીત સૌથી સરસ હતી. કેમકે પંપ એન્જિનથી ચાલતો હતો અને હવાનો પ્રવાહ સારી પેઠે સતત મળ્યા કરે તેમ હતું.

ડોનલ્ડે કહ્યું, 'પણ આપણે બાળશું શું?'

જેક્રે બડબડવા લાગ્યો, 'હમેશાં આપણે આમ જ કરીએ છીએ. પહેલાંનું પછી અને પછીનું પહેલાં. પહેલો આપણે કોલસો શોધવો હતો, પણ એને બદલે આ બેવકૂફ ગદ્ધાં ડોનલ્ડ અને હેલ્ગા સોનું શોધી આવ્યાં! હમેશનાં એવાં જ મૂર્ખાં રહ્યાં.'

ગિલ્બર્ટે કહ્યું, 'અલબત્ત મૂર્ખાઓ જ ખરેખર, કંઇક નવું શોધવું હોય ત્યારે સાથે છોકરાંઓને ઉપાડવાં એ બહુ ખરાબ.'

હેલ્ગા બરાડી, 'એ તો ઠીક; પણ તું હવે કેમ જઇને કોલસો શોધી લાવતી નથી?'

નીલે કહ્યું, 'શાબાશ, ભલું કહ્યું.'

ડેરિક ઊભો થઇ ગયો ને જાહેર કર્યું કે 'કોલસાની શોધ માટે હું ને ગિલ્બર્ટ એકાદ કારમાં ઊપડીએ છીએ.'

તેઓ ઊપડયાં. ત્યાંસુધી બીજાંઓએ લાકડાંથી કામ ચાલુ રાખ્યું. લાકડું તો જલદી બળવા લાગ્યું. એટલે જેક્રેએ તે બીનું કરીને વાપરવાનું સૂઝાડયું. આથી ઘણી ફતેહ મળી.

બે દિવસ પછી કાર પાછી આવી અને સમાચાર લાવી કે પર્વતની એક બાજુ ભૂરા કોલસાની ખાણ લાગે છે. ડેરિક અને ગિલ્બર્ટ સાથે નમૂનો લેતાં આવ્યાં હતાં. ગાળવાના કામ માટે કોલસો તો ઘણો સુંદર માલૂમ પડયો. પણ ત્યાં બીજી મુશ્કેલી ઊભી થઇ. એ કોલસાને ત્યાંથી લાવવો શી રીતે?

પીફ્રેક્ટે કહ્યું, 'આપણે હવે પૈડાં અને ગાડીઓ બનાવવી જોઇએ.' પણ આ કાંઈ રમતવાત નહોતી. મોટરકાર સાથે હથિયાર બહુ થોડાં હતાં.

પીફ્રેક્ટે કહ્યું, 'બે કે ત્રણ રંધાથી આપણે ગાડીઓ બનાવવા જઇએ તો એક જ ગાડું બનાવતાં આપણી જિંદગી જાય.' તેણે એક જ ક્ષણ વિચાર કર્યો. તે કાર પાસે ગયો અને નવાંનવાં લુગડાં પહેરવા લાગ્યો.

નીલે પૂછ્યું, 'ક્યાં ચાલ્યા? નાટકમાં કે નાચવા?'

તેણે જવાબ આપ્યો, 'હું રાચો જાઉં છું.'

આમ કહીને તે સ્કવીકરમાં કૂદ્યો. ચાર દિવસ પછી તે બે ગોળ કરવતીઓ, એક પટ્ટો, એક ગીયર, એક ફ્લાઇવ્હીલ અને એક બેન્ડ સૉ લઇને પાછો આવ્યો. હોમરમાંથી પાવર લેવાનું શરૂ કર્યું. તેનાં બે પાછલાં પૈડાં કાઢી નાખ્યાં. અને તેની જગ્યાએ બે ફ્લાઇવ્હીલ લગાડયાં. પછી કરવતીઓને ફિટ કરીને થોડા જ વખતમાં લાકડાં વહેરવાનું એક કારખાનું ઊભું કર્યું.

મેહૉગનીનાં મોટાંમોટાં લાકડાં વહેરી કાઢીને બેન્ડ સૉથી પૈડાંના ભાગો કાપી કાઢ્યા. ડેરિક અને જેક્રે વહેરવાના કામ ઉપર દેખરેખ રાખતા હતા; ડોનલ્ડ અને ગિલ્બર્ટ બેન્ડ સૉ ઉપર દેખરેખ રાખતા હતા; જંગલીઓ કે જેઓ જુદાજુદા કટકા જોડતા હતા તેના ઉપર પીફ્રેક્ટ અને હેલ્ગા ધ્યાન રાખતા હતા; અને સાંધા જોડવાનું મુશ્કેલ કામ નીલ કરતો હતો.

[**વચ્ચે વાતચીત**

ડેરિક જંગલીની જેમ ખડખડાટ હસી ઊઠયોઃ તેણે કહ્યું. 'તમે શાળાની વર્કશૉપમાં જેવું કામ કરો છો તેનાથી કંઈક સારૂં કામ ત્યાં કર્યું હશે.'

ગિલ્બર્ટે મારા વાળ ખેંચ્યા. 'એઇ બુઢ્ઢા! હમેશાં અઘરૂં અઘરૂં કામ જ લે છે ને! તને ભૂળે સુથારી કામ આવડે છે જ ક્યાં? વાર્તા કહેવી હોય તો કાંઇક સાચું બનતું હોય એવું કહે. આવું જુઠ્ઠાણું ના ચલાવ!'

મેં કહ્યું, 'શાળામાં કદાચ મારૂં સુથારી કામ સૌથી સરસ છે.'

જેક્રે બોલ્યો, 'તને ખબર નથી ડેરિક, તેણે પેલું ગ્રામોફોન કેવુ સુથારી આપ્યું હતું તે?' ડેરિકે હસીને કહ્યું, 'એ તો હું ભૂલી જ ગયો. કંઇ નહિ; વાર્તામાં ભલેને અઘરાં કામ કરતો.'

જેક્રેએ કહ્યું, 'આપણે લોઢું પણ શોધી કાઢવું જોઇએ. સોનામાંથી.' છરીઓ અને બીજાં હથિયારો આપણે બનાવી શકીશું નહિ.'

વાર્તા

થોડા જ વખતમાં છ ગાડાં તૈયાર થયાં અને માણસો તે કોલસાની જગ્યાએ ધસડી ગયા. આગળ જતાં જંગલી ઘોડા પકડવાને ગિલ્બર્ટે મોટો કાફલો ઉપાડયો હતો એની, તેમજ તેણે એ ઘોડાને કેવી રીતે પલોટયા (માત્ર વછેરા જ તે પલોટી શકી) એની વાત લાંબી છે. અને એ કહેતાં ઘણો વખત જાય એમ છે.

દરમ્યાન ઢાળવાનું કામ સરસ રીતે ચાલી રહ્યું હતું. મોટરકારની દરેકે દરેક વસ્તુ સોનાની બનાવી લેવામાં આવી હતી. ગામની દરેકે દરેક સ્ત્રી સોનાના

દેગડામાં પાણી ગરમ કરવા લાગી. રાજાએ પોતાને માટે સોનાની હૅટ બનાવડાવી. એનું ઓઢું પેલા પીર્કફ્રટના ટોપાથી પાડવામાં આવ્યું હતું. વજન ઘણું હતું, છતાં પૅાટોમન રાજા એ નવો ટોપો હમેશ પહેરતો.

પણ લોકોને સૌથી વધારે ખેંચાણકારક તો પૈડું લાગ્યું. તેમણે પોતાનાં ઝુંપડાં પાડી નાખ્યાં અને સોના તથા લાકડાના આકારથી નવેસર બાંધ્યાં. ખાટલા, પથારીઓ, ટેબલ, ખુરશી અને કુહાડીઓ સુદ્ધાં તેમણે ગોળ બનાવી. રાજાના સુથારે સોનાની સુંદર કુહાડી બનાવી, પણ અલબત કાપવા માટે તે નકામી હતી.

જેફ્રેએ અભિપ્રાય આપ્યો, 'બધે આમ એકલું સોનું જ વાપરવું એ તો મૂર્ખાઈભરેલું લાગે છે. આપણે જો લોઢું શોધી કાઢી ન શકીએ તો આ લોકોને સુધારવાનો પ્રયત્ન આપણે છોડી દેવો જોઇએ.'

સૌનો અભિપ્રાય પણ એ જ થયો અને લોઢાની શોધમાં નીકળવાનો ઠરાવ થયો. રફીકર અને ઓમર બંને મોટરો ઊપડી. રાજાને આ લોકોના જવાની ખબર પડી એટલે પહેલાં તો તે ગળગળો થઇ ગયો. પણ જ્યારે તેણે જાણ્યું કે એકબે દિવસમાં સૌ પાછા ફરશે ત્યારે તેને શાંતિ થઇ.

[**વચ્ચે વાતચીત**

આ વખતે પોસ્ટમેન આવ્યો અને હું ટપાલ ઉપર જરા નજર નાખવા અટક્યો.

ગિલ્બર્ટે કહ્યું, 'ડેરિક, રસ આવે છે; કેમ નહિ? પણ જંગલીઓ બહુ ભલા, ખરું?'

જેફ્રેએ કહ્યું, 'હા, એક રીતે રસ આવે છે; પણ બહુ મજા તો નથી પડતી'

હેલ્ગાએ અભિપ્રાય આપ્યો, 'આના કરતાં મને તો કૅનીબાલ (માણસખાઉ; જંગલીઓ પાસે જવું ગમે.'

ડોનલ્ડે કહ્યું, 'મને પણ. કેમ ડેરિક તારું શું કહેવું છે?'

ડેરિકે કહ્યું, 'બંને; સોનું અને આવી ચીજોની શોધખોળ કરવાનું યે મને તો ગમે છે. પણ વચ્ચેવચ્ચે લડાઈ, મારામારી ને એવું કાંઈક તો જોઇએ જ ને? ચલાવ, નીલ આગળ; હમણાં કાગળોને કોરે મૂક જરા]

વાર્તા

વારુ. તેઓ પશ્ચિમ દિશામાં ઉપડ્યા. ઓટોઇફીથી વીસેક માઇલ દૂર તેઓ આવ્યા હશે. એટલામાં પીર્કફ્રટની નજરે નીચે કાંઇક ધ્યાન ખેંચે તેવું દેખાયું. તેણે દૂરબીન લઇને જોયું. જોતાંવેંત તેણે બૂમ પાડી: 'અરે, આ તો નીચે લશ્કર છે!'

નીલે આંખે ચશ્માં ચડાવી કહ્યું, 'હં... છે તો એમ જ. પૅાટોમન લોકોના ઑટોઇફી તરફ જાય છે.'

ડેરિકે કહ્યું, 'હં... એમ? એ તો સારું નહિ. આપણે પાછા વળીને આપણા મિત્રોને જાણ કરીએ.'

તેઓ તરત જ પાછા ફર્યા અને પાંચ મિનિટમાં તો રાજાને મળ્યા. તેમના જોવામાં જે આવ્યું હતું તે બધું રાજાને કહ્યું.

રાજાએ કહ્યું, 'હાયહાય! એતો અમાઝી છે. દુનિયામાં દુષ્ટમાં દુષ્ટ માણસખાઉ જંગલીઓ. હમેશાં હું એમનાથી ડરતો આવ્યો છું. મારા બાપ અને તે પહેલાં તેના બાપને તેણે ફાડી ખાધા હતા. મારી પાસે વીસ હજાર લડવૈયા છે, પણ એની પાસે તો એક લાખ છે. તેઓ અમારાં માણસોને મારી નાખશે અને અમારી સ્ત્રીઓને ઉપાડી જશે. હવે શું કરીએ?'

જેફ્રેએ કહ્યું, 'તારા લશ્કરને એકદમ બહાર બોલાવ. અને આ કૅનીબાલ્સ કેવી જાતનાં હથિયારો વાપરે છે?'

રાજાએ કહ્યું, 'પત્થરનાં.'

જેફ્રેએ કહ્યું, 'અને તારાં માણસો પાસે તો સોનાની કુહાડીઓ અને ભાલાં છે. તેઓ એનાથી સરસ લડશે.'

નીલે પૂછ્યું, 'દુશ્મનો તમારી પૅાટોમેનીઝ ભાષા સમજે છે?' રાજાએ કહ્યું, 'હા. એ લોકોની ભાષા લગભગ અમારા જેવી જ છે.'

નીલે કહ્યું, 'આપણે જઇને તેમની સાથે વાત કરીએ. એના સરદારને શું કહે છે?'

રાજાએ કહ્યું, 'અમાઝ.'

નીલે કહ્યું, 'તું અમારી સાથે ચાલ. તેની સાથે વાત અમે કરશું.'

તેઓ દુશ્મનોને મળવાને માટે ઊડ્યા. ઊડતી મોટરને આવતી જોઇને દુશ્મનો ગભરાટમાં પડી ગયા. તરત તેમણે કૂચ અટકાવી અને આગળની ટુકડી પાછી હઠી. મોટરકારો નીચે ઊતરી આવી. નીલે બારી ઉઘાડી અને પૅાટોમેનીઝ ભાષામાં બૂમ પાડી કહ્યું; 'અમારે મુખી સાથે વાત કરવી છે.'

એક ઊંચો માણસ આગળ આવ્યો. તેણે કહ્યું, 'હું અમાઝ છું.'

જેફ્રેએ કહ્યું, 'મને તેની સાથે વાત કરવા દો.'

જેફ્રેએ નીલને કારે ખસેડ્યો અને પૂછ્યું, 'તમો કોરોમાન ઉપર હુમલો કરવા આવો છો?'

અમાઝે જવાબ આપ્યો, 'એના બાપદાદાઓએ અમારા બાપદાદા ઉપર હુમલો કરેલો.'

પૅટોમનનો રાજા ગુસ્સો કરી રાડચ પાડી બોલ્યો, 'સાલા જુઠ્ઠા! અમે બીચારા શાંતિથી પડયા રહીએ છીએ. પણ તમે ચોરટાઓ, ખૂનીઓ, લૂટારાઓ, માણસખાઉ અમને સુખે રહેવા દેતા નથી. વારેવારે અમને ત્રાહેત્રાહે પોકરાવો છો; અને પાછા મને બદનામ કરો છો?'

કડવાશથી અમાઝ ખડખડ હસ્યો. પછી તે ઘુરક્યો, 'યાદ રાખજે! આ બધાં વચનોને માટે મારા સિપાઇઓ બરોબર વેર લેશે. સૂરજ સૂવા જશે તે પહેલાં તારૂં શહેર સ્મશાન થશે, લોહીની નદીઓ ચાલશે, તારા જુવાનીઆઓનાં માથાં કુહાડીથી હેઠાં પડશે, તારી સ્ત્રીઓને અમે લૂંટી લઇશું. અને તારાં છોકરાંઓને અમે ચાવી જઇશું!'

આમ કહીને તેણે પૅટોમન રાજા ઉપર જોરથી ઘા કર્યો. મોટરના કાચમાં તડ પડી, પણ તે તૂટી પડયો નહિ.

ગિલ્બર્ટે કહ્યું, 'એને ગોળીથી વીંધી નાખો.'

જેફ્રેએ કહ્યું, 'હજી વાર છે.' તેણે અમાઝ તરફ ફરીને કડકાઇથી કહ્યું, 'અમે તને હુકમ કરીએ છીએ કે પાછો ફર અને ઘેર જા. અમારી પાસે એવાં હથિયારો છે કે તને અને તારા આખા લશ્કરને એક ક્ષણમાં જમીનદોસ્ત કરીશું. પાછો ફર. અને જો હમણાં જ પાછો ફરીશ તો તારૂં એકેએક માણસ સલામત છે; પણ જો મારફાડ કરવા આગળ વધ્યો તો સામે જ મોત છે. બસ, હું કહી ચૂકયો.'

બંને કારો હવામાં અદ્ધર ઊપડી અને દુશ્મનને માથે વીસ ફીટ ઊંચે ચક્કર દેવા લાગી. એમ જણાયું કે મુખીએ પોતાના આગેવાનો સાથે મસલત કરી અને એકાએક તેણે કુહાડી ઊંચી કરી. નીચેથી તેણે બૂમ પાડી, 'આગળ ધસો.'

ડેરિકે નિસાસો મૂકયો. બૉમ્બ હાથમાં લેતાં તે ગણગણ્યો, 'બીચારાને માટે દયા આવે છે પણ એ એ જ માગે છે.' આમ કહી તેણે બૉમ્બ પડતો મૂકયો.

વીસ ક્ષણ પછી આ બૉમ્બ ફૂટનારો હતો. કારમાં બેઠેલાઓની આ કેવી વિચિત્ર અને તાણવાળી પરિસ્થિતિ હતી! મુખીના પગ આગળ પડેલી નાની ચીજને તેઓએ જોઇ. આ ચીજ પોતાના માથા ઉપર પડતાં રહી ગઇ તેથી તુચ્છકારબુદ્ધિથી મુખી હસતો હતો તે પણ તેમણે જોયું. અત્યંત દયાની લાગણી તેમનાં હૃદયમાં ઊભરાઇ. હમણાં જ એકાએક બૉમ્બ ફૂટશે ને ગરીબ, અજ્ઞાની જંગલીઓ મરી જશે. એથી તેમને દુઃખ થતું હતું. પૅટોમન રાજા સિવાયના બીજા બધા વીસ સેકંડ પસાર થઇ ગઇ ત્યાં સુધી આંખો મીંચી બેસી રહ્યા.

ગિજુભાઇ

સરઘસ . . . . (અનુસંધાન પાછળ પાન ૧૩૬થી)

હતું: પણ બારણા પર શોકની ઘેરી છાયા ઝૂમી રહી હતી. ધડકતે હૃદયે તેણે અંદર પગ મૂકયો. સામે ઓરડામાં એક ખાટલા પર એ વૃદ્ધ ઓરત બેઠી હતી, જેના પતિએ આજ સ્વાધીનતાની વેદિ પર પોતાના જીવનનું બલિદાન દીધું હતું. તેની સામે સાદાં કપડાં પહેરીને એક યુવક ઊભો હતો. આંસુભરી આંખે તે વૃદ્ધા સાથે એ કંઇક વાત કરતો હતો. મધુરી એ યુવકને જોતાં જ ચોંકી પડી—વીરભદ્ર!

ક્રોધભર્યા આશ્ચર્યથી તેણે પૂછ્યું, 'તમે અહીં કેમ આવ્યા?'


'તું આવી એમ જ;–અપરાધની ક્ષમા માગવા.'

મધુરીના ગોરા મોં પર ઉલ્લાસ, ગર્વ અને પ્રેમની કોઇ અકથનીય વિભૂતિ ઝળકી ઊઠી: જાણે એના જન્મજન્માંતરના કલેશ શમી ગયા; જાણે ચિંતા ને માયાનાં બંધનોથી તે મુક્ત થઇ ગઇ.

[શ્રી પ્રેમચંદજીના તંત્રીપદ નીચે હમણાં જ શરૂ થએલા નવા હિંદી માસિક 'હંસ'માંથી અનુવાદિત]

ઝાડમાંથી છાપેલું પાનું, ૧૪૫ મિનિટમાં

ઑસ્ટ્રિયામાં હમણાં એક અખતરો કરી જોવામાં આવ્યો હતો કે ઓછામાં ઓછા કેટલા વખતમાં એક જીવતા ઝાડમાંથી કાગળ બની છપાઇને છાપું તૈયાર થઈ શકે. બરાબર ૭ને૩૫ મિનિટે સવારે ત્રણ ઝાડ પાડવામાં આવ્યાં અને ૯ને૩૪ મિનિટે તો એની છાલ ઉખેડાઈ, કપાઇ ફૂટાઇ પીસાઇને તૈયાર કાગળ બની ફૅક્ટરીમાંથી છાપખાને ગયો; જ્યાંથી ન્યુસપેપરની પહેલી નકલ રૂપે તે છપાઇ, વળાઇને બરાબર ૧૦ વાગ્યે બહાર પડયો! ૧૪૫ મિનિટમાં, તો જીવતા ઝાડમાંથી છાપેલું ચોપાનિયું તૈયાર!



પૂર્વ આફ્રિકાનો પ્રવાસ

જંગબારમાં સ્વાહિલીથી બીજે નંબરે આરબ જાત વસે છે. આરબ અમીર શાંબાના માલિક. ઠાઠમાઠ આપણા ઠાકરડા જેવો. ખાનદાની પણ એવી. મહેમાનગતીમાં પણ એવા. હવે ઘસાઇ ગયા છે. છતાં આંગણે આવેલ પાછો ન ફરે.

અવારનવાર અમે શાંબાઓમાં નીકળી પડતા. આખા જંગબારને પાણી પૂરું પાડનાર ચમચમ–અખુટ ઝરો; દરિયાથી પચાસ જ ડગલાં દૂર છતાં મીઠું સાકર જેવું પાણી પાનાર માંગાફાની—પાણીની ગુફા; પુરાણા સુલતાની વૈભવની યાદ આપતા સૈયદ બર્ગેશના મહેલનાં ભવ્ય ખંડીએર; અને જ્યાં બદામનાં સુંદર ઝાડ કાઠિયાવાડી ઢબે રામરામ કરતાં સામસામા બન્ને હાથ રાખી ઊભાં છે તે કોકોટોની;—આ બધાં જોવાલાયક સ્થળ અમે જોઇ આવ્યા હતા. જંગબારથી ચમચમ સાત માઇલ, માંગાફાની તેર, રાજમહેલ ચાર અને કોકોટોની ત્રેવીસ.

અમારો ઉતારો જંગબારના જાણીતા કચ્છી વેપારી સ્વ. શેઠ ચાંપશી હરિદાસને ત્યાં હતો. પેઢીનો કારભાર શેઠના મોટા પુત્ર શ્રી નવનીતલાલ ચલાવે છે. એમને સૌ 'મોટાભાઇ'ના નામથી પિછાને છે. મોટાભાઇ જુવાન છે, વિનયી છે, સુશિક્ષિત ને અત્યંજપ્રેમી છે. અમે જંગબારમાં રહ્યા તેટલા દિવસ પગ વાળીને બેઠા નહિ. આગેવાન ગૃહસ્થોને મળવામાં, સભાઓ ગોઠવવામાં, અમારી સરભરામાં પોતાનો કામ ધંધો છોડીને રોકાઇ ગયા હતા.

બીજા હીરજીભાઇ. શુદ્ધ ખાદીધારી જંગબારને ટીબે એ એક જ છે.'૨૧ની સાલમાં જંગબારમાં અત્યજશાળા ખોલનાર. વેપારી છે છતાં જંગબાર એમને 'અંત્યજ માસ્તર' તરીકે ઓળખે છે. એ બિરદની કિંમત હીરજીભાઈને છે. એમાં પોતે ગૌરવ માને છે. અમારા કામને તેમણે પોતાનું ગણ્યું હતુ.

જંગબારથી વીસ માઇલ દૂર મોટાભાઇના શાંબામાં અમે એક રાત ગાળી હતી. સાતઆઠ જુવાનો ઉપડ્યા હતા. વિદ્યાર્થી અવસ્થામાં કરેલ આબુ, ગિરનાર, ગોપનાથની મુસાફરી યાદ આવી જાય એવી લહેર ઉડાવી હતી. દરિયાઇ રેતીમાં કુસ્તી કરી દરિયામાં ધરાઇને તર્યા. હાથે પકાવીને કેળનાં પાનમાં જમ્યા. આપણે વિદ્યાર્થી અવસ્થા પૂરી થતાં નોકરીએ ચડીએ કે સ્વરાજ્યપ્રાપ્તિના કાર્યમાં લાગીએ એટલે અકાળ વૃદ્ધ થઇ જઇએ છીએ. રમવું કૂદવું જાણે ભૂલાઈ જાય છે. સ્વરાજ્યની સાથે ઘડપણ ન આવે તો સારૂં. આપણા દેશની મરણવય ઘટવાનો આ સાચો ઇલાજ છે. સ્વરાજ્ય મેળવવા માટે ગાંભીર્યની જરૂર છે. સોગની નહિ. જેલ જવું પડે તો હસતાંહસતાં, ફટકા પડે તોપણ એટલી જ લહેર, ગોળી આવે તોપણ એ જ ખુમારી. સાચા જુવાનનાં આ લક્ષણ છે. આપણામાં એ સ્વાભાવિક નથી એટલે કેળવવાં પડશે.

જંગબારમાં અમારૂં ફાળાનું કામ ઠીક ચાલ્યું હતું. ધર્મચુસ્ત ભાટિયા ગૃહસ્થો પણ અંત્યજપ્રેમી થતા જાય છે એ જાણી કોને હર્ષ ન થાય?

તા. ૨૬મીની રાત્રે મોંબાસા જવા માટે ખંડાલા જહાજમાં અમે ચડ્યા. રાતના બાર વાગ્યે અમને જહાજ ઉપર ચડાવી પાછા ફરતા સ્નેહીમંડળના મછવાઓ તરફ અમે જોઇ રહ્યા. મધરાતે વીજળીના દીવાથી ઝગાહળતું જંગબાર અમે ધરાઇધરાઇ નિરખી લીધું.

પૂર્વ આફ્રિકાનું પ્રવેશદ્વાર

બપોરના ત્રણ વાગે ખંડાલા જહાજે કિલિંડિનીના અગાધ જળમાં લંગર નાંખ્યું. ટાપુનું નામ છે મોંબાસા, પણ બંદરનું નામ રાખ્યું કિલિંડિની. કિલિંડિની એટલે અતાગ નીર. નાનકડી ખાડી છે. પણ પાણીનો તાગ નથી. મોટાં અમેરિકન બારકસ ડેકને અડીને ઊભાં રહે છે.

જગતભરમાં ઘૂમનારા પ્રવાસીઓ કહે છે કે પ્રાતઃકાળે જહાજના તુતક પરથી મોંબાસાનો દેખાવ કાશ્મીર અને સ્વિટ્ઝરલૅંડની યાદ આપે છે. જગતનાં થોડાંક જ બંદર આ કુદરતી દૃશ્યની હરીફાઇ કરી શકે તેમ

છે. મોંબાસાનું મૂળ નામ છે 'કાસીવાચાવીટા' એટલે યુદ્ધનો ટાપુ. પૂર્વ આફ્રિકા પર સત્તા જમાવવા મોંબાસામાં રોજ લડાઇઓ થતી. આરબ, પોર્ટુગીઝ, જરમન અને અંગ્રેજ આ ચારે પ્રજાએ રાજ્યલોભે પોતાનાં લોહીથી આ ટાપુને રંગી નાખ્યો છે.

જગતમાં હિંદીઓને માટે કોઇ સંસ્થાન ખુલ્લું હોય તો તે પૂર્વ આફ્રિકા. એ પૂર્વ આફ્રિકાનું નાકું મોંબાસા. એટલે મોંબાસા ઊતરતાં હિંદીઓને ઠીકઠીક વેઠવું પડે છે. જહાજમાંથી ઊતર્યા પહેલાં ત્રણ અધિકારીઓ જડતી લઇ જાય છે. પહેલો આવે આરોગ્યનિરિક્ષક; પછી આવે પરવાનગી અધિકારી (ઇમીગ્રેશન ઑફિસર); પછી આવે પોલીસનો વડો. કસ્ટમમાં એકેએક પેટી વીંખી નાખે. અમારૂં સમિતિના અહેવાલનું પોટલું તોડાવ્યું હતું. અંદર કયાંક સામ્યવાદી સાહિત્ય હોય તો? અંગ્રેજોનું ચાલે તો એ રશિયા તરફથી આવતા પવનને પણ અટકાવે!

મોંબાસાથી કેનિયા યુગાન્ડા રેલવે શરૂ થાય છે. દર પખવાડિયે સેંકડો હિંદીઓ કિલિંડિની કિનારે ઊતરે છે અને પૂર્વ આફ્રિકામાં સમાઇ જાય છે. ભણેલા ને અભણ જેને દેશમાં ધંધો ન જડે તે ઉછીના પૈસા લઇને ય આફ્રિકા આવે છે. પરંતુ હવે ઇગ્લંડમાં ભૂખમરો વધ્યો છે એટલે વેપાર ને નોકરીમાં માનવ જાતને શરમાવે તેવી હરીફાઇ અંગ્રેજોએ માંડી છે. નિતનવાં તોફાન જગાડે છે. રંગભેદનો પ્રશ્ન દક્ષિણ આફ્રિકાની જેમ અહીં પણ ગંભીર થતો જાય છે. મોંબાસા શહેરમાં યુરોપિયન, આરબ, હિંદીઓ ને સ્વાહિલી કૂલગૂંથણીએ વસ્યા છે, છતાં હમણાંહમણાં જ્યાં દરિયાકિનારે યુરોપિયન બંગલા બંધાયા છે ત્યાં હિંદીઓને વસવાની બંધી કરી છે! એક દિવસ એવો આવશે કે ધ્રુવની ઓરમાન માતાની પેઠે અંગ્રેજો આપણને સંભળાવી દેશે કે તમારે આ વિભાગમાં વસવું હોય તો મડમને પેટ અવતાર લ્યો! એ વેણ ઉચ્ચારવા જેટલી હામ આવ્યા પહેલાં આપણે એમને સીધા કરી દઇએ તો જુદી વાત છે.

સાંકડી ગલી અને સાંકડી બજાર; ગીચ વસ્તી અને ઊંચી મેડીએ મોંબાસા જૂની ઢબે વસ્યું છે. પોર્ટુગીઝે વસાવેલ કિલ્લો જર્જરિત અવસ્થામાં ઊભો છે. અમે જે શેરીમાં રહેતા એનું નામ વાસ્કો ડી ગામા સ્ટ્રીટ હતું. આમ મોંબાસાની પ્રાચીનતા ડગલે ને પગલે દેખાય છે. માત્ર કિલિંડિની રોડ પર યુરોપિયન ફૅશનથી બંધાએલી ભભકદાર દુકાનો અને રસ્તા નવીન થયા છે. નવા આવનારને એ ઘડીભર આંજી નાખે છે. આઠ દિવસ અંધારી, ગલીચ ગલીઓમાં ફર્યા પછી એ મોહ ઊતરી જાય છે.

અખાડામાં કુસ્તી કરી બળ મેળવવું સહેલ છે, પણ એને યોગ્ય રીતે વાપરવામાં વિવેક રાખવો કઠણ છે; તેમ ધન મેળવવું સહેલ છે, એનો સદુપયોગ કરવો કઠણ છે. જેણે ધન મેળવી જાણ્યું છે અને ખરચી જાણ્યું છે એવા શ્રી નાનજી કાલિદાસ મહેતાને ત્યાં અમારો ઉતારો હતો. મહાત્માજીનો પત્ર એમણે ભાવપૂર્વક વાંચ્યો. છાયા આશ્રમના મકાન માટે પાંચ હજાર રૂપિયા અર્પણ કર્યા. જૂની લોકકથાઓમાં આવે છે કે 'મોતીચંદ વાણિયો દાળિયામમરા વેચતો જાવા સુમાત્રા જઇને લાખોપતિ થઈ આવ્યો.' એ જૂની કથાની યાદ આપે એવા સાહસિક અને આપકમાઉ નાનજીભાઇ છે. ગોરાણાનો લુહાણો યુગાન્ડાનો શાહ કેમ બન્યો તેની કથા લાંબી છે. માણસને ચાલતાં મુશ્કેલી પડે એવી વગડાઉ કેડી ઉપર, ખભે બંદુક લટકાવી, મોટર સાઈકલ ઉપર સિંહની ત્રાડો સાંભળતા, દાંગાથી દારેસલામ તેઓ કેવી રીતે પહોંચેલા, અને મુંબાઈથી વહાણમાં બેસી માડાગાસ્કર જતાં ભયંકર તોફાન વચ્ચે, હાથે દળીને રાંધી ખાતાં પાંચ માસ છવ્વીસ દિવસે જમીનપર પગ કેવી રીતે મૂક્યો એ પ્રસંગો ચીતરવાનું આ સ્થળ નથી. પરંતુ આવાં અને આથી અધિક જોખમકારક સાહસો ખેડીને જે અંગ્રેજો અરધી પૃથ્વીના ધણી થઇ શક્યા છે તે વાત આપણે જુવાનોએ લક્ષમાં રાખવી ઘટે છે.

મોંબાસાના નિવાસ દરમ્યાન અમને એક જુવાનની ઓળખાણ થઇ: તે કુંજવિહારી શાહ. સી. પારેખના મૅનેજર છે. અમારા કામમાં રાતદિવસ એમણે મદદ કરી. ચાર વરસ પહેલાં શુદ્ધ ખાદીધારી હતા; ખાદીકાર્યાલય ચલાવતા. હજી ખાદી પ્રત્યે એટલો જ પ્રેમ છે. રાષ્ટ્રીય કામોમાં આગળપડતો ભાગ લે છે. ઇંડિયન એસોસીએશનના મંત્રી છે. ગુલાબી જુવાન છે.

૪થી ડિસેમ્બરે અમે મોંબાસા છોડયું.

(ચાલુ) **રામનારાયણ નાગરદાસ પાઠક**

નિત્યયુવાન નરસિંહભાઈ (અનુસંધાન પાન ૧૨૯થી)

પણ પૂરાં થઈ ગયાં, એટલે ગપ્પા મારવાં, બિઝિક રમવી, ફરવુંહરવું, એમાં જ સૌ કોઈ વખત વીતાવવા લાગ્યા. પણ નરસિંહભાઇને નવરાશનો સદુપયોગ કરવાની તીવ્ર ઇચ્છાએ માર્ગ સુઝાડ્યો. તેમણે જર્મન ભાષાનો અભ્યાસ શરૂ કર્યો. બે માસમાં તો વ્યાકરણના મૂળતત્ત્વ પૂરાં કર્યાં. તે વખતે ત્યાં કૉલૉનીમાં જર્મન નિશાળો હતી ત્યાં બાણ્ટુ બાળકોને મફત ભણાવવામાં આવતાં અને રોજના પાંચ સેંટ ખાવાના અપાતા. દરેક છ માસે મફત કપડાં પણ આપતા. આમ મફત શિક્ષણ અપાતું. તેમાં જર્મન, સ્વાહિલિ ભાષાઓ અને અંકગણિત શાખવવામાં આવતાં. વ્યાકરણ પૂરૂં કર્યાં પછી નરસિંહભાઇ મુઆન્ઝાની આવી શાળામાં દાખલ થવા માટે ત્યાંના મુખ્ય શિક્ષકને મળ્યા. તે આશ્ચર્યચકિત થયો. બાણ્ટુ સિવાય બીજા કોઇને શાળામાં દાખલ ન કરી શકાય, તેથી એમ ને એમ બેસવાની પરવાનગી આપી. અહીં એમણે ઉચ્ચાર શાખી લીધા ને પછી એ જર્મન હેડ માસ્તર યૂલિયસ આઉગુસ્તિની (Jnlius Augustini) પાસે ખાનગી અભ્યાસ શરૂ કર્યો. આમ નવરાશના વખતમાં વિદ્યાર્થી બની એમણે જર્મન ભાષાનો સારો અભ્યાસ કરી લીધો.

હવે કેટલાક મિત્રોના દબાણથી અંગ્રેજી શાખવવાની નિશાળ ઉઘાડવાની મહામહેનતે પરવાનગી મેળવી. તેમાંથી તથા બીજા એક વેપારી મિત્ર તરફથી પૈસા મળ્યા. સાતસેં રૂપિયા રોકડા થયા. અંગ્રેજોની તોપોના મારાની અને પરિણામે ઉલ્કાપાતની બીકથી એ રૂપિયા એક ચ્હાદાની (કિટલી)માં ભરીને દાટ્યા. પાછળથી એક લાભજનક વેપારમાં સારો કસ જણાયાથી એક વેપારી મિત્રે એ રકમ રોકી અને તેના બે માસમાં વધીને બે હજાર થયા! પણ આ વખતે રૂપિયાને બદલે જર્મન નોટો હાથમાં આવી પડી. તે સાચવી રાખી. અહીં હિંદમાં આવ્યા પછીથી તેમણે અંગ્રેજ સરકારને એ નોટો વટાવી રૂપિયા કરી આપવા સોંપેલી; પણ જર્મન નાણાંના ભાવ ઘટવાને લીધે તેના એમને રૂા. ૪૮૭-૮-૦ મળ્યા! 'રળીઆ ગઢવી ઘેરના ઘેર.' પાણીના પાણીમાં ગયા એટલું જ નહિ પણ દૂધના યે પાણીમાં ગયા એમ તેમને લાગે છે! બેશક પેલી ચ્હાદાની તો હજી યે તેમના ઘરમાં છે!

આફ્રિકાના એ વસવાટ દરમ્યાનની ત્યાંની દરરોજની વાપરની ચીજોના ભાવ જોઇએ તો ખ્યાલ આવશે કે લડાઇ એકલા રણક્ષેત્ર ઉપર જાનમાલની જ ખુવારી નથી કરતી, પણ એના પાપી છાંટા દૂરદૂર ઊડે છે. ગ્યાસતેલને બદલે બધા ત્યાં ઘીનાં કોડિયાં બાળવા લાગેલા, કારણકે ગ્યાસતેલના ૩૫ શેરના ડબાના ધીરે ધીરે ૧૦, ૨૦, ૩૦ ને ૫૦ રૂપિયા થયા ને પછી અદશ્ય! જ્યારે ઘી ત્રણ રૂપિયે મણ! ઘી ત્યાંની પેદાશ તે બહાર ચડી શકતું નહિ. રોટલી ચોપડવામાં ઘી, શાક વઘારવામાં ઘી, માથે ઘાલવામાં ઘી ને બાળવામાં ઘી!

લસણના એક ઝીંડવા (પોથી)ના બે આના અને હળદર એક કિલો (એટલે સવા બશેર)ના આઠ રૂપિયા! કોલન વૉટર એક શીશીના ૨૦ રૂપિયા અને મીંઢીઆવળ એક કિલોના ૪૦ રૂપિયા ! પડીકાં બાંધવાના પસ્તીના કાગળો જે બેત્રણ આને કિલો મળતા તેના ૩ રૂપિયા થયા ને વાસણ રેણવાની કલાઇના ભાવ એક કિલોએ ૮૦ થી ૧૦૦ રૂપિયા થયો. ખાંડ ૬ રૂપિયે કિલો. એક નોટપેપરનો અરધો રૂપિયો ને પેન્સિલના બબ્બે રૂપિયા! રેચ લેવાના અધોળ દિવેલના બે રૂપિયા! સીગરેટના પેપરની અછતને લીધે વેપારીઓની કૉપીઇંગ બુકો (ઝરઝરિયા કાગળની નકલ છાપવાની ચોપડીઓ)ના ભાવ વધી ગએલા ને દોઢ રૂપિયાની કૉપીબુકનો ૪૦ રૂપિયા ભાવ થએલો! શીવવાના દોરાના એક ચાપડાની કિંમત ચાર આના, ને એક ખમીસની કિંમત ૨૦ રૂપિયા થએલી! અને વળી ધીરેધીરે એ સૌ વિરલ થતું ગયું અને ભાવ ચઢાવતું ચઢાવતું અદૃશ્ય થતું ગયું! આમ અણસાંભળેલો અને અકલ્પ્ય એવો ભાવોમાં વધારો થયો. ગરીબનો શો આશરો?

ત્યાં ઘઉંનો પાક જ નહિ. હિંદુસ્તાનથી આટો આવે ત્યારે સૌ ખાય. તે પણ લડાઈમાં મોંઘો થયો અને પછી વેચાતો જ બંધ થયો. ત્યાં આંબા પુષ્કળ. કેરીઓ પણ પુષ્કળ રસભરેલી ઊતરે. પણ લોટ વગર રસરોટલી શેની કરવી? મિત્રોને આશ્ચર્ય પમાડવા તેમણે ૨૦-૨૫ જણને નોતર્યાઃ રસરોટલીનું જમણ! સૌ જાણી ગયા કે મશ્કરી થવાની છે. પાટલા મંડાયા, થાળીઓ પીરસાઇ, કટોરાંમાં રસ આવ્યો. સૌના આશ્ચર્ય ને કુતૂહલની અવધિ થવા લાગી. એટલામાં ટપટપ

તાજા, ગરમાગરમ ફૂલકા દરેકની થાળીમાં પડવા લાગ્યા. બધા તો ખુશખુશ થઇ ગયા ને મીઠો ઠપકો દેવા લાગ્યા કે આટલો બધો આટો તમે ઘરમાં સંઘરી રાખો છો ને અમારાં છોકરાં તો ચપટી લોટનાં દર્શન પણ પામતાં નથી.' બધાએ ખૂબ દિવસની ભેગી કરેલી ભૂખ ભાંગી, એટલું જ નહિ પણ થોડા લોટની માગણી કરી. પછી તેમણે બધાને કહ્યું કે 'તમે ખૂબ બન્યા! આટો ઘઉંનો નહિ પણ મોહોગોનો હતો!' (તે શકરિયાંની જાતનો, તેનાથી કદમાં બહુ મોટો પણ મોળો એવો કંદ થાય છે. ત્યાંના વતની તેના કકડા કરી, સુકવી, ખાંડી, આટો કરીને ઘેંશ કરી ખાય છે. આ ઉપરથી તેમણે લોટ બને કે કેમ એ નજર દોડાવી, રોટલી બનાવવાની શોધ કરેલી! થોડા જ સમયમાં આખા ગામમાં આનો લોટ પ્રખ્યાત થયો. આમ તેમનું મન હરહમેશ ઉપયોગી બાબતની શોધખોળમાં મચ્યું રહેતું.

વધારે ઘેરો ચાલુ રહ્યો હોત તો પહેરવાનું કાપડ ખૂટી પડત; વખતે ચામડાં પહેરવાનો વખત આવત! જર્મન ઑફિસરોએ તો વખત વિચારીને ચામડાનાં કપડાં પહેરવાં શરૂ પણ કર્યાં હતાં; અને હિંદી સ્ત્રીઓએ કાંતવું એમ પણ જાહેર થએલું.

જર્મન સરકારની પ્રેરણાથી ૧૯૦૧માં એક કમિશન આ કૉલોનીમાં આવેલું. ત્યાં હિંદીઓ ઇષ્ટ છે કે અનિષ્ટ એ તપાસવાનું તેનું કામ હતું. હિંદીઓ સિવાય કૉલોની ખીલી શકશે જ નહિ એવો અભિપ્રાય તે કમિશને આપેલો ને ત્યારથી હિંદીઓ તરફ જર્મનોનું વલણ ઘણું જ સારૂં હતું. સંસ્કારી હિંદીને તો તેઓ યુરોપિયનોની બરોબર લેખતા. દક્ષિણ આફ્રિકાના અંગ્રેજ કૉલોનીની પેઠે આ કૉલોનીમાં હિંદીઓ માટે અંતેવાસ (સૂતકી સૂગ–Segregation) ન હતો. જે પોળમાં નરસિંહભાઇ રહેતા ત્યાં એક ડબા રેણનાર વહોરો, પછી એક જર્મન હૉટેલ વાળો, એક પંજાબી, એક ફ્રેંચ, એક ગ્રીક, એક હિંદી અને એક સોમાલી હારબંધ રહેતા. બધાં યે સ્વાહિલી ભાષા દ્વારા વાતચીત કરતાં.

એક વખતે નરસિંહભાઇ કેટલાક બીજા પાડોશીઓ સાથે ઊભાઊભા ઓટલે દાતણ કરતા હતા. તેવામાં પ્રાંત કમિશનર હેર ગુન્ત્સર્ત રસ્તેથી નીકળ્યો. તેણે ગજવામાં હાથ નાખી જોયો ને પછી નરસિંહભાઇની નજદીક જઇને નમ્રતાથી તેમની પાસે એક રૂપિયો ઉછીનો માગ્યો. તેમણે ઘરમાંથી લાવીને આપ્યો. બપોરે તે કમિશ્નર રૂપિયો પાછો આપવા આવ્યો પણ નરસિંહભાઇ ઘેર ન મળ્યા. ફરીથી તે ને તે જ દિવસે બીજીવાર આવીને તે હાથોહાથ રૂપિયો આપી ગયો. શો વિનય ને શી નમ્રતા!

રવિવારે રજા હોવાથી લશ્કરીઓ દારૂ પીને તોફાન ન કરે એટલા માટે કાયદો કર્યો હતો કે તે દિવસે શાકબજારમાં કોઇને લાકડી લઇ જવા દેવી નહિ. અકસ્માત એક રવિવારે નરસિંહભાઇ લાકડી લઇને ગયા. દરવાજે ઊભેલા એક આસ્કારી (સિપાઇ)એ લાકડી લઇ લીધી. તેમણે તરત જ કિલ્લામાં જઇ મુખ્ય ન્યાયાધીશને વાત કરી. તેણે સિપાઇને બોલાવી ધમકાવ્યો અને કહ્યું: 'વેવે હપાના જુઆ યેયે સવાસના મઝુંગુ!' (જાણતો નથી કે આ યુરોપિયન જેવો છે?) તરત જ ત્યાં ને ત્યાં લાકડી મંગાવી આપી.

જર્મન સરકાર તે વખતે રોકડ નાણું કાઢી શકે એમ નહિ હોવાથી તેણે રૂપિયાની નોટ કાઢી. સરકારી તિજોરીમાંથી નોટ મળતી, પણ પ્રજાને તો ત્યાં રૂપિયા જ ભરવા પડતા! એક વખત તેમને ત્રણ રૂપિયાનો પુરુષવેરો ભરવાનો આવ્યો. સરકાર નોટ તો લે નહિ અને ઘરમાં રૂપિયા મળે નહિ! વેરો ઉઘરાવનાર જર્મન અધિકારીને આ વાતથી વાકેફ કર્યો. તેણે માલ લીલામ કરી કર વસુલ કરવાની વાત કરી. તેમણે તે તેમ કરવા મુખત્યાર છે એમ કહ્યું. તે પ્રસંગે તો અધિકારી ચાલતો થયો ને કાલે આવીશ એમ કહેતો ગયો. સાંજે તેઓ બંને જંગલમાં મળ્યા. ત્યાં વાતચીતથી તેમની પાસે રૂપાનાણું નથી એમ તેની ખાત્રી થઇ. નિયમનો ભંગ થાય નહિ એટલે તેણે પોતાના ખાનગી રોકડા રૂપિયા આપીને નરસિંહભાઇ પાસેથી ત્રણ રૂપિયાની નોટો લઇ લીધી અને બીજે દિવસે તે જ ત્રણ રૂપિયા કર તરીકે વસુલ કરી લઈ ગયો! શી દિલાવરી!

ત્યાં રાજદ્રોહને માટે કોઇને છ માસથી વધારે સજા જ નહોતી કરવામાં આવતી. પોસ્ટ તો જઈ શકતી જ નહોતી, છતાં એક વાર ૧૯૧૪ના ઑગસ્ટનું મૉડર્ન રિવ્યુ તેમને ૧૯૧૫ના જુલાઈની ૨૪મી તારીખે મળેલું.

તલ છેક સસ્તા થઈ ગએલા, પણ ઘાણીઓ નહિ એટલે તેલ ન મળે. હિંદી વેપારીઓએ ઘાણીઓ દાખલ કરી. એમાંથી નીકળતા ખોળનો કંઈ ખાસ ઉપયોગ નહિ હોવાથી મજૂરો રાત્રે તેની તાપણી કરતા.

ઘેરાના છેલ્લા દિવસો હતા. જર્મનોને શંકા પેસવા માંડેલી કે હિંદી પ્રજા અકળાઇને અંગ્રેજોની રાહ જુએ છે. તેઓ હવે પ્રજા ઉપર વહેમાએલા રહેતા. એક રાત્રે બાર વાગ્યે પોસ્ટ માસ્તરે દૂર કંઇક પ્રકાશ જોયો. શત્રુને નિશાની થાય છે એવે વહેમે પોલિસ ઑફિસરને તેણે ફોન કરી ખબર આપી. ઑફિસરનો હુકમ ઉઠાવી સિપાઇઓ જેની ઘાણી આગળથી પ્રકાશ આવતો હતો તેને પકડી ગયા. લશ્કરી તપાસને અંતે એ ઘાણીવાળા ગંગાદાસની શી સ્થિતિ થાય તેનો વિચાર કરતાં સૌ કંપ્યા. નરસિંહભાઇએ વિચાર્યું કે ગંગાદાસની ઘાણીની તાપણી પોસ્ટ માસ્તર જોઈ શકે જ નહિ. તેમણે ન્યાયાધીશ આગળ આ વાતની રજુઆત કરી. ન્યાયાધીશે એ સ્થળ પ્રત્યક્ષ જોવાનું ઠરાવ્યું. તપાસ કરી આવતાં ન્યાયાધીશ સામા મળ્યા અને કહ્યું કે 'ગંગાદાસની તાપણી પોસ્ટ માસ્તર જોઇ શકે નહિ એવી મારી ખાત્રી થઈ છે.' નરસિંહભાઈ એ ગંગાદાસને છોડી મૂકવાની માગણી કરી. ન્યાયાધીશે કહ્યું, 'અત્યારે તો સાંજ પડી ગઇ છે; કાલે રવિવાર છે માટે સોમવારે સવારે છોડીશ.' તેમણે કહ્યું કે 'પણ કયસરનો હુકમ છે કે નિરપરાધીને એક મિનિટ પણ જેલમાં રાખી શકાય નહિ.' ન્યાયાધીશ આ સાંભળી તેમને લઇને હસતોહસતો ત્યાંથી બારોબાર કોર્ટમાં ગયો. કરવાનો વિધિ કર્યો હશે કે નહિ, તે કોણ જાણે પણ સાંજે ગંગાદાસ છૂટીને ઘેર આવ્યા. આ એક જ કિસ્સા પરથી એ ઑફિસરની ભલમનસાઇ ને ચોકસાઇની પ્રતીતિ થાય છે.

૧૯૧૬ના જુલાઇ માસની ૧૪મી તારીખ હતી. મધ્યરાત્રે તોપના ત્રણ ભયંકર અવાજ થયા. એ ભયસૂચક ચિહ્ન હતું. ધારેધારે ખબર પ્રસર્યા કે અંગ્રેજો ધપી આવે છે. જર્મનોએ શહેર ખાલી કરવાની તૈયારીઓ કરવા માંડી. તેમણે લશ્કરી સાધનો તોડવા માંડયાં. વાયરલેસનો ૨૫૦ ફૂટ ઊંચો થાંભલો મોટા અવાજ સાથે જમીનદોસ્ત થયો. એક પછી એક અધિકારીઓએ શહેર ખાલી કરવા માંડયું. હૅર ગુન્સર્ત પોળમાં થઈને પસાર થયો ત્યારે સ્ત્રીઓ તો એ ભલા અમલદારના જવાના દૃશ્યથી રડી પડી. ન્યાયાધીશે બપોરના બાર વાગતાં સુધી ચુકાદા આપ્યા કર્યા અને છેવટે બજાર વચ્ચે થઇ શાંતિથી લાકડી ઝુલાવતો ચાલી નીકળ્યો. જર્મનો જાય અને બ્રિટિશો આવી પહોંચે એ બે સમય વચ્ચેના બીનરાજકતાના ગાળામાં કોઈ હિંદી ઉપર હાથ ઉપાડે તો ગોળીબાર કરવાના અધિકાર સાથે ૫૦ નેટિવ સિપાઇઓને રાખી જર્મન સરકાર શહેર ખાલી કરી ગઇ. અંગ્રેજો આવવાની સાથે એ સિપાઇઓ પણ ચાલતા થયા. કિલ્લા ઉપર સફેદ વાવટો ચડ્યો. હવે જર્મનના અધિકારમાંથી નીકળી સઘળા અંગ્રેજના અધિકાર નીચે આવ્યા. સૂર્ય ઊગી આથમતામાં તો પ્રજાને માથે બે સત્તાના વાવટા ઊડી ચૂક્યા!

અંગ્રેજના આ લશ્કરી રાજ્યમાં રહેવું સલામત ન લાગ્યાથી નરસિંહભાઇએ ઑકટોબર માસમાં મુઆન્ઝા છોડયું અને સરોવરને ઉત્તર કાંઠે જિંજા જઈ રહ્યા. ત્યાંના રિપન ફૉલ્સ જગતવિખ્યાત છે. ત્યાં ત્રણ વર્ષ રહ્યા પછી સને ૧૯૧૯માં તેઓ સહકુટુંબ હિંદ આવવા નીકળ્યા. પણ રસ્તામાં તેમને દીનબંધુ ઍન્ડ્રુઝની સાથે આફ્રિકામાં ફરવાનો સુયોગ પ્રાપ્ત થયો, એટલે કુટુંબને એક જગ્યાએ થોભાવી તેમની સાથે પંદર દિવસ ગાળ્યા. દીનબંધુને તેમનાથી છૂટા પડવાનું બીલકુલ મન ન હતું, કારણકે એમની સહાયથી તેઓ ત્યાંના સાચા પ્રશ્નો સહેલાઇથી ઊકેલ લાવી શકે, એમ એમને લાગેલું. પણ કુટુંબ અનિશ્ચિત સ્થળે હોવાથી નરસિંહભાઇથી વધારે રોકાવાય એમ હતું નહિ, એટલે તેઓ રજા લઇને—અને ફરીથી 'શાંતિનિકેતન'માં બનતા સુધી મળવું એમ ઠરાવીને–છૂટા પડયા. તેમનું વર્ણન કરતાં દીનબંધુ લખે છે કે, 'સ્ટીમરના ડેકના એક શાંતિપ્રદ ખૂણામાં તે પોતાના પગ ઉપર લ્યૂથરે ભાષાંતર કરેલું જર્મન બાઈબલ અને પાસે અંગ્રેજી બાઇબલ લઇને બેઠેલા દૃષ્ટિગોચર થાય છે. હમેશ તેમાંનો ગિરિપ્રવચનના તેના વહાલા પ્રકરણવાળો ભાગ ઉઘાડો દેખાતો. અહિંસાના ઉચ્ચ ધાર્મિક સંસ્કારથી આપના હિંદુ ધર્મમાં તે આનંદ માનતા.'

હિંદુસ્તાનમાં આવી કુટુંબને સોજીત્રા મૂકી તેઓ ૧૯૨૦ના જૂનની ૨૯મી તારીખે શાંતિનિકેતન જવા

ઉપડ્યા. થોડા સમય પછી કુટુંબને પણ ત્યાં બોલાવી લીધું. ત્યાં શિક્ષક તરીકે તેઓ ત્રણેક વર્ષ રહ્યા એ દરમ્યાન કવિવર રવિબાબુ, ક્ષિતિમોહન સેન, વિધુશેખર ભટ્ટાચાર્ય, પ્રો. સિલ્વેં લેવી, દીનબંધુ વગેરેના સીધા સંબંધમાં આવી સૌનો સારો પ્રેમ સંપાદન કરેલો. પોતાને અને પોતાના કુટુંબને ત્યાંના સંસ્કારનો લાભ સારો મળ્યો એમ તેઓ માને છે.

શાંતિનિકેતનથી પાછા ફર્યા બાદ દમની બીમારીને લીધે તે આણંદ રહ્યા અને છેવટે ત્યાં જ સ્થાયી રહેવાનો નિશ્ચય કર્યો આજે પણ ત્યાં જ રહે છે. દરદમાંથી રાહત મેળવી તેમણે અહીં ફરીથી સામાજિક સેવામાં કંઈક અંશે ઉપયોગી નીવડે એવું પ્રવૃત્તિમય જીવન શરૂ કરવાનો નિશ્ચય કર્યો. તેમની ચકોર આંખે ક્યારનાં યે પોતાની જ્ઞાતિનાં ૨૯ (અને તેથી શુદ્ધ મનાએલાં) પાપકર્મો નિહાળ્યાં હતાં. વિધવા સધવાનાં દુઃખની ચીચિયારીઓ અને ઢીંગલા ઢીંગલીનાં લગ્ન (ને તે ય પાટીદારોનાં)થી થતી હાનિ તેમનાથી સહી ન ગઈ. વધારે તો વડીલોની એકહથ્થુ સત્તા અને યુવકોના તાજા સ્વાતંત્ર્યથી સુગંધિત અંકુરોને દાબી દેવાની પ્રણાલિ સામે તેમનો આત્મા બંડ ઉચ્ચારી રહ્યો. પરિણામે તેમણે 'પાટીદાર' માસિક શરૂ કર્યું. એ નાનકડા માસિકે શી શી ક્રાન્તિ પાટીદાર જગતમાં કરી નાખી છે તે તો ભાવિનો ઇતિહાસ નક્કી કરશે. આજે તે ખરા યુવકોનું માનીતું છે. 'આફુસની કેરીઓ' વેચનારને કે કહેવાના મોટા કુટુંબના 'હીરા'ને કે પછી યુવકો કહેવડાવવાનો ખોટો દાવો કરનાર પચીસ, ત્રીસ વર્ષના માણસોને તે માફક ન આવે એ સ્વાભાવિક છે. તેની 'પ્રસંગકથા' તો હરેક સમાજને લાગુ પડતી છે.

હરહમેશ પોતાના કાર્યમાં નિયમિત અને પાર પડે એવું લાગે તે જ કાર્ય ઉપાડવાના એ નિશ્ચયવાળા છે. પછી कार्यं साधयामि वा देहं पातयामि એ મુદ્રાલેખ થઇ જાય છે. જ્યાં સંતોષ ત્યાં સુખ, આનંદ, સંપ, સ્વતંત્રતા વગેરે હોય એ ન્યાયે તેમના કુટુંબમાં છે. કલહકંકાસની વાત નથી. નાનામાં નાના બાળકને પણ એકબીજાને ખુલ્લા દિલથી વાત કરવાની તેમજ સ્વતંત્ર સીધા લીટીમાં વર્તવાની છૂટ છે. તેમનાં પત્ની ---દીવાળી બા-સિવાય તેમને ક્ષણ પણ ચાલે તેમ નથી. તેમના દરેક કાર્યની પહેલાંની તૈયારી એ જ કરે. આથી નરસિંહભાઇ તે બાબતમાં અપંગ બન્યા છે. તેમની બધી જરૂરિયાતોની સીધી માહિતી દીવાળીબા એકલાંને જ. એક વખત વાતેવાતમાં હસતાંહસતાં નરસિંહભાઇએ એમને પૂછ્યું કે 'તમે મારા પહેલાં મરી જાઓ તો મારે વગર મોતે મોત જ આવીને ઊભું રહે.' એટલે તરત જ પ્રત્યુત્તર મળ્યો કે 'ના; તમે જ પહેલા જાઓ તો સારૂં, જેથી હું તમને સુખીઆ જોઉં.' કેટલી નિખાલસ અને દૃઢ મનની વાત! અત્યારની સ્ત્રીઓને તો આવા અર્થનો શબ્દ ઉચ્ચારતાં જ જાણે ધણી મરી ગયો હોય એવા હેરત અને હેબત પમાડનારા ભાવોની મુખ ઉપર જમાવટ થઈ જાય!

દરેક કાર્ય ઝીણવટ અને કરકસરથી કરવાના તે ખાસ આગ્રહી છે. આણંદમાં ફરીથી એક વખત દમે સખત ઊથલો ખાધો. તેને તેમણે એક વખત ૭ અને બીજી વાર ૧૦ દિવસના ઉપવાસ કરી હઠાવ્યો. હવે તે રોગ પજવતો નથી. તેઓ માણસનું વજન વધ્યું કે ઘટયું એ ઉપર તેની તંદુરસ્તીનો આંક માંડતા નથી, પણ તેની વજન ઊચકવાની શક્તિ કેટલી વધી કે ઘટી તે ઉપર આંક માંડે છે!

ભાષાશાસ્ત્રનો સારો એવો તેમનો અભ્યાસ છે અને તે એમની હરહમેશની વાતચીતમાં દૃષ્ટિગોચર થયા વિના રહેતો નથી. વાતચીતમાં તો એવો રસ જમાવે છે કે તમને છોડવાનું મન ન થાય. કેટલીક વખત તો તેમના હાજરજવાબીપણાથી બીજાને મુગ્ધ કરી શકે છે. થોડા સમય પર શ્રી વિઠ્ઠલભાઇ પટેલની સાથે વાતચીત થતાં વિઠ્ઠલભાઇએ પૂછ્યું, 'નરસિંહભાઈ, પેલી 'વનસ્પતિની દવાઓ' કેટલે સુધી આવી છે?'

'ઠેઠ ઍસેમ્બલી સુધી તો પહોંચી ગઈ છે; અને વધારે નિકટ જોઇતી હશે તો તે પણ આવશે.' એવો સીધો ને સ્પષ્ટ જવાબ વિઠ્ઠલભાઇને મળી ગયો! બંને પટેલમાં કોણ કોનાથી ગાંજ્યો જાય એવો છે?

Live Dangerously—અગ્નિજીવન જીવો—એ એમનો પ્રિય મંત્ર છે. કહેવાતા ધર્મ, કર્મ વગેરેમાં એ માનતા નથી. પ્રાર્થના કર્મમય હોવી જોઇએ એમ તેઓ માને છે. રાજકારણમાં, સામાજિક પ્રશ્નોમાં તેમજ કેટલીક ધાર્મિક બાબતમાં તેઓ મહાત્માજીને અનુસરે છે. વિનયભરી રીતે પણ તડ ને ફડ કહેવાની

તેમની વર્તણુકથી તો ઘણા વાકેફગાર છે.

આવા પ્રકારનું જીવન ગુજારનારને દુશ્મનો હોય ને ટીકા યે હોય. એમનું જીવન વાંચ્યા પછી પ્રતીત થશે કે દૃઢ મનના સમાજસેવકને, ટીકા સહચારિણી બને ને દુશ્મન મિત્રની ગરજ સારે એવો લાભ મળે તો જાણવું કે પોતાના કાર્યની વિજયલક્ષ્મી સમીપ છે.

ઇચ્છીએ કે આ સુભગ જમાનામાં જ્યાં યુવકોને રણહાકલ સંભળાય છે ત્યા આવા ઉમરમાં વૃદ્ધ પણ હૃદયે જુવાન નરનું જીવન ઉત્સાહપ્રેરક નીવડે. તેઓ હજુ પણ પોતાને જુવાન જ કહેવડાવે છે અને હાસ્યમાં ટકોર કરે છે કે 'આ ધોળાંનાં હજુ કાળાં કરવાં છે.' હજી યે તેમને માયકાંગલા મનુષ્ય તરફ ને બીકણ વિચારો તરફ અણગમો છે. તેમને મન યુવક તો મસ્તીખોર ને કૂદતો હોવો જોઇએ. જોકે તેનાં ખેલન નિર્દોષ હોય. છોકરાંઓને ડાહ્યાડમરાં બનાવવાના વિચારના તે બીલકુલ નથી. તેમને છૂટથી તોફાન કરવા દેવું જોઇએ એમ તેઓ માને છે. તેઓ કહે છે કે 'બધા જ તોફાની જગતનું કલ્યાણ કરી નાખશે એમ નહિ, પણ નમાલાએ કોઇનું શું દળદર ફૂંક્યું એ કહેશો? સમાજમા તોફાનીઓ કેટલા છે એ પરથી સમાજની શક્તિનુ માપ નીકળે. વસ્તીપત્રક તો ગામમાં થાય, કોઇ મસાણમાં વસ્તીપત્રક કરવા જતું હશે? આખા ગામના કરતાં ત્યા વધારે સૂતાં છે, પણ કોઇનું નામ જ નહિ.' **નટવરલાલ દવે**

વશરામ ભૂવો

બા ળ વિ ભા ગ



વશરામ ભૂવો જાંબુડી મેલડીનો ભૂવો. ગામને સીમાડે જાંબુડી નીચે મેલડીનું રહેઠાણ. જાંબુડી એનું થાનક, એટલે જાંબુડી મેલડી એનું નામ.

વશરામ ભૂવો રોજ જાંબુડીએ જાય, મેલડી પાસે ડાકલું વગાડે ને મેલડીનાં માન ગાય. મેલડી તો પત્થરની. એને કાન ક્યાંના? એને સાન શેની? પણ ભૂવાને મન એ માતા; ભૂવાને મન એ દેવી.

ભૂવો કહેવાય મેલડીનો ભગત. પણ બધા વાતે પૂરો. પરમાટી ખાય ને રાતું પાણી યે એને ખપે! ભૂવો કહેશે, 'એ બધા તો માની પરસાદી. છાંટો ન લઇએ તો મા પરસન કેમ થાય?'

ગામના લોકો અજાન ને ભોળાં. બીચારાં દેવને નામે બીએ. એમાં ય મેલડીનું તો નામ પડે ત્યાં લોકો થરથર કંપે. 'અરરર . . માડી . . . . મેલડીનું વાંકું ન બોલાય. એની પરસાદી ન ઠેલાય; એના ભૂવાને કાંઇ ન કહેવાય: મેલડી ઊંધે કાંધ નાખી દે.'

ભોળાં બીચારાં ગામલોક જંતર મંતર તંતર જે કહો તેમાં માને. પાડીને જીવડા પડ્યા, તો કે બોલાવો ભૂવાને; ભેંશ પુંછલે પડી તો કે સા' કરો ભૂવાને; બળદનું શીંગડું પાક્યું તો કે વશરામ ભૂવો કાંઇક કરશે. ભૂવો આવે ને દોરો કરી આપે; ધુમાડો આપે ને બાધા લેવડાવે દૂખે પેટમા ને માથું કૂટ્યે કાંઇ મટે? ઢોર માંદુ પડ્યું એમાં દોરો કે ધાગો શું કરે? એમાં ધુમાડે શું વળે? પણ લોકોને તો ભૂવો ઇ દેવ ને ભૂવો ઇ દેવના. ઢોર મરી જાય; ભેંશ મરી જાય. ભૂવો કહેશે, 'માને વાત ન ગમી. માની મરજી હોય એમ થાય ના?'

એ લોકોને બીચારાંને કોણ સમજાવે કે ભૂત પલીત એવું કાંઇ નથી? નાહક તમે શું કામ ડરો છો? નાહક તમે શું કામ ભૂલો છો. ભૂવો તો ઊલટું ઊંધું જ મારે. એમાં જ એને તો લાભ. એમાં જ એની કમાણી.

કોઇને ગોળો ચડ્યો તો ભૂવો કહેશે ઇ તો કોઇનું કરત છે કરત! કોઇને વાઇ આવે તો ભૂવો કહેશે

ઇ તો વળગાડ છે વળગાડ! કોઇને ક્ષય થાય ને સૂકાતું જાય તો ભૂવો કહેશે ઇ તો કોઇએ મૂઠ નાખી છે મૂઠ! કોઇનું મગજ નબળું પડે અને એલફેલ બોલે તો ભૂવો કહેશે જરૂર કોઇએ દાણા છાંટ્યા છે! કોઇનો પગ દુખવા આવે તો ભૂવો કહેશે અરે એ તો ક્યાંક પીર મેલડીની જગ્યામાં પગ પડી ગયો હશે! એવાએવા. એક હજાર ને એક વહેમો ભૂવો લોકોમાં નાખે ને લોકોનું લૂંટે. ભૂવો કહેશે ડાકલાં બેસાડો તો રોગ જાય. બીચારો માંદો તાવે પીડાતો હોય એના પર ડાકલાં બેસાડે! આખી રાત ડુમડુમ ડુમાક ને 'એ... ઉગમણા ગોખવાળી, એ... ખપ્પરવાળી, એ.... ભવાની.... હાઉ, હાઉ, હાઉ.' ભૂવો ખોટો ધૂણે, ખોટા હોંકારા કરે ને માતા આવ્યાનો ઢોંગ મચાવે. બીચારાં સીધાં સરળ લોક. માતા આવ્યાં માની લે ને પછી ભૂવો કહેશે 'એ માતાને આટલો મલીદો કરો; આટલા બાકળા શમશાને મૂકો; ચાર ખેતરની ધૂળ આણી, કુલડીમાં હીંગ સાથે રાખી કુવામાં નાખો; ગધેડાનું શીંગડું બાળીને પી જાઓ.' આવાઆવા કૈંક ધંતરમંતર કરે ને લોકોને બાકાવે ને ડરકાવે.

બીચારો માંદો હોય એ મરી જ જાય ને? દવા વિના સાજો ક્યાંથી થાય? ભૂવો કહેશે, 'કોણ જાણે બરાબર નવેદ નહિ થયા હોય. કાંઇક ભૂલ થઈ હશે.' ઘરમાંથી ડોસા કહેશે, 'હું નો'તો કે' તો કે ઓલ્યાને ઘરમાં આવવા દેશો મા? એનો ઓછાયો પડશે? છોકરાં કંઇ સમજે નહિ ને વાત વંઠાડે. એ તો માતાના નવેદ. એમ તે કાંઇ સે'લા પડ્યા હશે?'

મેં ભૂવો જોયો છે; ભૂવાને ધૂણતાં ભાળ્યો છે; ભૂવાનો ઢોંગ પારખ્યો છે. એક વાર ભૂવો ધૂણતો હતો. ખોટેખોટો. પણ કોઇને લાગે કે શું ધૂણે છે...શું ધૂણે છે! શરીર તો એવું કંપે કે કોઇથી સ્થિર ન થાય. અમે પાછળ જતા હતા. ભૂવો ધૂણતો હતો ને સાંકળો ખાતો હતો. સાંકળ મારનારા એવા હોશિયાર કે દેખાય એમ કે સાંકળ લાગે છે, પણ અમસ્તી કેડ ફરતી વીંટાઇ જાય. ભૂવો ધૂણતો ધૂણતો સ્મશાને આવ્યો. એના ઢોંગી ભાઇબંધો અને અમે બેત્રણ સિવાય પાછળ કોઇ ન રહ્યું. અમે જરાક આઘે હતા. ભૂવાએ માથેથી ફાળિયું કાઢી નાખ્યું. ધીમેથી ભાઈબંધોને કહે, 'કાં, બરાબર આવડે છે ને?'

એક વાર અમારા સગામાં એક છોકરું માંદું હતું.



પરદેશી તું પાછો જા

કોણે મારી વાડી વીખી? કોણે મીઠાં ખાધાં બોર?
વૃક્ષોને ઊખેડી નાંખ્યાં, કેવી રીતે પેઠો ચોર?
જ્યાંથી આવ્યો ત્યાં તું જાઃ
પરદેશી તું પાછો જાઃ

બાંધેલી વાડોને તોડીઃ ફળ આરોગ્યાં અપરંપારઃ
અમૃતમાં ઝેરી બી વાવી, વર્તાવ્યો શો હાહાકાર!
તું તારૂં પરવારી જાઃ
પરદેશી તું પાછો જાઃ

ધોળે દહાડે લૂંટી ભૂમિઃ લૂંટી લીધા ધનભંડારઃ
મહેલો ને માળાઓ લૂંટ્યાઃ ક્યાંનો કહેવાયો સરકાર?
શેકઇ તારી લેતો જાઃ
પરદેશી તું પાછો જાઃ

કોણે બોલાવ્યો? શા કાજે? કોણે નીમ્યો છે રખવાળ?
છેટો છેટો મુલક તારો, જાને તારૂં ઘર સંભાળઃ
તું તુજ રૈયતનો રાજાઃ
પરદેશી તું પાછો જાઃ

ભારત તો તેત્રીશ કોટિનો, બોલે જેનાં સાવજબાળઃ
હૂંકારે ગર્જે, ત્યાં જાગે, આજે તારો કાળ કરાળઃ
મુઠ્ઠી વાળી નાસી જાઃ
પરદેશી તું પાછો જાઃ
પાછો જા, તું પાછો જાઃ પરદેશી તું પાછો જા.

મોહિનીચન્દ્ર

હું એની સારવારમાં હતો. દવાદારૂ ચાલતાં જ હતાં. 'આ દવાદારૂમાં કાંઇ નહિ વળે. વશરામ ભૂવાને બોલાવો. ઈ બધું જાણે છે.' આવ્યો વશરામ ભૂવો. ખાટલાની પાસે બેસીને ટગરટગર જોઇને કહે, 'ઓહો હો... આને તો જનની ઝપટ લાગી છે. ભારે ઝપટ છે. પણ ફિકર નહિ. લાવો, લોબાન લાવો ઝટ. એક-વાર ઈ જનને પણ ખબર પડે કે વશરામ ભૂવો મળ્યો 'તો.' બાપડું છોકરું તો લાંઘે જતું હતું. છેલ્લા શ્વાસ લેતું હતું. ઘરનાં બીચારાં ભોળાં માણસોના મનને એમ કે ભૂવો તો ભૂવો; કેમે કરી છોકરું સાજું થતું હોય તો. લોબાન આવ્યો. દોરો મંતર્યો ને બાળકને બાંધ્યો. બાળકની આંખો ફરડાતી હતી. ભૂવો કહે, 'હવે કતરાઇને જોવું હોય તો જોઇ લે. કાકા કહીને નીકળવું પડશે. જો બાપાનું ઘર છે તે આવ્યો'તો!' ભૂવો દોરો બાંધીને ગયો. અહીં બાળકે પ્રાણ મૂક્યો. દોરોબોરો પડ્યો રહ્યો. બાળકને ઝેરી તાવ લાગુ પડ્યો હતો. વૈદ કહેતા જ ગયા હતા કે ઘડી બે ઘડીમાં છે.

વશરામ ભૂવો રોજ આવાં ને આવાં કર્યા કરે ને રોટલા રળે. નિરાંતે ખાયપીએ ને વળી માતાનો ભગત કહેવાય. પડ્યા છે ને વશરામ ભૂવા જેવા? ને પડ્યા જ હોય ના, જ્યાં ભલાં ભોળાં લોકો હોય ત્યાં?

ગિજુભાઈ



આ લોકનું કલ્પવૃક્ષ નારિયેળી

પુરાણકથાઓમાંની મનચિંતિત વસ્તુ દેનારા 'કલ્પ-તરુ'ની વાતો તો સૌએ વાંચી કે જાણી હશે. એવાં વૃક્ષો ઇંદ્રના નંદનવનમાં હોય કે ન હોય, પણ આપણી પૃથ્વી પર તો કલ્પવૃક્ષની ઉપમા આપી શકાય તેવું ઝાડ થાય છે. એ નારિયેળી.

વૈજ્ઞાનિક શોધખોળનાં છેલ્લી ઢબનાં સાધનોને લીધે પૃથ્વી આખી એક દેશ જેવી બની ગઈ છે એવા આ યુગમાં જુદાજુદા દેશો વચ્ચે ગામ–પરગામ જેવો વ્યાપાર રોજગાર શરૂ થયો છે અને અનેક પ્રકારની જીવન–વૈભવની તથા મોજશોખની ચીજો લોકો ભોગવે છે. પણ પહેલાં મનુષ્યોનું જીવન બહુ જ મર્યાદિત હતું. તેમની જીવનોપયોગી અને મોજશોખની વસ્તુઓ પણ તદ્દન મર્યાદિત પ્રમાણમાં હતી. આપણા ગરીબ દેશનો ૯૦ ટકા ભાગ હજી પણ ઉપર કહ્યું તેવું મર્યાદિત નૈસર્ગિક અને સાદું જીવન ગાળનારો છે. એ પ્રકારના વર્ગને આપણું આ કલ્પવૃક્ષ–નારિયેળી એકલી જ બધી જીવનસામગ્રી પૂરી પાડે એવી સમૃદ્ધ છે. આજ પણ લંકામાં જ્યાં નારિયેળીનાં વનનાં વન છે, ત્યાંના સામાન્ય ખેડુવર્ગનું આખું જીવન નારિયેળી જ નભાવે છે. તેઓ પોતાનાં ઝુંપડાં તેમજ ઢોરો માટે વાડા બાંધવામાં નારિયેળીનાં થડનો જ ઉપયોગ કરે છે. ટાઢ તડકા અને વરસાદથી રક્ષણ પામવા, ઘર પર એ જ ઝાડનાં પાનનાં છાપરાં છાય છે, અને તેની જ મજબૂત છાલની ખીંટીઓ બનાવી તે પર એ જ છાલના ટુકડાઓની લટકતી છાજલી રચે છે. એ છાજલી પર ગોઠવવાનાં વાસણકુસણ વગેરે પણ નારિયેળનાં કાચલાં ને છાલમાંથી જ બનાવેલાં હોય છે. આ તો ફક્ત તેમનાં ઘર અને ઘરવખરીની વાત થઈ. તેમનાં નાનાંશાં ખેતરોમાં મરચાં, તમાકુ અને ધાન્યના પાકના રક્ષણ માટે પણ ખેતર ફરતી એ નારિયેળીનાં જ મોટાંમોટાં પાનની વાડ બાંધે છે. તેમનાં બાળકોનાં ઘોડિયાં પણ એ નારિયેળનાં છોડાંમાંથી તૈયાર કરેલાં કાથીના દોરડાં વડે ટાંગેલી, કાથીની જ ગૂંથેલી ઝોળીનાં, એમનો ખોરાક મોટેભાગે ભાત અને ખમણેલું ટોપરું જ હોય છે; અને એ પકાવવા માટે બળતણ? નારિયેળનાં કાચલાં અને છાતરાં. જમવા માટેનાં વાસણમાં નારિયેળનાં પાંદડાની પત્રાવળી અને કાચલાંના વાડકા. પીરસવા માટે, એક કાચલીમાં વેહ પાડી પાંદડાની પાતળી દાંડી બેસાડી કે કડછી તૈયાર.

એ લોકો માછલાં પકડવા મોટે ભાગે રાત્રે જાય છે; દિવસની ખેતીથી પરવારીને. તે વખતે અંધારામાં પ્રકાશ માટે નારિયેળીનાં પાનની અથવા ફૂલોનાં ડાંટાંની મશાલો બનાવે છે. અને માછલાં પકડવા માટે પણ સુતરની જાળ તો તેઓ ક્યાંથી કાઢે? નારિયેળના છોડાંમાંથી જ સીંદરીઓ ગૂંથીને જાળ બનાવેલી હોય છે. અને નદીમાં ફરવા હોડી જોઇએ;

તે માટે પણ નારિયેળીનાં મોટાં પહોળાં તોતીંગ થડને વચ્ચેથી કોરીને પોલાણ કરી તરાપા જેવું બનાવી લે છે.

એમને ઓછાં જ ચ્હા કૉફી કે સોડા લેમનનાં પીણાં હોય? એ કૃત્રિમ ઢીચારા તો શહેરના લોકોને સારૂ. એમને તો જ્યારે ઈચ્છા થાય ત્યારે ખાસ્સાં લીલાં નારિયેળનું મીઠું કુદરતી પાણી અને ઉપરથી એનાં પોચાં સ્વાદિષ્ટ ટોપરાંનો નાસ્તો!

સુધરેલા લોકો જેમ દ્રાક્ષ કે તાડીનો દારૂ પીએ છે તેમ આ લોકો નારિયેળીના ઝાડમાંથી કાઢેલા રસને અંબાવા દઈ પીએ છે. તાડના રસની જેમ તાડી તેમ આ 'માડી' કહેવાય છે. એ પણ એક પ્રકારનો દારૂ જ છે. આ લોકો તો દાળ–શાક વગેરેમાં ખટાશ નાખવા માટે પણ એ માડીનો બનાવેલો સુરકો જ વાપરે છે. કોઈ સાજુંમાંદું થતાં તેઓ કોપરેલ તેલથી શરીરને ખૂબ મસળે છે. આજે મસાજ-કૅૉર (માલેશથી રોગ મટાડવા)ના અમેરિકન ઉપચારો જાણીતા ન હોત તો આપણે એને જંગલી માનત. એ નારિયેળીના ઝાડના રસમાંથી તેઓ સાકર પણ બનાવે છે. ઝાડમાંથી નીકળે છે ત્યારે તો રસ મોળો હોય છે. તેને ઉકાળીને ગોળ જેવો પદાર્થ બનાવે છે; તેની કરે છે સાકર. અને કોપરાને અધકચરૂં છૂંદી નીચોવીને કાઢે છે દૂધ. પછી બુંદદાણાની કૉફી બનાવી તેઓ લહેજતથી પીએ છે. રાત્રે દીવામાં પણ નારિયેળીનાં જ સાધનો. કાચલાનું કોડિયું કરી તેમાં કોપરેલ તેલ પૂરે કે દીવો તૈયાર. ખોરાકમાં નારિયેળ દવાદારૂમાં નારિયેળ તેમ વહેમશુકનમાં પણ નારિયેળ! બાળક જન્મ્યું કે તેના ઘોડિયા ઉપર, ભૂતપ્રેતના વહેમ ટાળવા નારિયેળીનો મોર ટાંગે છે. મરણ પછી ઠાઠડી ઉપર પણ એ જ મોર.

પણ નારિયેળીનો ઉપયોગ માત્ર આવું પ્રાથમિક જીવન ગાળનારો જ વર્ગ કરે છે એવું કાંઈ નથી. આપણા શહેરી જીવનમાં યે તેનો ઘણો ઉપયોગ છે. વૈજ્ઞાનિક યુગમાં પણ તેનો અનેકવિધ ઉપયોગ શોધી કાઢી તેમાંથી વિવિધ વસ્તુઓ નિપજાવાય છે.

નારિયેળીનાં પાંદડાંનાં ડીટાંના અંદરના ભાગમાં કુણી રૂંવાટી જેવો એક ભાગ હોય છે, જેમાં જખમમાંથી વહેતું લોહી બંધ કરવાનો વૈદ્યકીય ગુણ હોય છે. પ્રાચીન કાળમાં તાડપત્રની પેઠે નારિયેળીનાં પાંદડાં પણ કાગળ તરીકે વપરાતાં એ જાણીતું છે. આ ઉપરાંત ચટાઈ ગૂંથવામાં, છાપરાં છાવામાં તથા ટોપલા, સાવરણી વગેરે ઘરગથ્થુ ચીજો બનાવવામાં નારિયેળીનાં પાંદડાં બેશુમાર વપરાય છે. નારિયેળનાં કાચલાં પરનાં છોડાંમાંથી બનતી કાથીનો તો જગતભરમાં મોટો વેપાર ચાલે છે. એમાંથી બનતાં દોરડાં અત્યંત મજબૂત હોય છે. ઠંડા પ્રદેશમાં તો તેની મજબૂતાઈ વધે છે. ઉપરાંત ટટ્ટી, ઓળી, શીંદરીઓ, બ્રશ વગેરે બનાવવામાં તથા ખુરશી, કોચ, પલંગ વગેરેની ગાદી ભરવામાં પણ એ કાથીનો જ ઉપયોગ છે. અને આ બધું બનવા ઉપરાંત એ કાથામાંથી ખરેલું અને બાકી વધેલું છેવટનું ભૂસું ખાતર તરીકે વપરાય છે. નારિયેળમાંથી કોપરૂં, તેમાંથી વળી કોપરેલ તેલ, તેનો ખોળ; એ બધાના સાધારણ ઉપયોગ તો સૌ જાણે છે; પણ કોપરેલમાંથી માથામાં નાખવાનાં ઉત્તમોત્તમ તેલ બનવા ઉપરાંત સાબુ અને મીણબત્તી પણ બને છે! કોપરેલ તેલમાં વાળને લાંબા, સુંવાળા ને મજબૂત બનાવવાનો ગુણ છે અને માથાનાં ગરમીનાં દરદો તે મટાડે છે. હિંદમાં ઘરેઘર વપરાતા 'સનલાઇટ સોપ'ના કારખાનામાં કોપરેલ જ વપરાય છે. 'માર્ગેરિન' અથવા કૃત્રિમ માખણ 'વેજિટૅલિન,' 'ન્યુ કોલિન,' 'કોકોટિન' વગેરે વિલાયતી પદાર્થો તેમજ બિસ્કિટ બનાવવામાં પણ કોપરેલ તેલ છૂટથી વાપરવામાં આવે છે. ઘણા વિદ્વાન વૈદ્ય ડૉક્ટરો તો માને છે કે ઔષધોમાં તેનો કૉડલિવર ઓઇલ જેવો ઉપયોગ થશે.; એટલે કે તેમાં કૅાડલિવર જેટલા ગુણો હોવા જોઈએ. દવાદારૂમાં તો નારિયેળનો પુષ્કળ ઉપયોગ થાય છે. નારિયેળના ઝાડના રસ 'માડી'માંથી બનતા ગોળમાં ચૂનાનું મિશ્રણ કરીને એક પ્રકારની મજબૂત સીમેંટ બનાવવામાં આવે છે. નારિયેળીના થડનું લાકડું હલકા પ્રકારનું હોઈ ઇમારતી કામમાં બહુ જ થોડા પ્રમાણમાં વપરાય છે; પણ ખુરશી, ટેબલ વગેરે શોભાના ફર્નિચરમાં તેના લાકડાનો ઘણો ઉપયોગ થાય છે.

આમ એ ઝાડના એકેએક અવયવમાંથી બનતી વસ્તુઓનો ઉપયોગ જગતભરમાં થાય છે. એનાં પાંદડાં, ડીટાં, ફળ, કાચલાં, છોડાં-છોતરાં, છાલ, થડ, ગર્ભ, રસ, તેલ અને કૂચા તથા ભૂસા સુદ્ધાં જગતને ઉપયોગી છે. કલ્પતરૂ આપણી ભૂમિ ઉપર જ છે. તમે માગો તે આપે એમ છે. (મરાઠી માસિક 'સૃષ્ટિવિજ્ઞાન'માંથી)



મધુકરી

મોતનાં કંકુઘોળણ

[ચારણી ગીતનો ઢાળ]

કંકુ ઘોળજો જી કે કેસર રોળજો!
પીઠી ચોળજો જી કે માથાં ઓળજો!
ઘોળજો કંકુ આજ યોદ્ધા! રંગભીને અવસરે,
રોપાય મંડપ મોતના ગુર્જરી કેરે ઘરઘરે:
મીંઢોળબંધા તજી માયા, સજી આયુધ, નીસરે!
હરખાઓ પ્રિયજન! ગાઓ ગુણીજન! દાવ દુશ્મન થરથરે.

જોદ્ધા જાગિયા જી કે કાયર ભાગિયા:
ડંકા વાગિયા જી કે હાકા લાગિયા.
લાગિયા હોહોકાર રણ-લલકાર ઘરઘર બારણે,
કંકુ લગાવત પિયા, બાહેની લળે વીરને વારણે;
સહુ સાથ લડશે, પછી રડશે કોણ કોને કારણે!
રિપુઓને આંગણ, સંગ ગોઠણ પામવા દિલ રણઝણે.

માડ્યાં કારમાં જી કે જુદ્ધ જગે નવાં:
ના ના મારવા જી કે શીશ સમર્પવા.
કારમાં રણ ખાંડાં વિનાનાં ખેલવા હાકલ પડી,
હુલ્લસિત હૈયે ઘાવ તાતા ઝીલવા સેના ચડી.
છો હાણે ઘાતી, રુએ થાતી રોષ-રાતી આંખડી,
ગુર્જરી! તારાં જુદ્ધ નવલાં ન્યાળવા આલમ ખડી.

ગુર્જર ઘેલડી જી! કે ઓ અલબેલડી!
સમરાંગણ ચડી જી કે તું નાહતી લડી!
નાહના લડ્યા તારા બિચારા બાળ ગભરૂ ઘેલડા,
હર વરસ હોરી-ખેલ રસબસ રમતા તુજ છેલડા!
આવિયો ફાગણ આજ ભીષણ, ખેલજો રે ફુલ-દડા!
માતની ઝારી રક્ત પિચકારી ભરી રિપુદળ ખડાં.

રાજ વસંતનાં જી કે વાહ વધામણાં!
ગાઓ ગાવણાં જી કે જુદ્ધ જગાવણાં!
ગાઓ બજાઓ, જુદ્ધ જગવો, વાહ ઘોર વધામણાં!
ગુર્જરી! તારે મધુવને ગહેકે મયૂરો મરણના.
મઘમઘે જોબન, પ્રાણ થનગન, લાગી લગન, સહાય ના
પ્રગટે હુતાશન ભીતિ-નાશન, ખમા વીર! ખમા ખમા!

ઝવેરચંદ મેઘાણી

કન્હાઇલાલ દત્ત

માની મુક્તિ અર્થે હિંદના કૈંક આઝાદ યુવાનોએ રંગમંચ માંડીને કૈંક વિદ્રોહીઓને હણ્યા છે ને જાતે હણાયા છે. કેટલા ય બત્રીસાઓએ પોતાના અણમૂલા પ્રાણ પતંગિયાની જેમ તુચ્છ ગણીને સ્વાતંત્ર્યના જ્વલંત દીપક ઉપર હોમી દીધા છે. તેમાં યે બંગાળ અને પંજાબે તો હદ કરી છે. પોતાના ઊગતા, આશાવંતા દૂધમલિયા પુત્રોને, જુગજુગની પ્યાસી રણચંડીના ખપ્પરમાં હોમ્યા છે. ધન્ય છે એ વીર નરપુંગવોને જેમણે જનની જગતંબા માટે માનો વહાલસોયો ખોળો, પિતૃપ્રેમ, ધનદોલત, કૈંક અનેરાં અકલ્પ્ય સ્વપ્નાં સર્વસ્વને ભોગે ફકીરી લઇ, અસહ્ય યાતનાઓ વેઠી જનની કુરબાની કરી છે. કન્હાઇલાલ દત્ત એ આવો એક બંગાળી ફકીર હતો.

સંવત ૧૯૪૩ના કૃષ્ણાષ્ટમાની એ પુનિત રાત્રીએ તેણે શ્રી કૃષ્ણ કનૈયાની આ પાવક ભૂમિનાં પ્રથમ દર્શન કર્યા અને એ પુણ્યશ્લોકના જન્મદિને જન્મ ધારનાર એ બાળકનું નામ પણ કન્હાઇ (કનૈયો) પાડવામાં આવ્યું. ખરેખર તે વિપ્લવ-યુગનો કનૈયો જ હતો. એણે પોતાના અમર મૃત્યુથી દુનિયાને મરતાં શીખવ્યું અને પોતાનું નામ સાર્થક કર્યું—દીપાવ્યું.

નાનપણથી કન્હાઈના રંગઢંગ કંઈ ન્યારા જ હતા. હરેક કાર્યમાં તે જુદો તરી આવતો બુદ્ધિ સતેજ હોઈ નિશાળમાં મોખરે રહેતો વિશેષ લક્ષણ તો એ હતું કે ધનિકપુત્ર હોવા છતાં પૈસાની ખોટી નફટાઇ કે મગરૂરી તેનામાં મુદ્દલ નહોતાં. નિશાળમાં તે સૌનો માનીતો હતો. ગરીબ, નિરાધાર વિદ્યાર્થીઓ તરફ તેનું દયાર્દ્ર હૃદય હમેશાં ધન અને બીજી સહાયના પ્રવાહ રૂપે વહ્યા જ કરતું. કોઈ વિદ્યાર્થીને ચોપડીનો, કોઇને લુગડાંનો, કોઇને દવાદારૂનો, કોઇને માસિક પોષણનો પ્રબંધ એના તરફથી ચાલુ થયા કરતો. ધીમેધીમે આ દયાએ વિશાળ સ્વરૂપ પકડ્યું. લાખો પરાધીન અને કંગાલદેશ-

બાંધવોનાં હૃદયદ્રાવક દુઃખો તે ન સહી શક્યો. તેમનાં દુઃખ-નિવારણ માટે તેણે ક્રાન્તિનો ભીષણ માર્ગ ગ્રહણ કર્યો ને અંતે ૨૧ વર્ષની યૌવન ફોરતી વયે દેશસેવા કરતાં પ્રાણાર્પણ કર્યું.

મુંબાઈ અને બંગાળની યૂનિવર્સિટીઓમાં શિક્ષણ લઈ તે ગ્રૅજ્યુએટ થયો. સ્નાતક થતાં વાર જ માબાપને સગવડ ની નોકરીનું બહાનું કાઢી ભાઇ રૂપડચા ક્રાંતિકેન્દ્ર કલકત્તા. એને શું નોકરી કરવી હતી? અથવા પૈસાની ભૂખ હતી? શું કરોડોને ભૂખે રીબાતા મેલી તેને પોતાનું પેટ વહાલું કરવું હતું? ના ના. એનું હૃદય તો કોઇ અકથ્ય લાગણીઓથી જળી રહ્યું હતું. તેની ધૂન કંઈ અનેરી જ હતી.

બંગાળના ભાગલા પાડી લૉર્ડ કર્ઝને સ્વદેશીની ચળવળને જન્મ આપ્યો અને બંગાળીઓનું સ્વદેશાભિમાન જાગૃત કર્યું. એને પરિણામે જન્મેલી ક્રાન્તિની હીલચાલના કેટલા યે દેશ-સેવકોએ જેલ સેવી, કેટલાયને દેશપારી મળી, કેટલાયને લટકાવી દેવામાં આવ્યા અને એ રીતે એ ચળવળને દાબી દેવામાં આવી. પણ દેખીતી રીતે નષ્ટ થએલી આ હીલચાલે રુદ્ર સ્વરૂપ ધારણ કર્યું. આઘાત પર આઘાત સહીને ઉગ્ર બનેલા બંગાળભરમાં એક પ્રકારનો ઘોર આર્તનાદ ગાજી રહ્યો. આળસુ ને એદી ગણાતા બંગાળીઓમાં જાગૃતિ આવી. ઠેરઠેર-થી મસ્ત બનેલા બંગાળી યુવકો ઘરબારને ઠેબે ઉડાવતા જીવ સટોસટની બાજી ખેલવા રણે ચડ્યા. 'ક્રાંતિ' તેમનો જીવન-મંત્ર બન્યો. ફણગા તો ક્યારના ફૂટી નીકળ્યા હતા. હવે સાનુકૂળ પરિસ્થિતિ મળતાં તેણે વિશાળ વૃક્ષનું રૂપ ધારણ કર્યું.

માતાની મમતા, પિતાનો પ્રેમ, ધનવૈભવનો લોભ કે મૃત્યુનો ભય એમાંનું કશું જ દત્ત કુટુંબના આ નબીરાને તેના કર્તવ્યથી ન ડગાવી શક્યું. તે આવા એક ક્રાંતિકારી દળમાં ભરતી થઇ ગયો અને અંત સુધી પોતાના કર્તવ્યનું પાલન કર્યું. તેણે વિપ્લવ–કાર્યને દેશવ્યાપી બનાવવા જે રીતે આત્મ-સમર્પણ કર્યું તેવું તો કોઇ વીરલાને લલાટે જ લખાયું હોય છે.

૧૯૦૭માં તેને મંડળ તરફથી ફ્રેન્ચ સંસ્થાન ચંદ્રનગર મોકલવામાં આવ્યો. ત્યાં એક કેન્દ્ર ખોલી તે કલકત્તે પાછો ફર્યો. તેની અજબ વ્યવસ્થાશક્તિથી મંડળના સભ્યો ચંભી ગયા, અને તેને ચટગામના એક કારખાનામાં મજૂરવર્ગમાં પ્રચારકાર્ય અર્થે મોકલવામાં આવ્યો. પણ અમીરનું એ ફરજંદ મજૂરોની અંદર ઝાઝો વખત છુપી ન શક્યું. છતા પડી જતાં ચળવળને હાનિ પહોંચવાની ધાકે તે કલકત્તે પાછો ફર્યો અને એક બૉમ્બ ફેક્ટરીમાં અડ્ડો જમાવ્યો.

૧૯૦૮ના એપ્રિલમાં પહેલો ધડાકો થયો. ખુદીરામ બોઝ નામના ૧૭ વરસના કુમારને હાથે મુઝફરપુરમાં કિંગ્સફોર્ડને બૉમ્બ મારવા જતાં બે અબળાઓની હત્યા થઇ અને સરકારે ધરપકડ શરૂ કરી. કલકત્તાની તમામ ક્રાંતિસંસ્થાઓની જડતી લેવાઇ; ઘણા બહાદુરો પકડાયા. કન્હાઇ પણ ગિરફતાર થયો. બધા સંઘને વિખ્યાત અલીપુરની જેલમાં મહેમાની મળી અને મુકદ્દમા ચાલવા માંડ્યા.

આ લોકો કંઇ ચોરડાકુ નહોતા; ઘણાખરા તો ખાન-દાન કુટુંબના વિદ્યાર્થીઓ હતા. બધા દેશપ્રેમથી મસ્ત બનેલા હતા. તેઓ જેલમાં પણ બાદશાહી રીતે વર્તતા. ત્યાં જેલના કાયદા વિરુદ્ધ કોઈ રાજકીય તો કોઇ ધાર્મિક વિષયો પર ચર્ચા અને ભાષણો કરતા. અધિકારીઓ ગભરાતા—મૂંઝાતા. પણ કન્હાઇ તો આ બધાથી દૂર કોઇ ખૂણામાં એકલો શૂનમૂન થઇ પડી રહેતો. આ જોઇ તેના મિત્રો નવાઇ પામતા.

અચાનક એક દિવસ બધાને કાને વાત આવી કે નરેન્દ્ર ગોસાઇ નામનો પોતાના જ મંડળનો એક માણસ મોતની બીકે ફરી બેઠો છે અને સરકારમાં સાક્ષી આપવા કબૂલ થયો છે. પોતાનો જ ભાઇ ખરે વખતે આમ ફરી જઇ દેશ-દ્રોહી થાય એ કેમ સાંખી શકાય? બધાનાં માથાં ફરી ગયાં. એ નિમકહરામને પૂરો કરવાની પેરવી ચાલી. કન્હાઈની સલાહ માગી, પણ એણે તો અક્ષર સરખો પણ ઉચ્ચાર્યો નહિ. આખરે પાપીને પૂરો કરવાનું કામ સત્યેન્દ્રકુમાર વસુને સોંપાયું. એ તેણે સહર્ષ વધાવી લીધું. આ બાજુ મૂંગા રહેલા કન્હાઇએ પણ દ્રોહીઓને ધડો મળે તેવી શિક્ષા એ વિશ્વાસ-ઘાતીને કરવાનો નિશ્ચય કર્યો.

બીડું ઝડપ્યા પછી અચાનક સત્યેન્દ્ર માંદો પડયો અને તેને ઇસ્પિતાલમાં લઇ જવામાં આવ્યો. ત્યાં એક દિવસ અચાનક તેને નરેન્દ્રનો ભેટો થયો. પોતે પણ જેલના દુઃખે ત્રાસી ગયો છે અને આ વયે મરવું કોને ગમે એવો ઢોંગ કરી તેણે નરેન્દ્ર સાથે સાક્ષી પૂરવા અને મદદ કરવા મન બતાવ્યું. નરેન્દ્ર ભોળવાયો ને ખુશખુશ થઇ ગયો. તેને તો આ દિગ્વિજય થયા જેવું લાગ્યું. બંનેએ મળી સાક્ષીના કામની તૈયારી કરવા માંડી.

આ બાજુ કન્હાઇએ પણ પેટમાં શૂળ નીકળવાને બહાને જેલમાં એકાએક અરધી રાત્રે બૂમાબૂમ કરી મૂકી. તેને પણ રાતોરાત એ જ ઇસ્પિતાલમાં પહોંચાડવામાં આવ્યો. ઇસ્પિતા-લમાં જવા માટેના આ બધા તેના ફતવા હતા. ત્યાં બંને મિત્રો મળ્યા. સત્યેન્દ્રે પોતાની બાજી તેને સમજાવી.

એક દિવસ નરેન્દ્ર સાક્ષી બાબત ખાનગી મસલત કરવા બે યૂરેપિયન અંગરક્ષકો સાથે સત્યેન્દ્રને મળવા આવ્યો. આ વેળા સત્યેન્દ્ર સખત તાવથી બેહોશ હાલતમાં પડયો હતો. પણ પોતાની ફરજ તે ભૂલ્યો નહોતો. આ મોકો તેને પોતાની ફરજ અદા કરવા માટે ઠીક લાગ્યો. પહેરણમાં પિસ્તોલ છુપાવી રાખી તેણે ધ્રુજતે હાથે નરેન્દ્ર પર બાર કર્યો; પણ નિષ્ફળ ગયો. ગોળી છૂટી નહિ. અંતે હાથ બહાર કાઢી બીજો ઘા કરવા જાય છે ત્યાં નરેન્દ્રના રક્ષકો એને પકડવા ધસ્યા. જીવ પર આવેલા સત્યેન્દ્રે એકને હાથમાં ગોળી મારી ઘાયલ કર્યો. મોતના ડરથી બંને એક ખૂણામાં લપાઈ ગયા.

આ ધમાલનો લાગ જોઇ નરેન્દ્ર જીવ બચાવવા સીડીનાં

બળજો પગથિયાં કૂદતો ભાગવા લાગ્યો. પણ કનહાઇ તૈયાર જ હતો. તેણે આ જોયું. હાથમાં આવેલો શિકાર છટકતો જોઇ તે પથારીમાંથી કૂદ્યો ને ભાગતા નરેન્દ્ર પર ગોળી ચલાવી. સનનન કરતી એક ગોળી નરેન્દ્રના પગમાં વાગી, પણ તે પડ્યો નહિ. લંગડાતો લંગડાતો ઇસ્પિતાલ છોડી શ્વાસભેર નાઠો. કનહાઇએ તેનો પીછો પકડ્યો. સિંહ સમ એનું ઉગ્ર સ્વરૂપ અને કાળ રૂપ પિસ્તોલ જોઇ દરવાનના હોશકોશ ઊડી ગયા. તેણે જીવ બચાવવા દરવાજો ઊઘાડી નાખ્યો અને આંગળીના ઈશારે ભાગતા નરેન્દ્રની દિશા બતાવી. નરેન્દ્ર દૃષ્ટિએ પડતાં જ કનહાઇની પિસ્તોલમાંથી એક પછી એક ગોળીઓનો તાશીરો શરૂ થયો. આ વખતનું તેનું રુદ્ર સ્વરૂપ જોઇ કોઇપણ તેનો સામનો કરવાનું સાહસ ન કરી શક્યું. જેલના કર્મચારીઓ આમતેમ આડાઅવળા થઇ ગયા. બિચારા જેલર સાહેબ પણ લાકડાના એક ટેબલ નીચે લપાઇ ગયા. એટલામાં સત્યેન્દ્ર આવી પહોંચ્યો અને બંનેની ગોળીથી દ્રોહી નરેન્દ્ર પોતાના દ્રોહનો ભોગ બન્યો. પિસ્તોલ ખાલી થતાં બંનેને ગિરફતાર કરવામાં આવ્યા. કામ ચાલ્યું. એક દેશદ્રોહીને ઠાર કરવા બદલ બંનેને ફાંસીની સજા થઇ.

૧૯૦૮ની ૧૦મી નવેમ્બરે એ દેશપ્રેમી યુવકો ફાંસીએ લટક્યા ત્યારે તેમનાં વજનમાં સોળ સોળ રતલનો વધારો થયો હતો! એ વાત તેમનાં અંતઃકરણની આઝાદીની શાખ પૂરે છે. એ તો ક્યારના મૃત્યુને જીતીને બેઠા હતા. એની એ પ્રફુલ્લતા, એની એ શાંતિ એની એ તેજસ્વિતા અને મસ્તી એ અશ્વિનીકુમારોના મોં પર મૃત્યુ પછી પણ છવાએલી હતી. પંખેરૂ ઊડી ગયાં પણ આત્મા અમર થઇ ગયા.

કનહાઇના એ વીર મૃત્યુની પ્રશંસા તો ખુદ જેલના અંગ્રેજ અમલદારોએ પણ મુક્ત કંઠે કરી છે. એમના ફાંસીના દિનનું શ્રી મોતીલાલ રાયે કરેલું કરુણાજનક વર્ણન જતું કરાય તેમ નથી: "આશુબાબુ (કનહાઇના મોટા ભાઈ), હું અને બીજા ત્રણ સગા, એમ અમે પાંચ જણ એક ગોરા અધિકારીની પાછળપાછળ ધીમે પગલે ચાલ્યા. શોક અને દુઃખથી અમારાં અંગ ધ્રુજતાં હતાં. જેલના લોખંડી દરવાજા ઓળંગી અમે અંદર પ્રવેશ કર્યો. પેલાએ આંગળી ચીંધી એક ઓરડો બતાવ્યો, જેમાં કાળા કામળાથી ઢાંકેલું કનહાઇનું મૃત શરીર પડ્યું હતું. ધીમેથી તે ઉપાડી અમે બહાર જેલના આંગણામાં લાવ્યા, પણ તેના મુખ પરથી કામળો ખસેડવાનું સાહસ અમારામાં નહોતું. આશુબાબુની આંખોમાંથી દડદડ આંસુની ધારાઓ ચાલી રહી હતી. ધીમેધીમે અમારાં હૈયાં પણ પીગળી વહેવા લાગ્યાં. આ વખતે પેલા ગોરાએ કહ્યું, 'એમાં રડો છો શું? જે દેશમાં આવા વીર યુવકો જન્મ ધારણ કરે છે એ દેશ તો ધન્ય છે. જન્મ લીધા પછી મરવાનું તો સૌને છે જ. પણ આ પ્રકારનું મૃત્યુ મનુષ્ય ક્યારે પામે?' અમે આશ્ચર્ય પામી તેની સામે જોયું તો એ અંગ્રેજ બચ્ચાની આંખમાંથી પણ આંસુ વહી રહ્યાં હતાં. તેણે ગદ્‌ગદ્ કંઠે જણાવ્યું કે 'હું તો જેલનો રક્ષક છું. એની સાથે મારે ખૂબ વાતચીત થઇ હતી. ફાંસીનો હુકમ થતાં પણ એ લેશમાત્ર દુઃખ પામ્યો નથી. ઊલટી પ્રસન્નતા વધી હતી. ગઇ કાલ સાંજની એના મુખ પરની હાસ્યરેખા મારાથી કદી નહિ ભૂલાય. મેં કહ્યું કનહાઇ, આજે તો હસે છે પણ કાલે મૃત્યુની છાયાથી તારા હોઠ કાળા પડી જશે.' એના મૃત્યુ વખતે પણ હું હાજર હતો. તેની આંખો ઢાંકી દેવામાં આવી હતી. દોરડું ખેંચવાની વાર હતી. તે વખતે તેણે મારા તરફ નિશાની કરી હસતાંહસતાં કહ્યું કે કેમ મિસ્ટર, હું કેવો લાગું છું? આવી વીરતા આપણા જેવા મનુષ્ય લોકમાં તો વિરલ છે.'

છેવટે મૃતદેહને લઇ જવાની આજ્ઞા મળી. ડરતાંડરતાં અમે કામળો દૂર કર્યો. ઓહ! એ દિવ્ય સ્વરૂપનું વર્ણન આપવું અશક્ય છે. લાંબાલાંબા વાળ તેના ભવ્ય કપાળ પર છવાઇ રહ્યા હતા. અધખુલી આંખોમાંથી અમી વરસી રહ્યું હતું. સખત બીડાએલા હોઠમાં સંકલ્પની રેખાઓ સ્પષ્ટપણે અંકિત થઇ હતી. એના વિશાળ હાથની મુઠીઓ વળેલી હતી. એ પવિત્ર મૃતદેહના મુખ પર એક પણ વિકૃત ભાવ જણાતો નહોતો.

એ દિવસે જેલની બહાર તેનું સ્વાગત કરવાને માનવ સમુદ્ર ઊલટ્યો હતો. મૃતદેહને બહાર લાવતાં વંદેમાતરમ્‌ના અવાજ સાથે ફૂલોનો વરસાદ વરસવા લાગ્યો. તેના દેહને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. થોડા વખત પછી ત્યાં એક રાખના ઢગલા સિવાય કંઇ રહ્યું નહિ. એ ચિતાની ચપટી રાખ લેવા માટે લોકોમાં ભારે ધક્કામુક્કી થઇ રહી. હું પણ અસ્થિનો એક ટુકડો ચાંદીની ડબીમાં લઇને ઘેર પાછો વળ્યો."

ઉપેન્દ્ર બાબુએ લખ્યું છે: 'આજે તો ચોમેરથી અહિંસા પરમ ધર્મનું સૂત્ર સંભળાય છે. સાથેસાથે કનહાઇની મુખછબી સ્મરણમાં તાજી થાય છે. શું એ આંખો હત્યારી આંખો હતી? શું એ અશાંતિ અને અધાર્મિકતાની આંખો હતી? અંતરાત્મા સાક્ષી નથી પૂરતો . . .'

કનહાઈ મર્યો છે છતાં અમર છે. (હિંદી ઉપરથી સંકલિત)

ખાઇને તરત શા માટે ન ન્હવાય?

ખાઇ લીધા પછી આપણા દાંતનું કામ પૂરું થાય છે ખરું, પણ હોજરીનું કામ શરૂ થાય છે. હોજરીમાં ખોરાકને પચાવવાની ક્રિયા ચાલતી હોય છે ત્યારે ત્યાં હોજરીના કામમાં મદદ કરવા લોહીની જરૂર પડે છે અને તેટલો વખત શરીરના બીજા ભાગોને લોહીની સહેજ ખેંચ પડે છે. આથી આ ભાગોને આરામની જરૂર પડે છે. હવે જો આપણે ઠંડા કે ગરમ પાણીથી નાહીએ તો આખા શરીર ઉપર લોહીની જરૂર પડે છે અને તે પૂરું પાડવા માટે હૃદય ઉપર કામનું દબાણ વધે છે; આથી પાચનક્રિયામાં ખલેલ પડે છે અને પરિણામે અપચો, ઊલટી કે એવા બીજા રોગો થવા સંભવ છે.



વૃક્ષ, વેલી અને વનસ્પતિ

આપણા જીવનમાં વનસ્પતિ એટલી બધી ગૂંથાએલી છે કે તેને જુદી પાડવા જતાં આપણું જીવન અશક્ય બને. આપણાં સગાંવહાલાં કે મિત્રો વિના જીવન ટકાવી શકાય, પરંતુ વનસ્પતિ વિના તો ન જ નભી શકાય. આપણે હરરોજ તેના ઉપર ગુજરાન ચલાવીએ છીએ અને શુભ પ્રસંગે ફૂલપાંખડીથી શરીરને મઢીએ છીએ. આપણે માંદા પડીએ તો વનસ્પતિ આપણને સાજા કરે છે. ક્વિનાઇન, કપૂર અને કેસર એ સૌ વૃક્ષ અને વેલમાંથી જ નિપજે છે. આપણે ધાર્મિક દૃષ્ટિએ પણ વનસ્પતિને પૂજીએ છીએ. ગોરોમાં બાળાઓ ડાંગરના છોડ પૂજે છે, સ્ત્રીઓ વડની પૂજા કરે છે



અને સર્વ હિંદુઓ દરરોજ તુલસીને નમે છે. છતાં યે આપણને એમના જીવન-મરણની જરા યે માહિતી નથી, કે તેમાં રસ પણ નથી. આપણી શ્રદ્ધા તે અંધશ્રદ્ધા છે.


જગતમાં ભાગ્યે એવું કોઇ પણ સ્થળ હશે કે જ્યાં લીલોતરી નહિ હોય. ખાળમાં, તળાવમાં, નદીમાં, દરિયામાં, ડુંગરમાં અને જ્યાં માણસ પણ ન જઈ શકે એવાં કપરાં સ્થાનોમાં પણ લીલા છોડ ઊગે છે. જગતની આ સર્વ વનસ્પતિના બે વિભાગ કરી શકાય. પુષ્પવાળી અને પુષ્પ વિનાની. પાણીમાં બાઝતી લીલ, દરિયામાં થતા ઘણાખરા છોડ, ડુંગરમાં ઊગતા હંસરાજ, એ બધા પુષ્પ વિનાની વનસ્પતિમાં ગણાય. એ છોડને કદી ફૂલ આવતાં જ નથી. આ વનસ્પતિનું મુખ્ય જીવન પાણી છે. એમનું જીવન એટલું છૂપું હોય છે કે તે જાણવા-જોવા સૂક્ષ્મદર્શક યંત્ર જોઇએ. કેટલાક છોડ તો એટલા ઝીણા હોય છે કે નરી આંખે પણ ન દેખાય ! એ વનસ્પતિઓના ભાતભાતના તરેહવાર રંગ અને જીવનનો ક્રમ વગેરે બહુ રસમય અને અદ્‌ભુત હોય છે.

બીજા વર્ગની ફૂલવાળી વનસ્પતિ તો ઘણીખરી આપણે સર્વ ઓળખીએ છીએ એ ફૂલવાળા સર્વ છોડના પણ બે વિભાગ પાડી શકાય. (૧) જે છોડના બીના બે સરખા ભાગ કુદરતી રીતે ન પડે તેના અને (૨) જેના બીજની બે ફાડ સહેલાઈથી થઇ શકે એ જાતના છોડ. પહેલી જાતનાં ઝાડ વર્ષોનાં વર્ષ (સો-બસો વર્ષ) સુધી પણ જીવી શકે; જ્યારે બીજી જાતનાં ઘાસ જેવાં હોય છે અને બહુ તો એકાદ કે બેપાંચ વર્ષમાં મરી પરવારે.

જેમ આપણને હાથ, પગ અને માથું છે તેવી જ રીતે વૃક્ષ અને વેલીનાં પણ અંગ અને અવયવ છે. તે અંગોમાં મૂળ, થડ, પાંદડાં, ફૂલ, ફળ અને બીજ મુખ્ય છે. મૂળમાંથી તે પાણી અને ખોરાક લે છે અને એક જ સ્થળે જમીનને વળગી રહે છે. આદુ, ડુંગળી, મૂળા, ગાજર એ મૂળીઆંમાં જ ગણાય. થડ એ વનસ્પતિનું બીજું મુખ્ય અંગ છે. એને પાંદડાં, ફૂલ અને ફળનો ભાર સહેવો પડે છે એટલે તે સામાન્ય રીતે મજબૂત હોય છે. તે આકાશ તરફ જ વધે છે. પરંતુ બટાટા, સૂરણ જેવાં પણ થડમાં ગણાય. એ પ્રકારનાં થડ જમીનમાં ભરાઇ રહે છે. કેટલાંક વૃક્ષનાં થડ તો બસો ત્રણસો ફૂટ ઊંચાં વધે છે. વૃક્ષના આખા અંગમાંથી થડ આપણને સૌથી વધુ ઉપયોગી છે. પાંદડાં ઉપર પણ વૃક્ષના જીવનનો થોડો આધાર હોય છે. તે વડે એ શ્વાસ લે છે. શ્વાસ લેવા માટે પાંદડાં પર હજારો છિદ્રો હોય છે. તે સૂર્યના પ્રકાશમાંથી ઝેરી હવા (CO_2) લઇને લીલા રંગના કણોની મદદથી (ક્લૉરોફિલ) સાકર બનાવી આખા યે વૃક્ષને ખાવાને પહોંચાડે છે અને વધે તેનો કોઠાર ભરે છે. ડુંગળી, લસણ, ભાજી વગેરે પાંદડાં ગણાય છે. ખરું જોતાં તો વૃક્ષના આખાયે શરીરમાં શ્વાસ લેવાની શક્તિ છે; પરંતુ ઝેરી હવા તો લીલાં પાન જ લઈ શકે છે; અને તે પણ સૂર્યનો પ્રકાશ હોય તો જ.

છોડ ઉંમરલાયક થતા તેને પુષ્પ આવે છે. પુષ્પ એ તેનું યૌવન છે. પુષ્પના રંગ અને સુવાસથી આપણે ઘણા મોહી પડીએ છીએ. જાતજાતના રંગ અને ભાતભાતની સુવાસ આપણને આકર્ષે છે. વનસ્પતિના જીવનનું તાત્પર્ય જ ત્યાં સંતાયું છે. વૃક્ષના પુષ્પમાં જાતિવિકાસ (Sex Evolution) પ્રાણીઓના જેવો જ છે. મોટે ભાગે તો એક જ ફૂલ નરનારીની જોડ જેવું છે. પરંતુ કેટલાક છોડનાં પુષ્પ કાં તો એકલ નર કે નારી હોય છે. કાકડી, દૂધી કે મકાઇનાં ફૂલ કાં તો નર યા તો માદા હોય છે. કાકડી કે દૂધીની વેલમાં તો માનવ મંડળ જેવાં જ સ્ત્રી કે પુરુષ સ્વરૂપ જુદાં હોય છે.

કુદરતમાં નર અને નારીમાં કોઇ ઊંચુંનીચું નથી. ત્યાં બંનેનાં મૂલ્ય સરખાં જ હોય છે. ત્યાં પુરુષના મનસ્વી દાબ નીચે નારી રહેતી નથી. સરખી સ્વતંત્રતા અને જીવનની છૂટ બન્નેને છે.



વેલ, વૃક્ષ અને છોડ સર્વને લગ્ન કરવાની જરૂર પડે છે. પણ તેઓ બાળલગ્ન તો કદી ય નથી કરતાં. તેમના લગ્નમાં હસ્તમેળાપ

જળ, વાયુ અને પતંગિયાં કે મધમાખ જેવાં જીવડાં કરાવે છે. પુષ્પની સુમધુર સુવાસ, સુંદર સાડી જેવા પાંખડીના રંગ અને વધારામાં મધ પીવાને લોભે એ જીવો ભોળવાય છે; અને આંખે ન ચડે એવડા રજકણ જેવડા વરરાજા છુપાઇને એ પતંગિયાં કે મધમાખને પગે વળગી કે પાંખે બેસી બીજા છોડ ઉપર જાય છે અને ત્યાં પુષ્પરાણીને પરણે છે. પુષ્પરાણી પણ એ જીવડાંને લોભાવવાને કે આકર્ષવાને ભાતભાતની વાઘા જેવી પાંદડીઓમાં સજ્જ હોય છે ને કંઇ કંઇ અદ્‌ભુત કરામત કરે છે.

વનસ્પતિમાં સગાં ભાઇબેન ન છટકે—જવલ્લે જ પરણે છે. તેમજ એક જ જાતના છોડ બીજી જાત સાથે લગ્નવ્યવહાર નથી જ કરતા. કેટલીક વખત રજકણ જેવડા નર, વાયુની લહેરીએ કે પાણીને પ્રવાહે અથડાતા કૂટાતા વહુ શોધવા નીકળે છે. મકાઇ જેવા છોડમાં તો ૧,૫૦,૦૦૦ નર એક કન્યાના સ્વયંવરમાં ઝંપલાવે છે. પણ નારી દેહ તો એકને જ પરણે છે અને બીજાની સામે યે ન જોતાં રઝળવા દે છે.

આમ લગ્ન પછી પુષ્પમાંથી ફળ થાય છે. એ વેળા પેલી સુવાસ અને રંગભરી પાંદડીઓ ખરી પડે છે. કેળાં, ટમેટાં, બોર એ બધાં જ ફળ છે. ફળના પેટમાં નાનાં બાળક જેવાં બી હોય છે. એ બીજ તે વૃક્ષનાં સંતાન અને વંશવારસ. માબાપનાં ગુણદુર્ગુણ લઇને તે અવતરે છે અને સંસારનું ચક્ર ફરી ચલાવે છે. એ છોકરાં પોતાના પગભર થાય ત્યાં સુધી ચાલે એટલું ભાથું-ખોરાક માબાપ આપતાં જાય છે

બી વગર પણ વૃક્ષ ઊગી શકે છે. એકાદ ડાળ કાપી જમીનમાં રોપવાથી તેમાંથી આખાં ઝાડ થાય છે. આપણે આપણો હાથ કાપી જમીનમાં રોપીએ તો નહિ ઊગે, પણ વનસ્પતિની ડાળી ઊગે છે એ કુદરતની અલૌકિકતા છે.

વૃક્ષ અને વેલીના શરીરમાં સ્નાયુઓ પણ છે. આપણે એમને કાપી તપાસીએ તો તેમાં પાણી અને ખોરાક લઇ જવાની નળી જેવા રેષા, ખોરાક ભરી રાખવાની વખારો, ખોરાક તૈયાર કરવાના સંચા વગેરે અદ્‌ભુત કારીગરી દેખાશે. કેટલાકનાં શરીરોમાં દૂધ ભરેલું હોય છે, તો ભીંડા જેવામાં લાળ ભરેલી હોય છે. વૃક્ષ અને વેલીઓ શરીરનો બચાવ કરવા ચામડી ઉપર વાળ પણ ઊગવા દે છે. ઢોર અને માણસથી બચાવ કરવા ઘણી વખત ભાલા જેવા કાંટા યે ઊગાડે છે. ગુલાબ અને બાવળ બંનેના કાંટા ઘણાને વાગ્યા હશે.

આપણી પેઠે વનસ્પતિને પણ રોગ અને માંદગી આવે છે. તેમનાં શરીર ઉપર જૂ, ચાંચડ, બગાઇ અને માકણ જેવા જીવ પણ થાય છે. તેમને ફોલ્લા જેવા રોગ થઇ તેઓ કદરૂપાં પણ બને છે. જાતજાતના રોગથી તેઓ મરે છે.

કેટલાક છોડ ક્ષાર અને બીજો સાદો નિર્જીવ ખોરાક છોડી માંસાહારી બને છે. તેમને ઝીણાં જીવડાં ભાવે છે ને તે ખુશીથી ખાય છે. કેટલાંક તો દિવસોના દિવસો સુધી ઉપવાસ પણ કરી શકે છે. કેટલાંક વળી પરોપજીવી હોય છે. અમરવેલ જેવા છોડ બીજા ઝાડના શરીર ઉપર બાઝી તેને ચૂસી લે છે. એવા છોડ ફિક્કા પીળાશપડતા રંગના જ રહે છે. આપણી રોટલી ઉપર ઊગ વળે છે કે કડવી ઝેર જેવી દૂધીનું રસોઇઓ શાક કરે છે ત્યારે આપણે ચીડાઇએ છે. પણ જગતમાં એ ઊગ જેવી ચોમાસે ઊગતી બિલાડીના ટોપ જેવી વનસ્પતિ તથા ધંતુરા, અફીણ જેવા ઝેરી કડવા છોડ પણ થાય છે. છતાં દુર્ગુણી માણસોની પેઠે વનસ્પતિ તો જવલ્લે જ હશે. એ ઊગ જેવી વનસ્પતિ ઘણે ભાગે મરેલા પદાર્થ ઉપર જીવે છે. તેમનું જીવન બીજા કરતાં ઊંધા પ્રકારનું છે. સૂર્યનો પ્રકાશ તેમને ગમતો નથી અંધારે (અને કેટલીક વાર તો હવા વિના) પણ તે જીવે છે.

કેટલાંક વૃક્ષો ઉનાળે પાંદડાં ખેરવી લાંબી ઊંઘ લે છે, તો કેટલાંક અંગ બીડાએલાં જ રાખે છે. કેટલાંક વૃક્ષ દહાડે જાગે છે અને રાત્રે પાંદડાં મિંચી સૂઇ જાય છે. લજામણી જેવા કેટલાક છોડ તો એવા શરમાળ હોય છે કે તેમને અડકતાં જ અંગ સંકોડી રીસાય છે. કેકેક છોડ તો રડતા હોય તેમ આંસુધારા જેવી જળધારા ટપકાવે છે.

વૃક્ષ કે વેલ જવલ્લે જ ઉડાઉ—ખર્ચાળ હોય છે. જીવનમાં જમા ઉધારનાં પાસાં તેઓ સદા સમતોલ રાખે છે. થોર જેવાં ઝાડ તો ભૂખ્યાંતરસ્યાં વરસો સુધી જીવે છે કેટલાક છોડ ચૂનો ખાવો પસંદ કરે છે, તો કેટલાક મીઠું ખાઈ શકે છે; પણ ઝેર ખાય તો તો બધાં જ મરે છે. ક્લૉરોફૉર્મથી તેમને બેશુદ્ધ પણ બનાવી શકાય છે.


માનવ સંસ્કૃતિ અને વનસ્પતિનો સહચાર અમૂલ્ય અને અનુપમ છે. આટલાં મિષ્ટ અને રસદાયક ફળો એ જગત પરનાં અમૃત નથી તો બીજું શું છે? કપાસનો છોડ મરી પરવારશે ત્યારે માનવજીવન ફરી જંગલી બનશે. રબરનો છોડ જશે ત્યારે કોણ જાણે શી યે દશા થશે! અબજો વર્ષ પહેલાં વૃક્ષનાં શરીર દફનાઇને કોલસા રૂપે રહ્યાં ન હોત, જગતમાં એ કોલસા કે પેટ્રોલ ન હોત તો કઇ આગગાડી કે મોટર ચાલત? વનસ્પતિ વિના વન અને રણનો તફાવત કેમ જોવાત? સહરાનાં રણ અને કાશ્મીરની વાડીઓ કેમ જણાત! વનસ્પતિ એ માનવ સંસ્કૃતિનો આત્મા છે-માનવના અસ્તિત્વનો મર્મ છે.

(ગુણસુંદરી)

—સુરેશ દીક્ષિત

દરિયાની ઊંડાઈ કેવી રીતે મપાય છે

લૉર્ડ કેલ્વીને તે માટે અવાજ કરે એવા એક અજાયબ યંત્રની શોધ કરી છે. તેમાં વાળાના દોરડા સાથે એક મોટું વજન ટાંગવામાં આવે છે ને પછી તે દરિયામાં ઊતારાય છે. જેમજેમ એ દોરડું નીચે જાય છે તેમતેમ યંત્રમાં એક ઢોલ વાગતો જાય એવી હિકમત હોય છે. જ્યારે વજન છેક તળિયે પહોંચે છે ત્યારે ઢોલ એની મેળે વાગતો બંધ પડે છે. પછી દોરડું કેટલું નીચે ઊતર્યું તેનું માપ લેવાય છે.



દુનિયાના મોટામાં મોટા બોગદાઓ

દુનિયાના બોગદાઓ

અગાઉ 'કુમાર' ના ૬૦મા અંકમાં દુનિયાના મોટામાં મોટા બોગદા (ટનલ) સિમ્પ્લન વિષે વિસ્તારી અને રસભરી માહિતી આપી હતી. આ નીચે, દુનિયામાં જે મોટામોટા બોગદાઓ છે તેમની લંબાઇના પ્રમાણમાં સરખામણી બતાવતું ચિત્ર આપ્યું છે. તેમાં સૌથી મોટો ૧૨.૪૦ માઇલ લાંબો સિમ્પ્લનનો બોગદો સ્વિટ્ઝર્લાંડ અને ઇટાલી વચ્ચે આવેલો છે. તેનાથી ઉતરતો સેંટ ગોથાર્ડનો ૯.૨૬ માઇલ છે. પણ એ બધામાં સૌથી જૂનામાં જૂનો તો મૉંટ સેનીસનો છે. એ ભલે લંબાઇમાં ચોથે નંબરે આવે, પણ તે છેક ઇ. સ. ૧૮૫૭માં શરૂ થએલો અને તે વખતે તો આટલાં સરળ યંત્રોની પણ શોધ નહોતી થઇ. પાંચમે નંબરે આવતો કાસ્કેડ-નો સૌથી તાજો છે. એ અમેરિકામાં વૉશિંગ્ટન પાસે હજી ગયે વર્ષે જ ખુલ્લો મૂકાયો. બાકીના, મોફાટ (રોકીઝ પર્વતમાં કોલોરાડોનો) કૉનૉટ (કૅનૅડા પાસિફિકમાં) અને હૂસૅક (પશ્ચિમ માસાચુસેટ્સમાં) એ અમેરિકાના નાનાનાના બોગદાઓ છે. આ ઉપરાંત હમણાં જ ઇટાલિયન એન્જિનિયરોએ એપિનાઇન પર્વતના પેટમાંથી બે નવા બોગદા તૈયાર કરવાના ખબર મળ્યા છે એક ફ્લોરેન્સ અને બોલોના વચ્ચે ૧૧ માઇલ લાંબો છે; બીજો પણ એટલા જ માઇલ લાંબો છે અને ઇટાલિના બોર્ગાઓ શહેરથી નીકળી છેક ઑસ્ટ્રિયન સરહદ આગળ નીકળે છે. આ નવા ટૂંકા રસ્તાને લીધે મ્યૂનિચ, મિલાન અને જીનોઆ – એ ત્રણ દેશોનાં ત્રણ નગરોને બહુ સીધો સંબંધ બંધાઇ જશે.

ઊંઘ વગર જીવતો માણસ

સાધારણ માણસ એક કે બે રાત ન ઊંઘવાથી કેવો બેચેન થાય છે તે જાણ્યા પછી નીચેના ખબર અજાયબી પેદા કરશે. બુડાપેસ્તનો પૉલ કર્ન નામનો એક અમલદાર છેલ્લાં પંદર વર્ષથી તદ્દન ઊંઘ વગરની જીંદગી ગાળે છે! ૧૯૧૫માં મહાયુદ્ધમાં બંદૂકની ગોળીથી ઘવાવાથી એ કેટલાક દિવસ બેભાન અવસ્થામાં પડી રહ્યો હતો અને એ અવસ્થામાંથી જાગૃત થતા પછી એણે ફરીથી એક પળની પણ ઊંઘ લીધી નથી. ત્યાંના પ્રવીણ ડૉક્ટરોના એક્સ રેના અખતરા અને દવાઓના ડોઝની એના ઉપર કંઈ પણ અસર થઇ નથી. જોકે સામાન્ય રીતે એ સહેજ થાકેલો અને કંટાળેલો દેખાય છે, તોપણ એના કહેવા પ્રમાણે એને હવે ઊંઘની બીલકુલ જરૂર લાગતી નથી. સામાન્ય રીતે તે રાતનો વખત હૉટેલોમાં સંગીત સાંભળતા કે પોતાને ઘેર વિવિધ પ્રકારનાં વાંચનમાં પસાર કરે છે. (પ્રજાબંધુ)

દુનિયાની ગરદીનું શું થાય?

જર્મનીના એક આગેવાન પત્રમાં દુનિયાની વસ્તી ૧,૯૫૦,૦૦૦,૦૦૦ માણસોની હોવાનું સમાચાર જણાવ્યું છે. હાલ તે નીચે પ્રમાણે વહેંચાએલી છે:

યુરોપ: ૯૦ લાખ કિ. મી. ચોરસ વિસ્તારમાં				૬૨૫૦	લાખ વસ્તી	
અમેરિકા: ૫૨૦	,,	,,	,,	૧૪૭૦	,,	,,
એશિયા: ૪૩૦	,,	,,	,,	૧,૦૩૦૦	,,	,,
આફ્રિકા: ૩૦૦	,,	,,	,,	૧૪૦૦	,,	,,
ઑસ્ટ્રેલિયા: ૮૦	,,	,,	,,	૮૦	,,	,,

આ આંકડાઓ પરથી સ્પષ્ટ જણાય છે કે એશિયા સૌથી વધુ ગરદીવાળો ખંડ છે. તે પછી યુરોપ આવે છે. અમેરિકા, આફ્રિકા અને ઑસ્ટ્રેલિયા હજુ વધુ લોકોનો સમાવેશ કરી શકે એમ છે. દરેક ખંડની ધારણશક્તિ (માણસો સમાવવાની શક્તિ)ની ચોકસ ગણતરી કરવામાં આવે તો યુરોપની શક્તિ ૧,૫૦૦૦ લાખ સમાવવાની ગણાય; એવી જ રીતે અમેરિકાની ૧૪૭,૩૩૦૦૦લાખની, એશિયાની ૧,૦૩૦,૧૭૦૦૦ લાખની તથા આફ્રિકાની ૧૪૦,૨૩૦૦૦ લાખની અને ઑસ્ટ્રેલિયાની ૮,૭૦૦૦ લાખની સમાવેશ કરવાની શક્તિ ગણાય એ હિસાબે યુરોપમાં હવે ૮૭૫૦ લાખ માણસો વધી શકે, અમેરિકા ૩,૧૫૩૦ લાખ વધારે માણસો લઈ શકે અને એશિયામાં માત્ર ૬૭૦૦ લાખ જ વધુ સમાય. આફ્રિકા તેથી વધારે દાખલ કરી શકે તેમ છે—એટલે કે ત્યાં ૨૧૬૦૦ લાખ માણસો હજી વસી શકે અને ઑસ્ટ્રેલિયામાં ૬૯૨૦ લાખ જઈ શકે.

આ આંકડાઓ વિચારતાં લાગે છે કે પૃથ્વીના ગરદીવાળા ખંડોમાં થોડા વખત પછી ભીંસણ વધવાની અને તેને લીધે દરેક પ્રજાએ પોતાનાં થોડાં માણસોને મોકળાશમાં વિદાય કરવાં જ પડશે. જેમને મોકળાશ નહિ મળે તે યુદ્ધ કરીને મેળવવા યત્ન કરશે, અથવા ભૂખમરો અને જગ્યાની તંગી વેઠશે. એ ગરદીના પ્રશ્નને લીધે જ રાજદ્વારી સંબંધો ઘડાશે કે બદલાશે. આજે યુરોપનાં રાજ્યોમાં તો ફક્ત એકલા ઇંગ્લંડ પાસે જ છૂટી જગ્યાઓ વધારે પ્રમાણમાં છે; એટલે યુરોપની બીજી પ્રજાઓને મોકળાશ મેળવવા યત્ન કરવો પડશે.

પ્રજાઓ પરસ્પર એખલાસ વધારીને તથા સારા નાતા બાંધીને દુનિયા ઉપર વહેંચાતી જશે ત્યારે જ આ ગરદીનો પ્રશ્ન શમવાનો છે. પ્રજાઓ એકબીજામાં પોતાની સંસ્કૃતિની મેળવણી કરતી જશે તેમ દુનિયા આખીની સંસ્કૃતિ એક જાતનું એકસરખું રૂપ ધારણ કરશે. ખાનપાન, પહેરવેશ શિષ્ટાચાર લગભગ સર્વસામાન્ય બનશે. (લિટરરી ડાઇજેસ્ટ)

ઝાડ પરથી પવનની ગતિ માપવાની રીત

એક ફ્રેન્ચ નિરીક્ષક ઝાડનાં પાદડાં તથા ડાળીઓના હલનચલન પરથી પવનની ગતિ માપવાનું નીચેનું કોષ્ટક આપે છે: પાંદડાં શાંત હોય તથા પવનની લહરીઓ ન જણાતી હોય ત્યારે પવનની ગતિ કલાકે બે માઇલ સુધીની હોય છે. પાંદડાં સહેજસાજ હાલતા હોય અને ભાગ્યે જ કળાય તેવી ધીમી શાંત લહરી આવે ત્યારે પવનની ગતિ કલાકે પાંચ માઇલ જાણવી. પવનના સામાન્ય લહેરખા આવતા હોય અને ડાળીઓ ધીમેથી હાલતી હોય ત્યારે ગતિ કલાકે સામાન્ય રીતે દસ માઇલ હોય છે. ડાળીઓ જ્યારે પવનથી નમતી જણાય ત્યારે તેની ગતિ કલાકે પંદર માઇલ જાણવી. પણ જ્યારે ડાળીઓ ખૂબ ઝૂલવા લાગે ત્યારે આ ગતિ વીસ માઇલની અટકળવી. અને પવનના ઝપાટાથી ઝાડ પરનાં પાંદડાં ખરી પડતાં દેખો ત્યારે આ ગતિ પચીસ માઇલની જાણજો. પવનનું તોફાન થાય અને કુમળી ડાળો ભાંગી જાય ત્યારે પવનની ગતિ પાંત્રીસ માઇલની ગણાય છે; અને એ તોફાન વધે ને મજબૂત ડાળીઓ પણ ભાંગી પડે ત્યારે એ ગતિ કલાકે પંચાવન માઇલની જાણવી. ભીષણ વાવાઝોડું થાય અને ઘરનાં છાપરાંનાં નળિયાં ઊડવા લાગે ત્યારે વેગ કલાકે લગભગ એંશી માઇલનો હોય છે. —રેવાશંકર ઓ. સોમપુરા

દ્રાક્ષ

દ્રાક્ષનું મૂળ જૂનું સ્થળ મેસોપોટેમીઆ કહેવાય છે; પરંતુ ઘણા લાંબાકાળ પૂર્વે આર્ય લોકો દ્રાક્ષમાંથી મદિરા બનાવતા તે વાત કોઇથી અજાણી નથી; અને તેથી જ ઐતિહાસિક નોંધ ઉપરથી એમ કલ્પી શકાય કે દ્રાક્ષનું મૂળ હિંદ હોવું જોઇએ.

મુંબાઇ ઇલાકામાં દ્રાક્ષનું વાવેતર લગભગ ૧૦૦૦ એકરનું છે. આમાંથી લગભગ ૭૫ ટકા ફક્ત નાસિકમાં અને આસપાસની જમીનોમાં માલૂમ પડે છે. બાકી રહેલા ૨૫ ટકા પાકનો મોટો ભાગ જુન્નર અને અહમદનગર તાલુકામાં થાય છે.

ખાસ કરીને દ્રાક્ષની બે જાત નજરે પડે છે: લીલી અને કાળી. (૧) લીલીમાં ભોકરી, પાંડરી સાહેબી (ધોળી) અને ફક્કડી એવી ત્રણ જાત હોય છે અને (૨) કાળીમાં બ્લૅક પ્રિન્સ, કાળી સાહેબી અને નીલમ એવી ત્રણ જાત થાય છે. લીલી દ્રાક્ષમાં ફક્કડી સૌથી સ્વાદિષ્ટ અને ઉત્તમ ગણાય છે. કાળી દ્રાક્ષમાં કાળી સાહેબી સૌથી શ્રેષ્ઠ ને ઉત્તમ મનાય છે.

શહેરોમાં જ્યાં મારકીટો હોય છે ત્યાં તો લીલી દ્રાક્ષ વેચી નાખવામાં આવે છે. પરંતુ જો દ્રાક્ષનું વાવેતર મોટા પ્રમાણમાં હોય અને લીલા પાકની આવક ઓછી આવે તેમ હોય તો લીલી દ્રાક્ષ ન વેચતાં તેને સુકવી નાખે છે. દ્રાક્ષ સુકવવાની રીત નીચે મુજબ છે. દ્રાક્ષનો પાક ઉતારી લીધા પછી ફળ ઉપર ચિકાશવાળો પદાર્થ હોય છે તે કાઢી નાખવો જોઇએ છે, કારણકે સુકવતી વખતે અંદરનું બધું પાણી ઊડી જવું જોઇએ; અને જો આ ચિકાશવાળો પદાર્થ કાયમ રહે તો અંદરનું પાણી એકદમ સુકાઈ શકતું નથી ને ફળમાં દારૂના જેવી દુર્ગંધ બેસી જાય છે. આટલા માટે ફાલ લીધા પછી દ્રાક્ષને નાની કોથળીમાં ભરીને ઊકળતા પાણીમાં બોળી ધોઇ નાખે છે. આથી ચિકાશવાળો ભાગ ધોવાઇ જાય છે. પછી દ્રાક્ષને સુકાતાં બહુ થોડો વખત લાગે છે.

દ્રાક્ષનાં ફળ એકસરખાં જ સુકાવાં જોઇએ. તેથી ફળને સુકવ્યા પછી તરત જ નાની લાકડાની પેટીમાં પૅક કરવામાં આવે છે. તેથી જ દરેક ફળ લગભગ સરખી રીતે સુકાએલું જણાય છે. આ પ્રમાણે સૂકી દ્રાક્ષ તૈયાર થાય છે.

(હસ્તલિખિત કૃષિવિજ્ઞાન) —શાંતિલાલ ઠાકોર

આંખનાં દરદો વિષે થોડુંક

આંખનાં દરદો તો ઘણી જાતનાં થાય છે, પણ ત્રણ દરદો આપણામાં સર્વ સાધારણ છે. તેમાંનું પહેલું તે ખીલ (ટ્રાકોમા). આ દરદ નાની વયમાં પણ ઘણાંને હોય છે અને સારી દાકતરી મદદ વડે કાળજીપૂર્વક ઉપચાર કરવાથી ટાળી શકાય છે; છતાં તે ઘણી વાર ફરી ઉપડી આવે છે અને કેટલીકવાર અસાધ્ય બને છે. આ દરદ ઉત્પન્ન કરનાર જંતુને જાપાનની ડૉ. નોગૂચીએ પકડી પાડયાં છે. એ ડૉ. નોગૂચી તો જોકે તે પછી પીળા જ્વરની શોધ કરતાં તેના જંતુનો ભોગ થઇ પડયા હતા, પણ તેમણે ખીલના જંતુની આ કરી રાખેલી શોધથી તે દરદ મટાડવાનો ઇલાજ હવે જલદી જડશે.

આંખના બીજા બે રોગ તો એવા છે કે જેની બાબતમાં સત્વર કાળજી ન રખાય તો અંધાપો જ આવે છે. તે મોતીઓ (કૅટૅરૅક્ટ) અને ઝામરો (ગ્લૉકોમા). મોતીઆ માણસને પાકટ વયે ઊતરવા માંડે છે. તેને લીધે આંખમાં પહેલાં આછુંઆછું વાદળું બંધાય છે ને તે ધીમેધીમે નજર બંધ કરવા માંડે છે અને છેવટે કંઇ જ દેખાતું નથી. આ મોતીઆ દૂર કરવાને ઑપરેશન કરાવવું જોઇએ. ઘણું ભાગે તેને પાકવા દેવા પડે છે; પણ તે પૂરા પાકે તે પહેલાં પણ ઑપરેશનથી દૂર થઇ શકે છે. આંખના સર્જનો બહુ જ સરળપણે કાપકૂપથી તે કઢાવી લે છે.

ઝામરો પણ સામાન્ય રીતે જીંદગીના પાછલા ભાગમાં થાય છે. આંખની કીકી ઉપર દબાણ વધતાં તે થવા પામે છે. આંખ પર તેનો ઘાટ સાચવવા અમુક હદનું દબાણ જરૂરી છે, પણ તેથી વધારેપડતું દબાણ થાય તો આંખના રેસાઓ કચરાય છે અને જોવાનું બંધ થાય છે. આ દરદની નિશાની તરીકે પહેલાં પ્રકાશની આસપાસ રંગીન કુંડાળાં દેખાય છે, તે પછી થોડો વખત ઝાંખપ લાગે છે અને પછી દૃષ્ટિ સંકેલાતી

જાય છે. ઝામરો શરૂઆતમાં હોય તો કુશળ શસ્ત્રક્રિયાથી કાઢી શકાય છે, પણ જો મોડું થાય તો મુશ્કેલ બને છે. ઘણી વાર આવા દરદીઓ વેળાસર આંખના દાકતરને આંખ બતાવતા નથી અને દરદ વધ્યે જાય છે; પછી છેવટે અસાધ્ય થઇ ગયે પસ્તાય છે. ઝામરા અને મોતીઆનાં દરદને ઘણા એકસરખાં માની લે છે, કેમકે તેની અસર આંખની દૃષ્ટિને એકસરખી અટકાવનારી હોય છે. પણ આ બાબતમાં હંમેશાં શરૂઆતથી જ હોશિયાર દાકતરની સલાહ લેવી જરૂરની છે.

હવામાંથી રેશમ અને કાગળ બનશે !

કોશેટાના જીવડાએ બનાવેલા રેશમને બદલે બનાવટી રેશમ તો હવે બહુ જ પ્રચલિત થઇ ગયું છે. કાગળની પેઠે તે પણ ઝાડના માવામાંથી બનાવી શકાય છે, અને યુરોપમાં તો ઢગલા મોઢે બનતું હોઇ બહુ સસ્તું અને લોકપ્રિય થઇ પડયું છે. પણ હમણાં જાણીતા વિજ્ઞાનશાસ્ત્રી ડૉ. હબૅર્ટ લેવિન્સ્ટીને લંડનમાં જે આગમવાણી ઉચ્ચારી છે તે ખરી પડે તો તો ઘેરેઘેર એ રેશમ જ વપરાવા લાગે. એમણે કહ્યું કે શોધખોળો વડે એટલું તો સાબિત થયું છે કે ઝાડના જે માવા (વૂડપલ્પ)માંથી કાગળ અને રેશમ બને છે તે માવાનાં અને સાકરનાં રાસાયનિક તત્ત્વો એક જ છે. અને વિજ્ઞાનીઓએ હવામાંના કાર્બન-ડાયોકસાઇડ તથા વરાળના તત્ત્વો વડે સાકર તો ક્યારની બનાવવા માંડી છે. એટલે એનો અર્થ એ કે હવામાંથી જેમ એ સાકર બની તેમ પેલો રેશમ અને કાગળ બનાવવાનો માવો પણ કેમ ન નિપજે? અને એ નિપજે એટલે પછી હવામાંથી રેશમના તાકા અને કાગળનાં રીમ જ ઉતારવાનાં રહ્યાં કે બીજું કાંઇ ? પરમેશ્વરે આ જ્ઞાનની સહાય અણીને વખતે મોકલી જણાય છે, કેમકે કાગળનો માવો બનાવવાનાં વૃક્ષોવાળાં કેનેડા અને નૉર્વેનાં જંગલો હવે બહુ ઝડપથી ખતમ થવા માંડયાં છે. દુનિયા કાંઇ ઓછો કાગળ ખાય છે ?

કુમાર હિંદી વિમાનીઓ

થોડા દિવસો પહેલાં કરાંચીના વૈમાનિક મથકેથી બે નવજવાન હિંદીઓએ એક નાનકડા વિમાનમાં ઇંગ્લંડ જવાનું સાહસ ખેડયું. કશી પણ ધમાલ કે દેખાવ વિના તેમણે મૂંગામૂંગા નિશ્ચય કરી લીધો અને ઉપડયા. ૧૭ વર્ષના એક ભાઇ એન્જિનિયરને યાંત્રિક તરીકે લઇ, પંજાબી નવજવાન ભાઇ ચાવલાએ અડગ હિંમત અને અપાર સાહસિકતાથી ઇંગ્લંડ પહોંચવાની પોતાની હોંશ સફળ કરી. આજના દેશકાળમાં તો એ બન્ને કુમારવીરોને વધુ ધન્યવાદ ઘટે છે, કેમકે પરદેશી તંત્ર નીચે ભારતની જવાનીને કરમાવી નાખવામાં આવી છે: તેને શૌર્ય અને સાહસ બતાવવાની તક અપાતી નથી. છતાં જ્યાંજ્યાં અને જ્યારેજ્યારે એ તક મળે છે ત્યાંત્યાં અને ત્યારેત્યારે ભારતવાસીઓ પ્રત્યેક ક્ષેત્રમાં જગતની કોઈ પણ પ્રજા જેટલાં પરાક્રમો બતાવી શકે છે એ વાત આ ક્ષેત્રમાં ચાવલા અને એન્જિનિયરે એક વધુ વાર સિદ્ધ કરી છે. તેમની સાથેના ભાઇ એન્જિનિયર પારસી છે; ગુજરાતીઓ માત્ર વ્યાપારધંધા સિવાય બીજા ક્ષેત્રમાં સાહસ બતાવી શકતા નથી, એ મહેણું હવે તો ગુજરાતીઓએ ટાળ્યું છે. (નવયુગ)

દેશનો પ્રાણ—ખેડુત

અત્યારે જાણ્યે અજાણ્યે પણ મહાસભાના ફરમાન કોઈ સાચા દિલથી પાળતું હોય તો તે ખેડુત છે. એના અંગેઅંગમાં તાકાત ભરી છે, છતાં એ હાડનો રાંક છે એટલે હુકમની હૂંડી સમો હવાલદાર તેને હડધૂત કરે છે. દેશના વાણિયાબ્રાહ્મણો ખેડુતની વિટોટી વડે નભતી શાળાઓમાં વિનામૂલ્યે શિક્ષણ લે છે; અને પછી એ જ મહાજન તલાટી, મહાલકારી કે કોઇ અમલદાર થઇ એ જ ખેડુતોને રંજાડે છે, એને પાયમાલ કરવાની નવીનવી યોજનાઓ 'અન્નદાતા' મહારાજા કે સરકાર માબાપને સૂઝાડે છે. અને ખેડુતોનાં સંતાન બિચારાં એ શાળામાં જવાને બદલે ચોમાસાની મેઘલી રાત, શિયાળાના સખત પરોઢ અગર ઉનાળાના ધોમ તડકામાં અડવાણે પગે ને ઉઘાડે માથે મરતી મેંયાને રીઝવી રહ્યા હોય છે. ખેડુતો પેટવડીએ અવિરામ ઉદ્યોગ કરે છે અને ઉજળિયાત પ્રજા એની મજૂરી પર, એના તપ પર, એની શક્તિ પર તાગડધિન્ના કરે છે. અને છતાં આ ભૂમિપુત્ર નિરક્ષર છે એટલે અક્કલહીણો ગણાય છે, રાંક સ્વભાવનો છે એટલે વધુ રીબાય છે. એને સરકાર દરબારમાં પ્રતિષ્ઠા નથી, અને સમાજમાં તે અજડ અગર બુડથલ તરીકે ઓળખાય છે.

ખેડુતોનું આરોગ્ય સચવાય એવા કોઇ પ્રયત્નો કરતું નથી, છતાં તે તંદુરસ્તીનો આદર્શ હોય છે. એને અક્ષરજ્ઞાન આપવાની કોઇને દરકાર નથી, છતાં તે સંસ્કારિતાનો સાચો ઉપાસક હોય છે. સોરઠી ખેડુતનું દુહા સાહિત્ય તો જુગજૂનું અને દુનિયાભરમાં અજોડ છે. સોરઠી ખેડુતની ગૃહરચના, એનો પહેરવેશ, એના અલંકાર, એ તમામમાં ઉચ્ચતમ કળાની અપૂર્વ કારીગરી નજરે પડે છે. એના બળદની ઝૂલ જુઓ, એની ઓઢણીની કારીગરી જુઓ, એના ટોડલીઆ ને પછીત-પાટીના શણગાર જુઓ. ખેડુતની સૌએ ઉપેક્ષા કરી છે છતાં એ પોતાના સ્વભાવ ને સંસ્કાર અખંડ જાળવી શકયો છે.

શક્તિની સાધના ચીસો પાડયે નહિ થાય. મૂંગે મોંએ મળે તે કામ કરી છૂટવાનો દરેક જુવાન નિરધાર કરે તો એક દાયકામાં દેશના દીદાર ફરી જાય. ખેડુતોનો પ્રશ્ન એ દેશનો પ્રાણપ્રશ્ન છે. એ સંતોષી હશે તો ધરતીમાં ધાન્ય અખૂટ રહેશે. એ તંદુરસ્ત હશે તો સ્વાધીન હિંદનું રાષ્ટ્રીય સૈન્ય વધશે. એ શિક્ષિત હશે તો એકે અમલદાર કે એકે ભૂપાળ આ ભૂમિપુત્રો પર સિતમ ગુજારી શકશે નહિ. એટલે દેશને સર્વાંગ સમૃદ્ધ બનાવવા માટે શક્તિની સાધનામાં શ્રદ્ધા હોય તે તમામે ખેડુતોના ભેરૂ બનવું ઘટે છે. (સૌરાષ્ટ્રમિત્ર)

જાપાનના સ્વાતંત્ર્યયુદ્ધ વખતે છેલ્લો કિલ્લો જીતતાં બહુ મુશ્કેલી નડી. સેનાધીશે ૧૦,૦૦૦ નવા સૈનિકોની ભરતી માટે વિજ્ઞપ્તિ બહાર પાડી. એક જ દિવસમાં ૫૦,૦૦૦ અરજીઓ મળી. એ બધાને કૈં લડવા જવાનું નહોતું; માત્ર કિલ્લા પાસેની ખાઇઓમાં પડી ખાઇઓ પૂરવાની હતી. આ યુવકો માટીની માફક એ ખાઇઓમાં ધરબાયા અને તે પર થઇ જાપાની લશ્કરે ખાઇ ઓળંગી કિલ્લો જીત્યો. 'તે' જાપાન આજે સ્વતંત્ર છે.

રાત્રે ભેંસના દૂધમાં આખા ચણા પલાળી રાખીને સવારે ખાવા એ સરસમાં સરસ યાકુતી (પૌષ્ટિક દવા) છે.

નીચલું વાક્ય ભૂલ કર્યા વિના તેમજ અચકયા વિના ઝડપથી બોલી શકો તો સમજજો કે તમારી જીભ સ્પષ્ટ અને ધાર્યા ઉચ્ચાર કરવા માટે બરોબર કેળવાએલી છે: "પાંચ પાપડ કાચા કાકા, પાંચ પાપડ પાકા કાકા, પાકા પાકા જમો કાકા, કાચા મૂકો પાછા."

દક્ષિણ અને મધ્ય અમેરિકામાં થતું બાલસાનું લાકડું દુનિયા આખીમાં હલકામાં હલકું ગણાય છે. એના એક ઘન ફુટનું વજન ૭॥ રતલ થાય; બૂચ કરતાં પણ અરધું! પણ એમાં મજબૂતી ન હોવાથી ઝાઝા ઉપયોગમાં નથી આવતું; હમણાં હમણાં એરોપ્લેનની બનાવટમાં એનો ઉપયોગ શોધી કઢાયો છે.

ઉનાળાના દિવસો આવ્યા: સાથે અળાઇઓ પણ આવવાની. થોડા ઉપાય: કેરીનો રસ શરીરે ચોપડી નહાવાથી મટશે; કેરીની ગોટલી વાટી શરીરે ચોળી નહાવું કે પાણીમાં સારૂં રસદાર લીંબુ નીચોવી નહાવું, દૂધની મલાઇમાં સુખડ અને ઝિંક ઑક્સાઇડ મેળવીને ચોળવાથી અળાઇઓ, તથા તેથી થતાં ગરમીનાં ગુમડાં (ધામીઆં) પણ મટશે.

કેટલાંક ઢોર, બકરાં વગેરે પોતાનાં આંચળ પોતે જ મોંમાં લઇ ધાવી જાય છે એને 'આપ-ધાવ' કહે છે.

ખજૂરનું શરબત

ઠળિયા અને કચરો કાઢી સાફ કરેલા પાશેર ખજૂરને એક શેર પાણીમાં રાત્રે પલાળી મૂકો. બીજે દિવસે પાણીમાં તેનો કસ બધો પચી જઇને કૂચા સહેજે છૂટા થઇ આવે એવો બની જશે. તેને સારી પેઠે ચોળી વસ્ત્રગાળ કરી લઇ કૂચા કાઢી નાખો એટલે શરબત તૈયાર થયું. એ માત્ર સ્વાદિષ્ટ અને શીતળ જ નહિ પણ સત્ત્વશાળી ને સોંઘું પણ છે.

ગાયના છાણના સૂકા અડાયાને બાળી તેની રાખ થએલા પોડાને આખું ને આખું મીઠાના પાણીમાં બોળી દેવુ. સુકાયા પછી શીશીમાં ભરી દંતમંજન તરીકે વાપરજો. ઉત્તમ ગુણકારી છે.

કોળાને કાપ્યા વિના તેનાં બી જાણવાં હોય તો, કોળાની જેટલી રેખા હોય તેને દસે ગુણો ને તેમાં સાત ઉમેરીને ત્રણે ભાગો. જે આવે તેટલાં બી તેમાં હશે. ધારો કે કોળાને ૧૮ રેખા છે; તો ૧૮×૧૦=૧૮૦+૭=૧૮૭ ÷૩=૬૨. એટલે કે તેમાં ૬૨ બી છે. શેષ ૧ વધે તો જાણવું કે એક બી નાનું છે, કે નહિ જેવું છે. (લિ. ભટ્ટ)

ગરમાગરમ વસ્તુ કાચના વાસણમાં નાખતી વેળા રૂપાના સળિયા કે ચમચા વડે તેને હલાવતા જવાથી કાચ તૂટશે નહિ, કેમકે રૂપામાં ગરમીને શાંત કરવાનો ગુણ છે. રૂપાના ચમચાથી વાસણ એકદમ ગરમ થતું અટકે છે ને તૂટતું નથી.

ફૂલદાનના પાણીમાં થોડો ચારકોલનો ભૂકો કે કપુર, અથવા છેવટે થોડોક વાદળી રંગ નાખતા રહેશો તો એથી ફૂલો વધારે વખત પ્રફુલ્લ રહેશે.



કચ્છી ઘોડીનો આ સાજ કચ્છના જ એક રજપુતભાઇએ ગૂંથીગંઠીને ઘેર બનાવ્યો છે: (૧) મોવડ (૨) કલગી (૩) કોટિયું (૪) વાઘ ને (૫) સરક.

માસ્તર—રમણ, જેમાં દૂધ હોય એવી પાંચ વસ્તુનાં નામ બોલ જોઇએ.


રમણ—દૂધપાક, બાસુદી, આઇસક્રીમ, સ્પેશ્યલ ચાહ અને ગાય.

કાગળના વેપારીઓ ઉધઈના ઉપદ્રવથી બચવાને પોતાની વખારોમાં ડાંગરનાં ફોતરાં નાખે છે. ઉધઇ ડાંગરનાં ફોતરામાં અસર કરી શકતી નથી.

શાર્ક માછલી કલાકના ૧૭ થી ૨૦ માઇલની ઝડપે દરિયામાં તરી શકે છે.

ડુંગળીના કચુંબરની વાસ દૂર કરવા તેમાં પાકાં ટમાટાં નાખી જોજો. સાથે સ્વાદિષ્ટ ને પૌષ્ટિક પણ બનશે.

પાવલીભાર નાગકેસર માખણ ને સાકર સાથે રોજ ખાવાથી હરસ મટે છે.



એક જાડા કાર્ડમાંથી ચાર ઇંચ વ્યાસનું ગોળ ચક્કર કાપીને ચિત્રમાં બતાવ્યા મુજબ તેના મધ્યબિંદુમાંથી પસાર થતી આઠ લીટીઓ દોરો અને એ દરેક લીટી પર જુદાજુદા રંગની જાડી લીટીઓ ચીતરો. હવે ચક્કરના મધ્યબિંદુમાં ઝીણી ખીલી ભરાવી એને ચકરડીની માફક ફેરવો, એટલે એ ચકરડીના મથાળા પર જુદીજુદી ગોળ લીટીઓ મધ્યબિંદુ તરફ જવા દોડતી હોય એવો દેખાવ થશે.